ॐ

॥ श्री ॥

સિદ્ધાચલ મહાતીર્થ-
સ્તવનાવલી.

પ્રકાશક-

ભાવસાર ગાંડાલાલ માનચંદ

વરતેજ

॥ શ્રી ॥

સિદ્ધાચલ મહાતીર્થ-

સ્તવનાવલી.

(શ્રી સિદ્ધાચળજી અને ચોવીશ તીર્થંકર
પ્રભુનાં ચૈત્યવંદનો, સ્તવનો, અને
સ્તુતિઓનો સંગ્રહ.)

પ્રકાશક-

ાવસાર-ગાંડાલાલ માનચંદ-વેલાણી
વરતેજ.

પ્રત ૧૦૦૦

ીર સં. ૨૪૪૯ } ✻ { આત્મ સં. ૨૯
ક્રમ સં. ૧૯૭૯ } ✻ { ઈસ્વી સન ૧૯૨૩

સિદ્ધગિરિ-સ્તુતિ.

લાગે છે આ દિવસ સઘળો, આજ આનંદકારી,
દેખી શૃંગો સિદ્ધગિરિ તણાં, સૌખ્ય સૌંદર્યકારી;
આત્માનંદી ગુરૂ ગુણ ગ્રહે, ભક્તિ ભાવેથી પૂર્ણ,
તે માટે શ્રી ગિરિવર કરો, પાપ સઘળાંજ ચૂર્ણ.

આ બુક અમદાવાદ-શ્રી વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ કેશવલાલ દલસુખભાઈએ છાપી.

૧૧૨૦૯

ગુરૂ-સ્તુતિ.

પ્રસારી જૈનોની, જયવર્તિ જયશ્રી જગતમાં,
ગજાવી ગર્જીને, જિનમત સુવાણી દ્રઢતમાં;
બજાવી બાહોશે, ફરજ મુનિની હારી મદને,
સ્મરો તે સ્નેહથી, વિજાય વિજયાનંદ પદને.

પ્રસ્તાવના.

વિક્રમ સંવત્ ૧૯૭૨ માં મ્હારા પરમોપકારી ગુરૂવર્ય ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજ શીહોરમાં બિરાજતા હતા, ત્યારે તેઓશ્રીના દર્શનાર્થે ઘણી વખત મ્હારે ત્યાં જવાનું થતું. એક વખતે મ્હેં આ પ્રકારની સ્તવનાવળી છપાવવાંનો મ્હારો વિચાર ગુરૂવર્યના પ્રશિષ્ય અને પૂજ્ય પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રીમંગળવિજયજીને પ્રદર્શિત કર્યો, અને તૈયાર કરી આપવા વિનંતિ પણ કરી, જેથી તેઓએ જૂદી જૂદી બુકોમાંથી આ સ્તવનાદિકનો સંગ્રહ કરી આપ્યો હતો, તેને છપાવવાની શરૂઆત પણ તેજ વખતે થયેલ, પરંતુ કારણ

વશાત્ કામ અટકાવેલ, તેને આજે લાંબા સમયે તૈયાર કરાવી તીર્થભક્તિ રસિક મ્હારા ધર્મબંધુઓને સમર્પણ કરવાનો સુઅવસર મળવાથી મ્હને પરમ સંતોષ થાય છે.

જે ભૂમિ મહાપુરૂષોના ચરણ કમળથી સ્પર્શિત થયેલી હોય અને જેના સ્પર્શન દર્શન અને ભક્તિથી સંસાર રૂપ સમુદ્ર તરાય તેને તીર્થ કહેવામાં આવે છે. તેવાં સિદ્ધાચળ અને સમ્મેતશિખરાદિ અનેક તીર્થો છે, પરંતુ તે સર્વમાં ઉત્તમોત્તમ તીર્થ તો સિદ્ધાચળજ છે. કારણ કે એ તીર્થાધિરાજે અનંતા મહાત્માઓ પધાર્યા અને સિદ્ધિપદને પામ્યા, વળી ભવિષ્યકાળમાં પણ પધારશે અને શિવસુખને મેળવશે, જેથી એ મૂખ્ય સર્વોત્તમ અને મહાતીર્થ કહેવાય તે સ્વભાવિક છે.

જ્યારે અનેક મહાત્માઓના સ્પર્શન અને મુક્તિ ગમનથી એ ભૂમિ મહાપવિત્ર બનેલ છે ત્યારે તે ભૂમિનું વાતાવરણ પણ શુદ્ધ હોય અને તેથીજ શુભ ભાવને ઉત્પન્ન કરનારૂં થાય તે પણ તદ્દન સાચુંજ છે. માટે માનવજીવન સફળ કરવાના અભિલાષીઓએ એ તીર્થાધિરાજનું વારંવાર સ્પર્શન દર્શન અને ભક્તિ કરવા ખાસ ધ્યાન દેવું જોઇયે. અને તેમાં—ભક્તિમાં-ભાવસ્તવમાં ખરેખર આ બુક અત્યંત ઉપયોગી બનશે એ પણ નિઃસંશય વાત છે.

ઘણું કરીને આજકાલ એક યાત્રામાં પાંચ ચૈત્યવંદન કરવાનો રીવાજ દૃષ્ટિગોચર થાય છે. તેથી આ બુકની શરૂઆતમાં પાંચ મધ્યમ ચૈત્યવંદન મૂકવામાં આવ્યાં છે. બાદ વધારાનાં શાંતિનાથપ્રભુનાં ચૈત્ય-

વંદન, સ્તવન અને સ્તુતિ દાખલ કરેલ છે. પછી સિદ્ધાચળજી અને ઋષભદેવ પ્રભુનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિઓ, તથા એકવીશ અને એકસો આઠ ખમાસમણના દુહા, સીમંધરસ્વામીનાં ચૈત્યવંદનાદિ અને તેના પછી ઋષભદેવ અને શાંતિનાથપ્રભુ શિવાયના બાકી રહેલ બાવીશ પ્રભુનાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિઓ ક્રમસર દાખલ કરવામાં આવેલ છે.

સદરહુ બુકના સંગ્રહ અને સંશોધન બદલ મહારાજ શ્રી મંગળવિજયજી મહારાજશ્રીનો અને બે ફોર્મના પ્રુફોના અવલોકન માટે વઢવાણ કેમ્પ નિવાસી ધર્મબંધુ શાહ મગનલાલ વાઘજીભાઇનો આભાર માનવાનું પણ હું આ સ્થળે ભૂલતો નથી.

જો કે આ બુકને શુદ્ધ કરવા તરફ પૂરતું

ધ્યાન અપાયું છે, તો પણ પ્રેસ ઉપર ફ્રા- રમો ચડયા પછી (િ) આ ઇકારોના અડધા ઉપરના ભાગ, રેફ અને ટાઇપનું ઉડી જવું, ખસી જવું વિગેરે પ્રેસ દોષ થવા પામ્યો છે તેને તથા દૃષ્ટિથી થયેલ દોષને સુધારી વાંચવાની ભલામણ કરી વિરમું છું.

વિક્રમ સં–૧૯૭૯.	ભાવસાર,
વીર નિર્વાણ તિથિ.	ગાંડાલાલ માનચંદ.
વરતેજ.	પ્રોપ્રાઇટર.

અમ્હારા તરફથી છપાવી ભેટ અપાયેલ અને અપાતાં પુસ્તકો.

१ પર્યુષણાષ્ટાન્હિકા વ્યાખ્યાન ભાષાંતર...(શાસ્ત્રી)
२ શ્રીપાળ ચરિત્ર સત્યરાજ ગણિકૃત ...(સંસ્કૃત)
३ પ્રશ્નોત્તર સંગ્રહ ... ...(હિંદી)
४ અભક્ષ્ય અનંતકાય વિચાર... ...(ગુજરાતી)
५ ઉપાધ્યાયજી શ્રીવીરવિજયજી જીવનચરિત્ર (શાસ્ત્રી)
६ શ્રીસિદ્ધાચળ મહાતીર્થ સ્તવનાવળી.. (ગુજરાતી)

ભાવસાર ગાંડાલાલ માનચંદ.
વરતેજ-(કાઠીયાવાડ)

उपाध्यायजी—



"श्री १००८ श्रीमद् वीरविजयजी महाराज।"

PHŒNIX P. WORKS.

" ગુરૂ-સ્તુતિ. "

" વસંતતિલકા-છંદ. "

સંગીત જાણ પ્રતિભા સુર તાલ સાધે,
મીઠા સ્વરે લલિત ગાય પ્રમોદ વાધે;
સૂત્રાર્થ દેઇ શિષ્યને કરતા સવાયા,
શ્રી વીરવિજય નમો ગુરૂ ઊવઝાયા-૧

" અનુક્રમણિકા. "

નામ	પૃષ્ઠાંક.
૧ સ્તુતિઓ	
૨ ચૈત્યવંદન પહેલું (તલાટીએ કરવાનું)	૨
૩ ચૈત્યવંદન બીજું (શ્રીશાંતિનાથપ્રભુનું)	૮
૪ ચૈત્યવંદન ત્રીજું (રાયણ પગલાંનું)	૧૧
૫ ચૈત્યવંદન ચોથું (શ્રીપુંડરીકસ્વામીનું)	૧૪
૬ ચૈત્યવંદન પાંચમું (શ્રીમૂળનાયક પ્રભુનું)	૧૬
૭ શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન	૨૦
૮ શ્રી શાંતિનાથ પ્રભુનાં સ્તવન	૨૧
૯ શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ	૩૧
૧૦ શ્રી સિદ્ધાચળનાં ચૈત્યવંદન	૩૨
૧૧ શ્રી આદીશ્વર પ્રભુનું ચૈત્યવંદન	૩૪
૧૨ શ્રી પરમાત્માનું ચૈત્યવંદન	૩૫–૩૭
૧૩ શ્રી સામાન્ય જિન ચૈત્યવંદન	૩૬
૧૪ શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન	૩૭–૩૮
૧૫ શ્રી સિદ્ધાચળ અને ઋષભદેવપ્રભુનાં સ્તવન.	૩૯
૧૬ શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન	૮૩

નામ				પૃષ્ઠાંક
૧૭ શ્રી શત્રુંજયની સ્તુતિઓ ...	...	...	...	૮૭
૧૮ શ્રી આદીશ્વરપ્રભુની સ્તુતિ	...	...	...	૯૦
૧૯ શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ	...	...	...	૯૧
૨૦ શ્રી શત્રુંજય તીર્થ સંબંધી ૨૧ ખમાસમણના દુહા				૯૨
૨૧ શ્રી સિદ્ધગિરિનાં ૧૦૮ ખમાસમણના દુહા				૯૯
૨૨ શ્રી સીમંધરસ્વામી ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ				૧૧૪
૨૩ શ્રી અજિતનાથ પ્રભુ	,,	,,	,,	૧૧૮
૨૪ શ્રી સંભવનાથ પ્રભુ	,,	,,	,,	૧૨૦
૨૫ શ્રી અભિનંદન સ્વામી	,,	,,	,,	૧૨૫
૨૬ શ્રી સુમતિનાથ પ્રભુ	,,	,,	,,	૧૨૭
૨૭ શ્રી પદ્મ પ્રભુ ,,	,,	,,	,,	૧૩૨
૨૮ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ	,,	,,	,,	૧૩૩
૨૯ શ્રી ચંદ્રપ્રભુ ,,	,,	,,	,,	૧૩૭
૩૦ શ્રી સુવિધિનાથ પ્રભુ	,,	,,	,,	૧૩૯
૩૧ શ્રી શીતલનાથપ્રભુ	,,	,,	,,	૧૪૧
૩૨ શ્રી શ્રેયાંસનાથપ્રભુ	,,	,,	,,	૧૪૪
૩૩ શ્રી વાસુપૂજ્યસ્વામી	,,	,,	,,	૧૪૬
૩૪ શ્રી વિમલનાથપ્રભુ	,,	,,	,,	૧૪૮

નામ				પૃષ્ઠાંક
૩૫ શ્રી અનંતનાથપ્રભુ	,,	,,	,,	૧૫૦
૩૬ શ્રી ધર્મનાથપ્રભુ	,,	,,	,,	૧૫૩
૩૭ શ્રી કુંથુનાથપ્રભુ	,,	,,	,,	૧૫૬
૩૮ શ્રી અરનાથપ્રભુ	,,	,,	,,	૧૫૮
૩૯ શ્રી મલ્લિનાથપ્રભુ	,,	,,	,,	૧૬૦
૪૦ શ્રી મુનિસુવ્રતસ્વામી	,,	,,	,,	૧૬૨
૪૧ શ્રી નમિનાથપ્રભુ	,,	,,	,,	૧૬૪
૪૨ શ્રી નેમિનાથપ્રભુ	,,	,,	,,	૧૬૬
૪૩ શ્રી પાર્શ્વનાથપ્રભુ	,,	,,	,,	૧૭૨
૪૪ શ્રી મહાવીરસ્વામી	,,	,,	,,	૧૮૦
૪૫ શ્રી સમ્મેત શિખરજીનું સ્તવન				૧૯૨
૪૬ શ્રી સિદ્ધસ્વરૂપ દર્શક–પૂજા				૧૯૩
૪૭ શ્રી જિન નવ અંગ પૂજાના દુહા... ...				૧૯૫

" स्तुतिओ। "

" शार्दूलविक्रीडितम्। "

पूर्णानन्दमयं महोदयमयं, कैवल्यचिद्दृङ्मयं,
रूपातीतमयं स्वरूपरमणं, स्वाभाविकीश्रीमयम।
ज्ञानोद्योतमयं कृपारसमयं, स्याद्वादविद्यालयं,
श्रीसिद्धाचलतीर्थराजमनिशं, वन्देऽहमादीश्वरम् १

नेत्रानन्दकरी भवोदधितरी, श्रेयस्तरोर्मञ्जरी,
श्रीमद्धर्ममहानरेन्द्रनगरी, व्यापल्लताधूमरी।
हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी,
मूर्त्तिः श्रीजिनपुङ्गवस्य भवतु, श्रेयस्करी देहिनाम् २

विश्वानन्दकरी भवाम्बुधितरी सर्वापदां कर्त्तरी,
मोक्षाध्वैकविलङ्घनाय विमला विद्या परा खेचरी।
दृष्ट्या भावितकल्मषापनयने बद्धा प्रतिज्ञा दृढा,
रम्यार्हत्प्रतिमा तनोतु भविनां सर्वं मनोवांछितम् ३

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम्।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥ ४ ॥

दर्शनाद् दुरितध्वंसी, वन्दनाद् वांछितप्रदः।
पूजनात् पूरकः श्रीणां, जिनः साक्षात् सुरद्रुमः॥ ५

શ્રી આદીશ્વર શાંતિ નેમિ જિનને, શ્રી પાર્શ્વ વીર પ્રભો, એ પાંચે જિનરાજ આજ પ્રણમું, હેતે ધરી હે વિભો; કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ, એહવા ગૌતમસ્વામી લબ્ધિ ભરીઆ, આપો સદા સન્મતિ ॥ ૬ ॥

" હરિગીત. "

આનંદપૂર્ણ અનંતજ્ઞાન સહિત મહોદયવંત જે, નિજરૂપમાં રમતા સહજ લક્ષ્મી સહિત ભગવંત જે; રૂપે અતીત કૃપા સમુદ્ર સુજ્ઞાન જ્યોતિર્મય સદા, સ્યાદ્વાદધામ વિમલગિરીશ નમું પ્રથમ જિનને મુદા. ૭

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે તે દૃષ્ટિને પણ ધન્ય છે, જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે; પીયે મુદા વાણી સુધા તે કર્ણયુગને ધન્ય છે, તુજ નામ મંત્ર વિશદ ધરે તે હૃદયને નિત ધન્ય છે ॥૮॥

સહુ આપ્તના શિરદાર હે જગદીશ ! તું એકજ સદા, મુજને મળ્યો તું સકલ મનને ઇષ્ટ આપે સંપદા; હે નાથ ! નિજ સેવક ગણી મુજને સ્વીકારો સ્નેહથી, તુલના ધરૂં હું તાહરી ઉત્કર્ષ પામું જેહથી ॥ ૯ ॥

દિક્ષા અહી પ્રથમ તીર્થ તમેજ સ્થાપ્યું,
કે ભવ્યનું કઠણ દુ:ખ અનંત કાપ્યું,
એ'વા પ્રભુ પ્રણમીયે પ્રણયે તમોને,
એવા પ્રભુ શિવ તણા અરપો અમોને ॥૧૦॥

સકળ કરમવારી, મોક્ષ માર્ગાધિકારી,
ત્રિભુવન ઉપગારી, કેવળજ્ઞાન ધારી;
ભવિજન નિત્ય સેવો, દેવ એ ભક્તિભાવે,
ઇહજ જિન ભજંતાં, સર્વ સંપત્તિ આવે.૧૧

જિનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઈ,
નિશદિન સુખદાઇ, કલ્પવલ્લી સહાઈ;
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઇ;
ઋષભ જિનહ સેવા, સાધતાં તેહ પાઈ. ૧૨

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનિદ્ધ;
પ્રભુ દર્શનથી પામીયે, સકલ પદારથ સિદ્ધ.

ભાવે જિનવર પૂજીયે, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન. ૧૪

જીવડા જિનવર પૂજીયે, પૂજ્યાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૧૫

ફુલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૧૬

ત્રિભુવન નાયક તું ધણી, મહા મ્હોટો મહારાજ;
મ્હોટે પુણ્યે પામીઓ, તુમ દરિશન હું આજ.

આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટ્યા પુણ્ય કલોલ;
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુ:ખ દંદોલ. ૧૮

પંચમ કાળે પામવો, દુર્લભ પ્રભુ દેદાર;
તો પણ તેહના નામનો, છે મ્હોટો આધાર. ૧૯

“ શ્રીવીતરાગાય નમઃ ”

“ શ્રીમદ્-વિજયાનંદસૂરિવરેભ્યો નમઃ ”

શ્રી

સિદ્ધાચલ મહાતીર્થ-

“ સ્તવનાવલી. ”

“ ચૈત્યવંદન-વિધિ. ”

પ્રથમ ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમી યાવત્ લોગસ્સ સુધી કહી, પછી ઉત્તરાસંગ નાખી, ત્રણ ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિ-

સહુ ભગવન્ ચૈત્યવંદન કરૂં ?, "ઇચ્છં." કહી, બેસી બન્ને ઢીંચણ ભૂમિ ઉપર સ્થાપન કરી ચૈત્યવંદન કરવું.

"ચૈત્યવંદન–પેહેલું."

(તલાટીએ કરવાનું.)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે; ભાવ ધરીને જે ચડે, તેને ભવ પાર ઉતારે ॥ ૧ ॥ અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય; પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય ॥ ૨ ॥ સૂરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ; નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ ॥ ૩ ॥

"જં કિંચિ."

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ; જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ ॥ ૧ ॥

" નમુત્થુણં અથવા શક્રસ્તવ. "

નમુત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં । આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં । પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડ-રીઆણં, પુરિસવરગંધહત્થીણં । લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં । અભયદયાણં, ચક્ખુદ-યાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં । ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં । અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉ-માણં । જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં । સવ્વન્નુણં, સવ્વદરિસિણં, સિવ-મયલ-મરૂઅ-મણંત-મ-ક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ, સિદ્ધિગઇના-મધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિ-અભયાણં । જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે; સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥

" જાવંતિ ચેઇઆઇં. "

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિ-અલોએ અ; સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ॥ ૧ ॥

" જાવંત કે વિ સાહૂ. "

જાવંત કે વિ સાહુ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ-વિરયાણં ॥ ૧ ॥

" પરમેષ્ઠિ–નમસ્કાર. "

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ।

" સિદ્ધાચળજીનું સ્તવન. "

સિદ્ધાચલ ગિરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય હમારા; ॥ એ આંકણી ॥ એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર; રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે॥ ધ૦ ॥૧॥

મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર; અષ્ટ દ્રવ્ય શું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે ॥ ધ૦ ॥૨॥ ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા; યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે ॥ ધ૦ ॥ ૩ ॥ દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તેરા; પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારૂં, એ તીરથ જગ સારા રે ॥ ધ૦ ॥ ૪ ॥ સંવત અઢારત્યાસીમાસ અષાઢો, વદિ આઠમ ભોમવારા; પ્રભુકે ચરણ પ્રતાપકે સંઘમાં, ક્ષમારત્ન પ્રભુ પ્યારા રે ॥ ધ૦ ॥ ૫ ॥

"જય વીયરાય."

જય વીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં. ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધી ॥ ૧ ॥ લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઅ પરત્થકરણં ચ; સુહગુરૂજોગો તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥ વારિજ્જઈ જઇવિ નિઆણ બંધણં વીયરાઅ તુહ સમએ;

તહાવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુક્ખખ્ખઓ કમ્મખ્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામ કરણેણં ॥ ૪ ॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારણમ; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

"અરિહંત-ચેઇયાણં."

અરિહંતચેઇયાણં, કરેમિ કાઉસ્સગ્ગં। વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણ વત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ। સદ્ધાએ મેહાએ ધીઇએ ધારણાએ અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં ॥

"અન્નત્થ ઉસસિએણં."

અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાય-

નિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ। સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં। એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો। જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ। તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥

પછી એક નવકારનો કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારી (નમોર્હત૦) કહી સ્તુતિ કહેવી.

" શ્રી શત્રુંજય–સ્તુતિ. "

શ્રીશત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપાર। મંત્ર માંહે નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું। પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ, નાભિતણો જે અંશ। ક્ષમાવંતમાં શ્રીઅરિહંત,

તપ શૂરા મુનિવર મહંત, શત્રુંજય ગિરિ ગુણવંત ॥ ૧ ॥

" ચૈત્યવંદન–બીજું. "

" શ્રી શાંતિનાથસ્વામીનું ચૈત્યવંદન. "

શાંતિજિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો; વિશ્વસેન કુળ નભોમણિ, ભવિજન સુખકંદો ॥ ૧ ॥ મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ; હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ ॥ ૨ ॥ ચાલીશ ધનુષની દેહડી એ, સમચોરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥

પછી (જંકિંચિ૦) (નમુત્થુણં૦) (જાવંતિ૦) (જાવંત૦) (નમોઽર્હંત૦) કહી સ્તવન કહેવું.

" શ્રી શાંતિપ્રભુ–વિનતિ. "

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો

થયો હું તુમ ગુણ રાગી; તુમે નિરાગી ભગ-
વંત, જોતાં કિમ મળશે તંત ॥ સુણો૦ ॥ ૧ ॥
હું તો ક્રોધ કષાયનો ભરીઓ, તું તો ઉપ-
શમ રસનો દરીયો; હું તો અજ્ઞાને આવરીઓ,
તું તો કેવળ કમળા વરીઓ ॥ સુણો૦ ॥ ૨ ॥
હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા
કીધી નિરાશી; હું તો કરમને ભારે ભાર્યો,
તેં તો પ્રભુ ભાર ઉતાર્યો ॥ સુણો૦ ॥ ૩ ॥ હું
તો મોહ તણે વશ પડીઓ, તેં તો સઘળા
મોહને હણીઓ; હું તો ભવ સમુદ્રમાં ખુંચ્યો,
તું તો શિવ મંદિરમાં પહોંચ્યો ॥સુણો૦ ॥ ૪ ॥
મારે જન્મ મરણનો જોરો, તેં તોડયો તેહથી
દોરો; મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી
થયા વીતરાગ ॥સુણો૦ ॥ ૫ ॥ મને માયાએ
મૂકયો પાસી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધુરો, તું તો સકળ પદા-
રથે પૂરો ॥સુણો૦ ॥૬॥ મારે તો છો પ્રભુ તુંહી
એક, ત્હારે મુજ સરીખા અનેક; હું તો મનથી

ન મુકું માન, તું તો માન રહિત ભગવાન ॥સુણો૦ ॥ ૭ ॥ મારૂં કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય; એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની ॥સુણો૦ ॥ ૮ ॥ એક વાર જો નજરે નિરખો, તો કરો મુજને તુજ સરીખો; જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે ॥ સુણો૦ ॥ ૯ ॥ ભવો ભવ તુમ ચરણાની સેવા, હું તો માગું દેવાધિદેવા; સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી ॥ સુણો૦ ॥ ૧૦ ॥

ત્યારબાદ (જય વીયરાય૦) (અરિહંત-ચેઇયાણં૦) (અન્નત્થ૦) કહી એક નવકારનો કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારી (નમોઽર્હત૦) કહી સ્તુતિ કહેવી.

"શ્રી શાંતિનાથસ્વામીની સ્તુતિ."

શાંતિ જિનેશ્વર સમરીએ, જેની અચિરામાય ॥ વિશ્વસેન કુળ ઉપન્યા, મૃગ લંછન પાય ॥ ગજપુરી નયરીનો ધણી, કંચન વરણ

છે કાય ॥ ધનુષ ચાલીસ તસ દેહડી, લાખ વરસનું આય ॥ ૧ ॥

"ચૈત્યવંદન-ત્રીજું"

(રાયણ પગલાંનુ.)

વિમલગિરિવર સયલ અઘહર ભવિક-જન મન રંજનો । નિજ રૂપ ધારી પાપ ટારી આદિ જિન મદ ભંજનો ॥ જગજીવ તારે ભરમ ફારે સયલ અરિદલ ગંજનો । પુંડરીક ગિરિવર શૃંગ શોભે આદિનાથ નિરંજનો ॥ ૧ ॥ અજ અમર અચલ આનંદ રૂપી, જન્મ મરણ વિહંડનો । સુર અસુર ગાવે ભક્તિ ભાવે વિમલગિરિ જગ મંડનો ॥ પુંડરીક ગણધિપરામ પાંડવ આદિ લે બહુ મુનિવરા । જીહાં મુક્તિ ગમા વર્યા રંગે કર્મ કંટક સહુ જરા ॥ ૨ ॥ કોઇ (તીર્થ) જગમાં અન્ય નાંહી વિમલગિરિ સમ તારકં । દૂર ભવિયાં જે અભવિયા સદા દૃષ્ટિ નિવારકં ॥ એક ત્રીજે

પંચમે ભવ વરે શિવ દુઃખ વારકં । યહુ આશા ધારી શરણ થારી આતમા હીત કારકં ॥ ૩ ॥

પછી (જંકિંચિ૦)(નમુત્થુણં૦)(જાવંતિ૦) (જાવંત૦) (નમોઽર્હત૦) કહી સ્તવન કહેવું.

"રાયણ પગલાંનું સ્તવન."

નીલુડી રાયણ તરૂ તળે, સુણ સુંદરી. પીલુડા પ્રભુના પાય રે, ગુણ મંજરી; ઉજ્વલ ધ્યાને ધ્યાઇએ ॥ સુણ૦ ॥ એહીજ મુક્તિ ઉપાય રે ॥ ગુણ૦ ॥૧॥ શીતળ છાયાએ બેસીએ ॥ સુણ૦ ॥ રાતડો કરી મન રંગ રે ॥ ગુણ૦ ॥ પૂજીએ સોવન ફૂલડે ॥સુણ૦॥ જેમ હોય પાવન અંગ રે । ગુણ૦ ॥ ૨ ॥ ખીર ઝરે જેહ ઉપરે ॥ સુણ૦ ॥ નેહ ધરીને એહ રે ॥ગુણ૦॥ ત્રીજે ભવે ન શિવ લહે ॥ સુણ૦ ॥ થાયે નિર્મળ દેહ રે ॥ ગુણ૦॥ ૩ ॥ પ્રીત ધરી પ્રદક્ષિણા ॥ સુણ૦ ॥ દીએ એહને જે સાર રે ॥ગુણ૦॥

અભંગ પ્રીતિ હોય જેહને ॥ સુણ૦ ॥ ભવ ભવ તુમ આધાર રે ॥ ગુણ૦ ॥ ૪ ॥ કુસુમ પત્ર ફળ મંજરે ॥સુણ૦॥ શાખા થડ ને મૂળ રે ॥ ગુણ૦ ॥ દેવ તણા વાસાય છે ॥ સુણ૦ ॥ તીરથને અનુકૂળ રે ॥ ગુણ૦ ॥ ૫ ॥ તીરથ ધ્યાન ધરો મુદા ॥ સુણ૦॥ સેવો એહની છાંય રે ॥ ગુણ૦ ॥ જ્ઞાનવિમળ ગુણ ભાખિયો ॥સુણ૦॥ શત્રુંજયમાહાત્મ્ય માંહિ રે ॥ ગુણ૦ ॥ ૬ ॥

ત્યારબાદ (જય વીયરાય૦) (અરિહંત-ચેઇયાણં૦) (અન્નત્થ૦) કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી (નમોઽર્હત્‌૦) કહી સ્તુતિ કહેવી.

" સ્તુતિ. "

શ્રી શત્રુંજય આદિજિન આવ્યા, પૂર્વ નવાણું વારજી; અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી; વિમળગિરિવર મહિમા મોટો, સિદ્ધાચળ તે ઠામજી; કાંકરે

કાંકરે અનંતા સિદ્ધા, એકસો ને આઠ ગિરિ નામજી ॥ ૧ ॥

" ચૈત્યવંદન–ચોથું. "

" શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન. "

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત, પ્રગટ નામ પુંડરીક જાસ, મહી માંહે મહંત ॥ ૧ ॥ પંચ ક્રોડ સાથે મુણીંદ, અણસણ જિહાં કીધ; શુક્લ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવળ તિહાં લીધ ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ; તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ ॥ ૩ ॥

પછી (જંકિંચિ) (નમુત્થુણં૦) (જાવંતિ૦) (જાવંત૦) (નમોઽર્હત્૦) કહી સ્તવન કહેવું.

" પુંડરીકસ્વામીનું સ્તવન. "

એક દિન પુંડરીક ગણધરૂરે લાલ, પૂછે શ્રી આદિ જીણંદ, સુખકારીરે; કહીએ તે ભવ-

જળ ઉતરીરે લાલ, પામીશ પરમાનંદ, ભવ વારીરે ॥ એક૦ ॥ ૧ ॥ કહે જિન ઇણગિરિ પામશોરે લાલ, જ્ઞાન અને નિવારણ, જયકારીરે; તીરથ મહિમા વાધશેરે લાલ, અધિક અધિક મંડાણ, નિરધારીરે ॥ એક૦ ॥ ૨ ॥ ઇમ નિસુણીને ઇહાં આવીયારે લાલ, ઘાતિ કરમ કર્યા દૂર, તમ વારીરે; પંચ ક્રોડ મુનિ પરિવર્યારે લાલ, હુઆ સિદ્ધિ હજુર, ભવ વારીરે ॥ એક૦ ॥ ૩ ॥ ચૈત્રી પુનમ દિન કીજીયેરે લાલ, પૂજા વિવિધ પ્રકાર, દિલ ધારીરે; ફળ પ્રદક્ષિણા કાઉસગારે લાલ, લોગસ્સ થુઇ નમુક્કાર, નરનારીરે ॥ એક૦ ॥ ૪ ॥ દશ વીશ ત્રીશ ચાળોશ ભલાંરે લાલ, પચાસ પુષ્પની માળ, અતિ સારીરે; નરભવ લાહો લીજીયેરે લાલ, જેમ હોય જ્ઞાન વિશાળ, મનોહારીરે ॥ એક૦ ॥ ૫ ॥

ત્યારબાદ (જય વીયરાય૦) અરિહંતચેઇયાણં૦) (અન્નત્થ૦) કહી એક નવ-

કારનો કાઉસગ્ગ કરવો-કાઉસગ્ગ પારી (નમોઽર્હત૦) કહી સ્તુતિ કહેવી.

" શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ. "

પુંડરીક મંડણ પાય પ્રણમીજે, આદી-શ્વર જિન ચંદાજી, નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિયા આણંદાજી, આગમ-માંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણં-દાજી, ચૈત્રી પૂનમ દિન દેવી ચક્રેસરી, સૌભાગ્ય દો સુખકંદાજી ॥ ૧ ॥

" ચૈત્યવંદન-પાંચમું. "

(મૂળ નાયક પ્રભુનું.)

વિમલ કેવલજ્ઞાન કમલા, કલિત ત્રિ-ભુવન હિતકરં, સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં ॥ ૧ ॥ વિ-મલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણ

ભૂધરં; સુર અસુર કિન્નર કોડી સેવિત, નમો આદિ૦ ॥ ૨ ॥ કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં; નિર્જરાવળી નમે અહોનિશ ॥ નમો આદિ૦ ॥ ૩ ॥ પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં; શ્રીવિમલગિરિવર શૃંગ સિદ્ધા ॥ નમો આદિ૦ ॥ ૪ ॥ નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં; મુક્તિ રમણી વર્યા રંગે ॥ નમો આદિ૦ ॥ ૫ ॥ પાતાળ નર સુર લોક માંહી, વિમલગિરિવરતો પરં; નહીં અધિક તીરથ તીર્થપતિ કહે ॥ નમો આદિ૦ ॥ એમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇયે; નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં પરમ જ્યોતિ નિપાઇયે ॥ ૭ ॥ જિત મોહ કોહ વિછોહ નિંદ્રા, પરમપદ સ્થિતિ જયકરં, ગિરિરાજ સેવા કરણ તત્પર પદ્મવિજય સુહિતકરં ॥ ૮ ॥

પછી (જંકિંચિ૦)(નમુત્થણું૦)(જાવંતિ૦) (જાવંત૦) (નમોર્હત્૦) કહી સ્તવન કહેવું.

" શ્રી ઋષભદેવસ્વામીનું સ્તવન. "

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી; મારૂં દીલ લોભાણુંજી ॥ દેખી૦ ॥ કરૂણાનાગર કરૂણા સાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન ॥ માતા૦ ॥ ૧ ॥ ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર ॥ માતા૦ ॥ ૨ ॥ ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મન રંગ; પાયે નેપુર રણઝણે કાંઇ. કરતી નાટારંભ ॥ માતા૦ ॥ ૩ ॥ તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણ હાર; તુજ સરિખો નહિ દેવ જગતમાં, અડવડીઆ આધાર ॥ માતા૦ ॥ ॥ ૪ ॥

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ; સુર નર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ ॥ માતા૦ ॥ ૫ ॥ શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ; કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવ ભય ફંદ ॥ માતા૦ ॥ ૬ ॥

પછી (જય વીયરાય૦) (અરિહંત-ચેઇયાણં૦) (અન્નત્થ૦) કહી એક નવકારનો કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારી (નમોઽર્હત્‌૦) કહી સ્તુતિ કહેવી.

" શ્રી ઋષભદેવસ્વામીની સ્તુતિ. "

શ્રીસિદ્ધાચળ મંડણ,ઋષભ જિણંદ દયાલ ॥ મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાલ ॥ એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર ॥ આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર ॥ ૧ ॥

"શ્રી શાંતિનાથસ્વામીનું ચૈત્યવંદન."

સર્વારથ સિદ્ધે થકી, ચવિયા શાંતિ જિનેશ; હસ્તિનાગપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ ॥ ૧ ॥ માનવગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ; ભરણિએ જનમ્યા પ્રભુ, છદ્મસ્થા એક વાસ ॥ ૨ ॥ કેવલ નંદિ તરૂ તળે એ, પામ્યા અંતર જ્ઞાણ; વીર કરમને ક્ષય કરી, નવ સતશુ નિર્વાણ ॥ ૩ ॥

---

(૨)

જય જય શાંતિજિણંદ દેવ, હથિણાઉર સ્વામી; વિશ્વસેન કુળ ચંદ સમ, પ્રભુ અંતર જામી ॥ ૧ ॥ અચિરા ઉર સર હંસલો, જિનવર જયકારી; મારી રોગ નિવારકે, કીર્ત્તિ (જગ) વિસ્તારી ॥ ૨ ॥ સોળમા જિનવર પ્રણમીયે એ, નિત્ય ઉઠી નામી શિશ;સુર નર ભૂપ પ્રસન્ન મન, નમતાં વાધે જગીશ ॥ ૩ ॥

" શ્રી શાંતિજિનેશ્વર-સ્તવન. "

(ઘરે આવોજી આંબો મોરીઓ-એ દેશી.)

શ્રી શાંતિજિનેશ્વર સાહિબા, તુજ નાઠે કેમ છુટાય; મેં લીધી કેડજ તાહરી, તેહ પ્રસન્ન થયે રે મુકાય ॥ શ્રી શાંતિ૦ ॥ ૧ ॥
તું વીતરાગપણું દાખવી, ભોળા જનને ભૂલાવે; જાણી મેં કીધી પ્રતિગન્યા, તેહથી કહો કોણ ડોલાવે ॥ શ્રી શાંતિ૦ ॥ ૨ ॥
કોઈ કોઇની કેડે મત પડો, કેડે પડયાં આણે વાજ; નીરાગી પણ પ્રભુ ખેંચીયો, ભકતે કરી મેં સાત રાજ ॥ શ્રી શાંતિ૦ ॥ ૩ ॥
મન માંહિ આણી વાસિયો, હવે કેમ નિસરવા દેવાય; જો ભેદ રહિત મુજ શું મિલે, તો પલક માંહિ છુટાય ॥ શ્રી શાંતિ૦ ॥ ૪ ॥
કબજે આવ્યા કિમ છુટશો, દીધા વિણ કહેણ કૃપાલ; તો શું હઠવાદ લેઈ રહ્યા, કહે માન કરો ખુશીયાલ ॥ શ્રી શાંતિ૦ ॥૫॥

(૨)

સોળમા શ્રી જિનરાજ, અલગ સુણો
અમ તણી ॥ લલના ॥ ભગતથી એવડી
કેમ, કરો છો ભોળામણી ॥ લ૦ ॥ ચરણે
વિલગ્યો જેહ, આવીને થઈ ખરો ॥ લ૦ ॥
નિપટ તેહથી કોણ, રાખે રસ અંતરો ॥ લ૦
॥ ૧ ॥ મેં તુજ કારણ સ્વામી, ઉવેખ્યા
સુર ઘણા ॥ લ૦ ॥ માહરી દિશાથી મેં તો
ન રાખી કાંઈ મણા ॥ લ૦ ॥ તો તુમેં
મુઝથા કેમ, અપૂઠા થઈ રહો ॥ લ૦ ॥ ચૂક
હોવે જો કોઈ, સુખે મુખથી કહો ॥લ૦॥૨॥
તુજથી અવર ન કોય, અધિક જગતીતલે
॥ લ૦ ॥ જેહથી ચિત્તની વૃત્તિ, એકાંગી
જઈ મલે ॥ લ૦ ॥ દીજે દરિસણ વાર,
ઘણી ન લગાવીએ ॥ લ૦ ॥ વાતલડી
અતિ મીઠીયેં, કિમ વિરમાવીએ ॥ લ૦ ॥
૩ ॥ તું જો જલ તો હું કમલ, કમલ તો
હું વાસના ॥ લ૦ ॥ વાસના તો હું ભ્રમર,

ન મુકું આસના ॥ લ૦ ॥ તું છોડે પણ હું કેમ, છોડીશ તુજ ભણી ॥ લ૦ ॥ લોકોત્તર કોઇ પ્રીતિ, આવી તુજથી બની ॥ લ૦ ॥ ૪ ॥ ધુરથી શાને સમકિત, દઇને ભોળવ્યો ॥ લ૦ ॥ હવે કિમ જાઉં ખોટે દિલાસે ઓળવ્યો ॥ લ૦ ॥ જાણી ખાસો દાસ, વિમાસો છો કિસ્યું ॥ લ૦ ॥ અમે પણ ખીજમત માંહિ, કે ખોટા કિમ થઇશું ॥ લ૦ ॥ ૫ ॥ બીજી ખોટી વાતે, અમે રાચું નહીં ॥ લ૦ ॥ મેં તુમ આગળ મા-હરા, મનવાલી કહી ॥ લ૦ ॥ રાખો પૂરણ પ્રીતિ, વિમાસો શું તમે ॥ લ૦ ॥ અવસર લહી એકાંત, વિનવીએ છીએ અમે ॥ લ૦ ॥ ૬ ॥ અંતરજામી સ્વામી, અચિરા નંદના ॥ લ૦ ॥ શાંતિકરણ શ્રીશાંતિજિન, માનજો વંદના ॥ લ૦ ॥ તુજ સ્તવનાથી તન મન, આણંદ ઉપન્યો ॥ લ૦ ॥ કહે મોહન મન રંગ, સુપંડિત રૂપનો ॥ લ૦ ॥ ૭ ॥

(૩)

શાંતિજિનેશ્વર સાચો સાહિબ,શાંતિ કરણ ઈન કલિમેં, હો-જિનજી; તું મેરા મનમેં તું મેરા દિલમેં; ધ્યાન ધરૂં પલ પલમેં-સાહેબજી ॥ તું મેરા૦ ॥ ૧ ॥ ભવમાં ભમતાં મેં દરિશન પાયો; આશા પુરો એક પલમે-હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૨ ॥ નિરમલ જયોતિ વદન તુમ સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમે-હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૩ ॥ મેરો મન તુમ સાથે લીનો; મીન વસે જ્યું જલમેં-હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૪ ॥ જિનરંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર, દીઠાજી દેવ સકલમેં-હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૫ ॥

---

(૪)

દુહો—બે કર જોડી વિનવું, સુણ જિનવર શ્રી શાંત; પાપ ખમાવું આપણાં, જે કીધાં એકાંત ॥ ૧ ॥

ઢાળ—એકાંત કહું સુણો સ્વામી, હું તો ચરણ તુમારા પામી ॥ મુજ માંહે કપટ છે બહોળો, તે સુણતાં મન થાયે દહોલો ॥ પરછિદ્ર પ્રગટ મેં કીધાં, કુડાં આળ મેં પરને દીધાં ॥ તેથી છોડાવો મુજ તાત, શાંતિનાથ સુણો મોરી વાત ॥ ૨ ॥

દુહો—ભવ અનંત ભમી આવીયો, ચરણ તુમારે દેવ; જેમ રાખ્યો પારેવડો, તેમ રાખો મુજ હેવ ॥ ૩ ॥

ઢાળ—હવે એકેંદ્રિયાદિક જીવ, દુહવ્યા કરતા અતિ રીવ ॥ તસ લાખ ચોરાશી ભેદ, રાગ દ્વેષ પમાડયા ખેદ ॥ મૃષા બોલંતાં નાવિ લાજ, તો કેમ સરશે આતમ કાજ ॥ ચોરી ઇણભવ પરભવ કીધી, પર રમણી શું દૃષ્ટિજ દીધી ॥ ૪ ॥

દુહો—મધુ બિંદુઆ સમ વિષય સુખ, દુઃખ તો મેરૂ સમાન; માન વિમાન ચિંતે નહીં, કરતો ક્રોડ અજ્ઞાન ॥ ૫ ॥

ઢાળ—અજ્ઞાનપણે રિદ્ધિ મેલી, વ્રત બાર ભલી પેરે ભેળી ॥ હવે સાર કરો પ્રભુ મોરી, (હું તો) રાત દિવસ સેવા કરૂં તોરી ॥ બહુ ઉભગો છું શ્રી શાંત, મુજ ટાળો ભવની ભ્રાંત ॥ હું તો માગું છું અવિચળ રાજ, ઈમ પભણે શ્રી જિન-રાજ ॥ ૬ ॥

(૫)

(હાંરે મારે જોબનીયાનો લટકો દહાડા ચારજો—એ દેશી.)

હાંરે મારે શાંતિજિનેશ્વર અલવેસર આ ધારજો, લેઇ દીક્ષા દીયે શિક્ષા ભવિજન લોકનેરે લોલ; હાંરે મારે પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંતજો, ત્રણ ભુવન અજવાળે ટાળે શોકનોરે લોલ ॥ ૧ ॥ હાંરે મારે શૈલેશીમાં થઈ અલેશી સ્વામીજો, નિજ સત્તાનો ભોગી સોગી નહિ કદારે લોલ; હાંરે મારે ગુણ એકત્રીસ જગીશ અતિ

અદ્ભૂતજો, પ્રગટ થયા અવગુણ ગયા સવિ સાહિ સદારે લોલ ॥ ૨ ॥ હાંરે મારે ગત આકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચજો, વરણ વિચિત અતીતથી ગુણ પણ પામીયારે લોલ; હાંરે મારે હોય ગંધ સંબંધ ટળ્યાથી દોયજો, અરસ સરસથી ગુણ રસ પણ પ્રભુ વામીયારે લોલ ॥૩॥ હાંરે મારે ફરસ આઠના નાશથી ગુણ લહ્યા અષ્ટજો, ત્રણ વેદનો ભેદ પ્રભુ દૂરે કર્યારે લોલ; હાંરે મારે અશરીરી અસંગી વળી અરૂહજો, એકત્રીસ ગુણ વરીયો ભવ દરિઓ નિસ્તર્યોરે લોલ ॥ ૪ ॥ હાંરે મારે પામ્યા સિદ્ધ સ્વરૂપ અનૂપ જિણંદજો, તિમ સેવકના કારક તારક ભવ તણારે લોલ; હાંરે મારે જિન ઉત્તમ વર ગુણભર પદ કજ નીતજો, પદ્મવિજય કહે ભાવો ભાવે ભવિજનારે લોલ ॥ ૫ ॥

---

(૬)

સુણ દયાનિધિ તુજ પદ પંકજ મુજ મન

મધુકર લીનો ॥ એ આંકણી ॥ પ્રભુ અચિરા-
માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ આયો;
એક ભવમાં દોય પદવી પાયો ॥ સુણ૦ ॥ તું
તો રાત દિવસ રહે સુખ ભીનો ॥ સુણ૦
॥ ૧ ॥ પ્રભુ ચક્રી જિનપદનો ભોગી, શાંતિ
નામ થકી થાય નિરોગી; તુજ સમ અવર
નહીં દુજો યોગી ॥ સુણ૦ ॥ ૨ ॥ ષટ્ ખંડ
તણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ ઋદ્ધિ
તણો રાગી; તુજ સમ અવર નહીં વૈરાગી
॥ સુણ૦ ॥ ૩ ॥ વડવીર થયા સંજમધારા,
લહે કેવળ દુગ કમળા સારી; તુજ સમ
અવર નહીં ઉપગારી ॥ સુણ૦ ॥ ૪ ॥
પ્રભુ મેધરથ ભવ ગુણ ખાણી, પારેવા
ઉપર કરૂણા આણી; નિજ શરણે રાખ્યો
સુખ ખાણી ॥ સુણ૦ ॥ ૫ ॥ પ્રભુ કર્મ
કટક ભવ ભય ટાળી, નિજ આતમ ગુણને
અજુવાળી; પ્રભુ પામ્યા શિવવધુ લટકાળી
॥ સુણ૦ ॥ ૬ ॥ સાહેબ એક સુજરો

માનીજે, નિજ સેવક ઉત્તમ પદ દીજે; રૂપ કીર્ત્તિ કરે તુજ જીવવિજય ॥ સુણ૦ ॥ ૭ ॥

---

(૭)

(સારંગ.)

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ધ્યાનમેં ધ્યાનમેં ધ્યાનમેં, હમ મગન૦ ॥ બિસર ગઇ દુવિધા તન મનકી, અચિરાસુત ગુન ગાનમેં ॥ હમ૦ ॥ ૧ ॥ હરિ હર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ, આવત નાંહિ કોઉ માનમેં; ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં ॥ હમ૦ ॥ ૨ ॥ ઇતને દિન તું નાંહિ પિછાનો, મેરો જનમ ગયો સો અજાનમેં; અબ તો આધિકારી હોઇ બૈઠે, પ્રભુ ગુન અખય ખજાનમેં ॥ હમ૦ ॥ ૩ ॥ ગઈ દિનતા સબ હી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં; પ્રભુ ગુન અનુભવ રસકે આગેં, આવત નહિ કોઉ માનમેં ॥ હમ૦ ॥૪॥

જીનહી પાયા તિનહી છીપાયા, ન કહે કોઉ કે કાનમેં; તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ સાનમેં ॥ હમ૦ ॥ ૫ ॥ પ્રભુ ગુન અનુભવ ચંદ્રહાસ્ય જ્યોં, સો તો ન રહે મ્યાનમેં; વાચકજસ કહે મોહ મહા અરી, જીત લીયો હૈ મેદાનમેં ॥ હમ૦ ॥ ૬ ॥

---

(૮)

(રાગ સોરઠ.)

પ્રભુ શાન્તિજિણંદ સુખકારી, ઘટ અંતર કરૂણા ધારી રે ॥ પ્રભુ૦ ॥ એ આંકણી ॥ વિશ્વસેન અચિરાજીકો નંદન, કર્મ કલંક નીવારી; અલખ અગોચર અકલ અમર તું, મૃગલંછન પદ ધારી રે ॥ પ્રભુ૦ ॥૧॥ કંચન વરણ શોભા તનુ સુંદર, મૂરતી મોહનગારી; પંચમો ચક્રી સોળમો જિનવર, રોગ શોગ ભય વારી રે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥

પારાપત પ્રભુ શરણ ગ્રહીને, અભયદાન દીયો ભારી; હમ પ્રભુ શાન્તિજિનેશ્વર નામે, લેશું શિવ પટરાણી રે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥
શાન્તિજિનેશ્વર સાહિબ મેરા, શરણ લીયા મેં તેરા; કૃપા કરી મુજ ટાળો સાહીબ, જનમ મરણકા ફેરારે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥
તન મન થીર કરે તુમ ધ્યાને, અંતરમેલ તે વામે; વીરવિજય કહે તુમ સેવનથી, આતમ આનંદ પાવે રે ॥ પ્રભુ૦ ॥ ૫ ॥

" શ્રી શાંતિનાથ–સ્તુતિ "

" (માલિની છંદ.) "

ગજપુર અવતારા, વિશ્વસેન કુમારા;
અવનિ તલે ઉદારા, ચક્રવિ લચ્છી ધારા;
પ્રતિ દિવસ સવારા, સેવિયે શાંતિ સારા;
ભવજલધિ અપારા, પામીયે જેમ પારા ॥૧॥

" શ્રી સિદ્ધાચળજીનાં ચૈત્યવંદન. "

શ્રીશત્રુંજય સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સાચો; આદીશ્વર જિનરાયનો, જીહાં મહિમા જાચો ॥ ૧ ॥ ઇહાં અનંત ગુણવંત સાધુ, પામ્યા શિવવાસ; એહ ગિરિ સેવાથી અધિક, હોય લીલ વિલાસ ॥ ૨ ॥ દુષ્કૃત સવિ દૂરે હરે એ, બહુ ભવ સંચિત જેહ; સકલ તીરથ શિર સેહરો, દાન નમે ધરી નેહ ॥ ૩ ॥

(૨)

સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સુણીએ; સુર નર નરપતિ અસુર ખેચર, નિકરે જે થુણીએ ॥ ૧ ॥ સકલ તીરથ અવતાર સાર, બહુ ગુણ ભંડાર; પુંડરીક ગણધર જબ, પામ્યા ભવ પાર ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, કર્મ મર્મ કરી દૂર; તે તીરથ આરાહિયે, દાન સુયશ ભરપૂર ॥૩॥

(૩)

શ્રીશત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીકગિરિ સાચો; વિમલાચલને તીર્થરાજ, જસ મહિમા જાચો ॥ ૧ ॥ મુક્તિનિલય શતકુટ નામ, પુષ્પદંત ભણીજે; મહાપદ્મને સહસ્રપત્ર, ગિરિરાજ કહીજે ॥ ૨ ॥ ઇત્યાદિક બહુ ભાતિ શું એ, નામ જપો નિરધાર; ધીરવિમલ કવિરાજનો, શિષ્ય કહે સુખ-કાર ॥ ૩ ॥

" શ્રી શત્રુંજય તીર્થનાં ઉત્તમ ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન. "

સિદ્ધાચળ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ; મન વચ કાયા એકાગ્રશું, નામ જપો એકવીશ ॥ ૧ ॥ શત્રુંજય ગિરિ ૧ વંદીયે, બાહુબળી ૨ ગુણધામ; મરૂદેવ ૩ ને પુંડરીકગિરિ ૪, રૈવતગિરિ ૫ વિશ્રામ ॥ ૨ ॥

વિમલાચલ ૬ સિદ્ધરાજજી ૭,નામ ભગીરથ ૮ સાર; સિદ્ધક્ષેત્ર ૯ ને સહસ્રકમલ ૧૦, મુક્તિનિલય ૧૧ જયકાર ॥ ૩ ॥ સિદ્ધાચળ ૧૨ શતકૂટગિરિ ૧૩, ઢંક ૧૪ ને કોડિ નિવાસ ૧૫; કદંબગિરિ ૧૬ લોહિત્ય ૧૭ નમો, તાલધ્વજ ૧૮ પુન્યરાશ ૧૯ ॥ ૪ ॥ મહાબલ ૨૦ ને દ્રઢશક્તિ ૨૧ સહી, એમ એકવીશે નામ; સાતે શુદ્ધિ સમાચરી, કરીયે નિત્ય પ્રણામ ॥ ૫ ॥ દગ્ધ શૂન્યને અવિધિ દોષ, અતિ પ્રવૃત્તિ જેહ; ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ ॥ ૬ ॥ મનુષ્ય જન્મ પામી કરો એ, સદ્ગુરૂ તીરથ યોગ; શ્રીશુભવીરને શાસને, શિવ રમણી સંયોગ ॥ ૭ ॥

" શ્રીઆદીશ્વરપ્રભુનું ચૈત્યવંદન. "

આદિ દેવ અલવેસરૂ, વિનિતાનો રાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય ॥ ૧ ॥

પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ; ચોરાસી લાખ પૂર્વનું, જસ આયુ વિશાળ ॥ ૨ ॥ વૃષભ લંછન જિન વૃષધરૂ એ, ઉત્તમ ગુણમણિ ખાણ; તસ પદ પદ્મ સેવન થકી, લહીયે અવિચળ ઠાણ ॥ ૩ ॥

(૨)

જય જય નાભિનરિંદ નંદ, સિદ્ધાચલ મંડણ; જય જય પ્રથમ જિણંદચંદ, ભવ દુઃખ વિહંડણ ॥ ૧ ॥ જય જય સાધુ સુરિંદ વૃંદ, વંદિઅ પરમેસર; જય જય જગદાનંદકંદ, શ્રીઋષભ જિણેસર ॥ ૨ ॥ અમૃત સમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ; તુજ પદ પંકજ પ્રીત ધર, નિશદિન નમત કલ્યાણ ॥ ૩ ॥

"પરમાત્માનું ચૈત્યવંદન."

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ; જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ ॥ ૧ ॥

અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ; જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ ॥ ૨ ॥ ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યા નવિ જાય; રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય ॥ ૩ ॥

"સામાન્ય જિન–ચૈત્યવંદન."

જય જય શ્રી જિનરાજ આજ, મળીઓ મુજ સ્વામી; અવિનાશી અકલંક રૂપ, જગ અંતર જામી ॥ ૧ ॥ રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી; ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી ॥ ૨ ॥ સિદ્ધ બુદ્ધ તુમ વંદતાં, સકળ સિદ્ધ વર બુદ્ધ; રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ ॥ ૩ ॥ કાળ બહુ સ્થાવર ગ્રહે, ભમીયો ભવ માંહી; વિકલેંદ્રિય માંહિ વસ્યો, સ્થિરતા નહીં કયાંહી ॥ ૪ ॥ તિર્યંચ પંચેંદ્રિય માંહિ દેવ, કરમે હું આવ્યો; કરી કુકર્મ

નરકે ગયો, તુમ દરિસણ નવિ પાયો ॥ ૫ ॥ એમ અનંતકાળે કરી એ, પામ્યો નર અવતાર; હવે જગ તારક તું મળ્યો, ભવજળ પાર ઉતાર ॥ ૬ ॥

" શ્રી પરમાત્માનું ચૈત્યવંદન."

તુજ મૂર્ત્તિને નિરખવા, મુજ નયણાં તરસે; તુમ ગુણગણને બોલવા, રસના મુજ હરખે ॥ ૧ ॥ કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે; તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે ॥ ૨ ॥ એમ જાણીને સાહેબા એ, નેક નજરે મોહે જોય; જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય ॥ ૩ ॥

" શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન."

શ્રી શત્રુંજય માહાત્મ્યની, રચના કીધી સાર; પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન

ગણધાર ॥ ૧ ॥ એક દિન વાણી જિનની, શ્રવણી થયો આણંદ; આવ્યા શત્રુંજય ગિરિ, પંચક્રોડ સહુ રંગ ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, શિવશું કીયો યોગ; નમિએ ગિરિ ને ગણધરૂ, અધિક નહીં ત્રિલોક ॥ ૩ ॥

---

(૨)

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર; પુંડરીક નામે જે થયો, જે ભવિજન સુખકાર ॥ ૧ ॥ ચૈત્રી પૂનમને દિને, કેવલસિરિ પામી; ઇણે ગિરિ તેહથી પુંડરીકગિરિ અભિધા પામી ॥ ૨ ॥ પંચ કોડી મુનિશું લહ્યા એ, કરી અણસણ શિવ ઠામ; જ્ઞાનવિમળસૂરિ તેહના, પય પ્રણમે અભિરામ ॥ ૩ ॥

" શ્રી સિદ્ધાચળનાં સ્તવનો "

" શ્રીઆદિજિનેશ્વર-વિનતિ. "

સુણ જિનવર શેત્રુંજા ધણીજી, દાસ તણી અરદાસ; તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂં વેખાસરે, જિનજી મુજબ પાપીને તાર ॥ તું તો કરૂણા રસ ભર્યોજી, તું સહુનો હિતકારરે ॥ જિનજી મુજ૦ ॥૧॥ હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ; પરગુણ પેખી નવિ શકુંજી, કેમ સંસાર તરેશરે ॥ જિનજી મુજ૦ ॥ ૨ ॥ જીવ તણા વધ મેં કર્યાજી, બોલ્યા મૃષાવાદ; કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદરે ॥ જિનજી મુજ૦ ॥ ૩ ॥ હું લંપટ હું લાલચીજી, કર્મ કીધાં કેઈ કોડ; ત્રણ ભુવનમાં કો નહીંજી, જે આવે મુજ જોડરે ॥ જિનજી મુજ૦ ॥ ૪ ॥ છિદ્ર પરાયાં

અહોનિશજી, જોતા રહું જગનાથ; કુગતિ તણી કરણી કરીજી, જોડયો તેહશું સાથરે ॥ જિનજી મુજ૦ ॥ ૫ ॥ કુમાત કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ; વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજરે ॥ જિનજી મુજ૦ ॥ ૬ ॥ પુન્ય વિના મુજ પ્રાણીઆજી, જાણે મેલું રે આથ; ઉંચા તરૂવર મોરીયાંજી, ત્યાંહી પસારે હાથરે ॥ જિનજી મુજ૦ ॥ ૭ ॥ વીણ ખાધા વિણ ભોગવ્યાજી, ફોગટ કર્મ બંધાય; આર્ત્ત ધ્યાન મીટે નહીંજી, કીજે કવણ ઉપાયરે ॥ જિનજી મુજ૦ ॥ ૮ ॥ કાજળથી પણ શામળાજી, મારા મન પરણામ, સોણા માંહી તાહરૂંજી, સંભારૂં નહીં નામરે ॥ જિનજી મુજ૦ ॥ ૯ ॥ મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ; કૂડ કપટ બહુ કેળવીજી, પાપ તણો કરૂં સંચરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૦ ॥ મન ચંચળ ન રહે કિમેજી,

શાચે રમણી રે રૂપ; કામ વિટંબણા શી કહું-જી, પડીશ હું દુર્ગતિ કૂપરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૧ ॥ કિશ્યા કહું ગુણ આહરાજી, કિશ્યા કહું અપરાધ; જેમ જેમ સંભારૂં હીયેજી, તેમ વાધે વિખવાદરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૨ ॥ ગિરૂઆ તે નવિ લેખવેજી, નિર્ગુણ સેવકની વાત; નીચ તણે પણ મંદિ-રેજી, ચંદ્ર ન ટાળે જયોતરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૩ ॥ નિગુણો તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ; કૃપા કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૪ ॥ પાપી જાણી મુજ ભણીજી, મત મૂકોરે વિસાર; વિષ હળાહળ આદર્યોજી, ઇશ્વર ન તજે તાસરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૫ ॥ ઉત્તમ ગુણકારી હુએજી, સ્વાર્થ વિના સુજાણ; કરસણ સિંચે ૰સ ભરેજી, મેહ ન માગે દાણરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૬ ॥ તું ઉપગારી ગુણનીલોજી, તું સેવક

પ્રતિપાળ; તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૭ ॥ તુજને શું કહીએ ઘણુંજી, તું સહુ વાતે જાણ; મુજને થાજો સાહિબાજી, ભવ ભવ તાહરા આણરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૮ ॥ નાભિરાયા કુળ ચંદલોજી, મારૂદેવીનો નંદ; કહે જિનહરખ નિવારજોજી; દેજો પરમાનંદરે ॥ જિનજી મુજ૦ ॥ ૧૯ ॥

" શ્રી શત્રુંજય-સ્તવન. "

શ્રીરે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહો; ઋષભદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો ॥ શ્રીરે૦ ॥ ૧ ॥ મણિમય મૂરતિ શ્રીઋષભની, જે નીપાઈ અભિરામ; ભુવન કરાવ્યાં કનકમય, રાખ્યાં ભરતે નામ ॥ શ્રીરે૦ ॥ ૨ ॥ પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભજિણંદ; રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ ॥ શ્રીરે૦ ॥ ૩ ॥

નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી; શત્રુંજય સમું તીરથ નહીં, બોલ્યા સીમંધર વાણી ॥ શ્રીરે૦ ॥ ૪ ॥ પૂરવ પુણ્ય પસાયથી, પુંડરીકગિરિ પાયો; કાંતિ-વિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો ॥ શ્રીરે૦ ॥ ૫ ॥

" શ્રી ઋષભદેવ–સ્તવન. "

(ત્રીજે ભવ વર સ્થાનક તપ કરી એ દેશી)

બાલપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેશે; આજ તુમે પામ્યા પ્રભુતાઇ, અમે સંસારીને વેશે ॥ હો પ્રભુજી ઓલંભડે મત ખીજો–એ આંકણી ॥ ૧ ॥ જો તુમ ધ્યાતાં શિવ સુખ લહીયે, તો તુમને કેઇ ધ્યાવે; પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે ॥ હો પ્રભુજી૦ ॥ ૨ ॥ સિદ્ધ નિવાસ લહે ભવિ સિદ્ધિ, તેમાં શો પા'ડ તુમારો; તો ઉપગાર તુમારો વહિએ,

અભવ્ય સિદ્ધને તારો ॥ હો પ્રભુજી૦ ॥ ૩ ॥ નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી; તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી ॥ હો પ્રભુજી૦ ॥ ૪ ॥ અક્ષય પદ દેતાં ભવિ જનને, સંકીર્ણતા નવિ થાય; શિવપદ દેવા જો સમરથ છો, તો જસ લેતાં શું જાય ॥ હો પ્રભુજી૦ ॥ ૫ ॥ સેવા ગુણ રંજો ભવિજનને, જો તુમે કરો વડભાગી; તો તુમે સ્વામી કેમ કહેવો, નિર્મમ ને નીરાગી ॥ હો પ્રભુજી૦ ॥ ૬ ॥ નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જગ જયકારી; રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન બલિહારી ॥ હો પ્રભુજી૦ ॥ ૭ ॥

" શ્રી સિદ્ધાચળજીનું સ્તવન. "

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ ॥ એ આંકણી ॥ પૂરવનવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ

॥ વિ૦ જા૦ ॥ ૧ ॥ કોડી સહસ ભવ પાતક ત્રુટે, શત્રુંજય સામો ડગ ભરીયે ॥ વિ૦ જા૦ ॥ ૨ ॥ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીયે ગિરિવરીયે ॥ વિ૦ જા૦ ॥ ૩ ॥ પુંડરિક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ ॥ વિ૦ જા૦ ॥ ૪ ॥ પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ ॥ વિ૦ જા૦ ॥ ૫ ॥ ભૂમિ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરિહરીએ ॥ વિ૦ જા૦ ॥ ૬ ॥ સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરૂ સાથે પદ ચરીયે ॥ વિ૦ જા૦ ॥ ૭ ॥ પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડળ વિખરીયે ॥ વિ૦ જા૦ ॥ ॥ ૮ ॥ કલિકાળે એ તીરથ મોહોટું, પ્રવહણ જિમ ભર દરીયે ॥ વિ૦ જા૦ ॥ ૯ ॥ ઉત્તમ એ ગિરિવર સેવંતાં, પદ્મ કહે ભવ તરીયે ॥ વિ૦ જા૦ ॥ ૧૦ ॥

" શ્રી વિમલાચલ–સ્તવન. "

વિમળાચળ વિમલા પાણી, શીતળ તરૂ છાયા ઠરાણી; રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી ॥ સનેહી સંત એ ગિરિ સેવો ॥ ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો ॥ સનેહી૦ ॥ ૧ ॥ ષટ્ રી પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ; મોહ મલ્લની સામા ધસીએ, વિમલાચલ વેગે વસીએ ॥ સનેહી૦ ॥ ૨ ॥ અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ; પાછળ પ્રદક્ષિણા ફરીયે, ભવજળધિ હેલા તરીયે ॥ સનેહી૦ ॥ ૩ ॥ શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે; ચઢતાં સમકિતી તે છાજે, દૂરભવ્ય અભવ્ય તે લાજે, ॥ સનેહી૦ ॥ ૪ ॥ પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા; પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિધ્યા અનંતા ॥ સનેહી૦ ॥ ૫ ॥ ષટ્ માસી ધ્યાન ધરાવે, શુકરાજા

તે રાજ્યને પાવે; બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે ॥ સનેહી૦ ॥ ૬ ॥ પ્રાણી ધ્યાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો; મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો ॥ સનેહી૦॥૭॥

" શ્રી તીર્થફળ–સ્તવન. "

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો; ઘેર બેઠાં પણ બહુ ફળ પાવો, ભવિકા, બહુ ફળ પાવો ॥ નંદીસર જાત્રાયે જે ફળ હોવે, તેથી બમણેરૂં ફળ કુંડલગિરિ હોવે ॥ ભ૦ કું૦ ॥ ૧ ॥ ત્રિગણું રૂચકગિરિ ચોગણું ગજદંતા, તેથી બમણેરૂં ફળ જંબુ મહંતા ॥ ભ૦ જં૦॥ ષટ્ગણું ધાતકી ચૈત્ય જુહારે, છત્રીશ ગણેરૂં ફલ પુખ્ખલ વિહારે ॥ ભ૦ પુ૦ ॥ ૨ ॥ તેહથી તેરસગણું મેરૂ ચૈત્ય જુહારે, સહસ ગણેરૂં ફળ સમેતશિખરે ॥ ભ૦ સ૦ ॥

લાખ ગણેરૂં ફળ અંજનગિરિ જુહારે, દશ લાખ ગણેરૂં ફળ અષ્ટાપદ ગિરનારે ॥ ભ૦ સ૦ ॥ ૩ ॥ ક્રોડ ગણેરૂં ફળ શ્રીસિદ્ધાચલ ભેટે, જેમ રે અનાદિનાં દુરિત ઉમેટે ॥ ભ૦ દ૦ ॥ ભાવ અનંતે અનંત ફલ પાવે, જ્ઞાનવિમલસૂરિ ઇમ ગુણ ગાવે ॥ ભ૦ ઈ૦ ॥ ૪ ॥

" શ્રી સિદ્ધાચળજીનું સ્તવન. "

તુમે તો ભલે બીરાજોજી, સિદ્ધાચલકે વાસી, સાહિબ ભલે બિરાજોજી ॥ એ-આંકણી ॥ મારૂદેવીનો નંદન રૂડો, નાભિનરિંદ મલ્હાર; જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવાણું વાર ॥ તુમે તો૦ ॥ ૧ ॥ મૂળનાયકની સન્મુખ રાજે, પુંડરીક ગણધાર; પંચ ક્રોડશું ચૈત્રી પુનમે, વરીઆ શિવવધુ સાર ॥ તુમે તો૦ ॥ ૨ ॥ સહસકોટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ; ચઉદસેં બાવન ગણધરનાં, પગલાં

વામ જગીશ ॥ તુમે તો૦ ॥ ૩ ॥ પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ; અષ્ટાપદ ચોવીસ જિનેશ્વર, સમેત વીશ જિણંદ ॥ તમે તો૦ ॥ ૪ ॥ મેરૂ પર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક; બાવન જિનાલય દેવળ નિરખી, હરખ લહુ અતિરેક ॥ તુમે તો૦ ॥ ૫ ॥ સહસફણા ને શામળા પાસજી, સમવસરણ મંડાણ; છીપાવસીને ખરતરવસી કાંઈ, પ્રેમાવસી પરમાણ ॥ તુમે તો૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણ પચાસે, ફાગણ અષ્ટમી દિન; ઉજ્જવળ પક્ષે ઉજ્જવળ હુઓ કાંઈ, ગિરિ ફરસ્યા મુજ મન ॥ તુમે તો૦ ॥ ૭ ॥ ઇત્યાદિક જિન બિંબ નિહાળી, સાંભરા સિદ્ધની શ્રેણ; ઉત્તમ ગિરિવર કેણી પેરે વિસરે, પદ્મવિજય કહે જેણ ॥ તુમે તો૦ ॥ ૮ ॥

" શ્રી ઋષભદેવજી–સ્તવન. "

નાભિનરિંદનો નંદન વંદીયે રે, મરૂદેવાજી માત મલ્હાર; નહિ જસ લંછન લંછન ગવયનું રે, મેલ્યા મોહ મહાવિકાર ॥ કેવલ કમલા વિમલા તું વર્યો રે ॥ ૧ ॥ હરિ હર બ્રહ્મ પુરંદર જ્ઞાનથી રે, જ્ઞાન અનંતું જિન-વર રાજ; જગલોચનથી અધિક પ્રભા નહિ રે, જેમ ઋખ તારકના સમુદાય ॥ કેવલ૦॥ ૨ ॥ ધર્મ બતાયા માયા પરિહરી રે,ભવદાવાનળ ઉપશમ નીર; પાપ હરાયાં કાયા ધનુષની રે, પંચ સયા સોવન્ન શરીર ॥ કેવલ૦ ॥ ૩ ॥ શિવ સુખ ભોગી શિવસુખ આપીયે રે, દાસ તણી અરદાસ મનાય; મોટા મૌન ધરીને જો રહે રે, તો કેમ સેવક કારજ થાય ॥ કેવલ૦ ॥ ૪ ॥ પંકજ દલ જલ બિંદુ જગ લહે રે, ઉપમા મોતિની મહારાજ; સજ્જન સંગે જગ જસ પામીયે રે, કહે શુભ સેવક દ્યો શિવરાજ ॥ કેવલ૦ ॥ ૫ ॥

" શ્રી સિદ્ધાચલજીનું સ્તવન."

કરજોડી કહે કામિની-લલના, લલહો પ્રીતમજી અવધાર ॥ એ ગિરિ વારૂરે લલના ॥ સફળ કરો લઈ આપણો-લ૦, લલહો માનવનો અવતાર ॥ એ ગિરિ૦॥૧॥ નવલખ ટીકો શું કરો-લ૦, લલહો સેજપાડા જોડાવ ॥ એ ગિરિ૦ ॥ સુનંદાનો નાહલો, લ૦, લલહો ત્રિભુવનતિલક ભેટાવ ॥ એ ગિરિ૦ ॥ ૨ ॥ અજિતસેનાદિક જિનવરા, લ૦, લલહો મુક્તિ ગયા ઇણ ઠામ ॥ એ ગિરિ૦ ॥ જિન તનુ ફરસી ભૂમિકા, લ૦, લલહો સિદ્ધ અનંતનું ઠામ ॥ એ ગિરિ૦ ॥ ૩ ॥ ઇણુ ચોવીશી સિદ્ધાચળે, લ૦, લલહો નેમિ વિના ત્રેવીશ ॥ એ ગિરિ૦ ॥ ભાવી ચોવીશી આવશે, લ૦, લલહો પદ્મનાભાદિ જગીશ ॥ એ ગિરિ૦ ॥ ૪ ॥ આદિ જિણંદ સમોસર્યા, લ૦, લલહો પૂર્વ

નવાણું વાર ॥ એ ગિરિ૦ ॥ ચોમાસું અ-
જિત જિનેશ્વરૂ, લ૦, લલહો શાંતિ ચો-
માસું સાર ॥ એ ગિરિ૦ ॥ ૫ ॥ પંચક્રોડ
પરિવાર શું, લ૦, લલહો ઋષભસેન પુંડ-
રીક ॥ એ ગિરિ૦॥ ચૈત્રી પૂનમ શિવ સંપદા,
લ૦, લલહો પામી થયા નિરભીક ॥ એ
ગિરિ૦ ॥ ૬ ॥ કાર્ત્તિક પૂનમે કામિત વર્યા,
લ૦, લલહો દ્રાવિડ વારીખિલ્લ દોય ॥ એ
ગિરિ૦ ॥ દશ ક્રોડ મુનિ મહંત શું, લ૦,
લલહો પ્રણમી પાતિક ધોય ॥ એ ગિરિ૦
॥ ૭ ॥ નમિ વિનમિ વિદ્યાધરા, લ૦,
લલહો બે કોડી મુનિ સંઘાત ॥ એ ગિરિ૦॥
ફાગણ શુદ દશમી દિને, લ૦, લલહો કીધો
કર્મનો ઘાત ॥ એ ગિરિ૦ ॥ ૮ ॥ ઋષભ-
વંશી નૃપતિ ઘણા, લ૦, લલહો ભરત
અંગજ કેઈ પાટ ॥ એ ગિરિ૦ ॥ સિદ્ધાચળ
એણે ચડ્યા, લ૦, લલહો રોપ્યા ધર્મના
ઘાટ ॥ એ ગિરિ૦ ॥ ૯ ॥ નારદ એકાણું

લાખશું, લ૦, લલહો રામ ભરત ત્રણ ક્રોડ ॥ એ ગિરિ૦ ॥ વીશ ક્રોડશું પાંડવા, લ૦, લલહો દેવકી સુત ષટ જોડ ॥ એ ગિરિ૦ ॥ ૧૦ ॥ હરિનંદન દોય વંદીયે, લ૦, લલહો શાંબ પ્રદ્યુમ્ન કુમાર ॥ એ ગિરિ૦ ॥ ક્રોડ સાડી આઠ સાથે થયા, લ૦, લલહો શિવસુંદરી ભરથાર ॥ એ ગિરિ૦ ॥ ૧૧ ॥ થાવચ્ચાસુત સંજમી, લ૦, લલહો સહસશું અણસણ લીધ ॥ એ ગિરિ૦ ॥ નમિ શિષ્ય નંદિષેણજી, લ૦, લલહો અજિતશાંતિ સ્તવ કીધ ॥ એ ગિરિ૦ ॥ ૧૨ ॥ સુવ્રતશેઠ મુણિંદશું, લ૦, લલહો શુક પરિવ્રાજક સિદ્ધ ॥ એ ગિરિ૦ ॥ પંચસયા સેલગસૂરિ, લ૦, લલહો મંડકમુનિ સુપ્રસિદ્ધ ॥ એ ગિરિ૦ ॥ ૧૩ ॥ સિદ્ધાચળ વિમલ ગરિ, લ૦, લલહો મુક્તિનિલય શિવઠામ ॥ એ ગિરિ૦ ॥ શેત્રુંજા આદિ જેહનાં, લ૦, લલહો ઉત્તમ એકવીશ નામ ॥ એ

ગિ૨૦ ॥ ૧૪ ॥ ભવસાગર તરીએ જેણે, લ૦, લલહો તીરથ તેહ કહેવાય ॥ એ ગિરિ૦ ॥ કારણ સકલ સફળ હોવે, લ૦, લલહો આતમ વીરજ સોહાય ॥ એ ગિરિ૦ ॥ ૧૫ ॥ તીરથ સ્થંભ એ જૈનનો, લ૦, લલહો શિવમંદિર સોપાન ॥ એ ગિરિ૦॥ ખીમાવિજય ગુરૂથી લહો, લ૦, લલહો સેવક જિન ધરે ધ્યાન ॥ એ ગિરિ૦॥૧૬ ॥

" શ્રી ઋષભદેવસ્વામીનુ સ્તવન."

અબ તો પાર ભયે હમ સાધુ, શ્રીસિદ્ધાચલ દરસ કરી રે ॥ અબ તો૦॥ એ ટેક ॥ આદિજિનેશ્વર મહેર કરી અબ, પાપ પડલ સબ દૂર ભયો રે; તન મન પાવન ભવિજન કેરા, નિરખી જિનંદ ચંદ સુખ થયો રે ॥ અબ તો૦ ॥૧॥ પુંડરીક પમુહા મુનિ બહુ સિદ્ધા, સિદ્ધક્ષેત્ર હમ જાચ લહ્યો રે; પશુ પંખી જિહાં છિનકમેં તરીયા, તો

હુમ દૃઢ વિસવાસ ગ્રહ્યો રે ॥અબ તો૦॥ ૨ ॥ જિન ગણધર અવધિ મુનિ નાહી, કિસ આગે હું પોકાર કરૂં રે; જેમ તેમ કરી વિમ-લાચલ ભેટ્યો, ભવસાયરથી નાહીં ડરૂં રે ॥ અબ તો૦ ॥ ૩ ॥ દૂર દેશાંતરમેં હુમ ઉપને, કુગુરૂ કુપંથકો જાલ પર્યો રે;શ્રીજિન આગમ હુમ મન માન્યો, તબ હી કુપંથકો જાલ જર્યો રે ॥ અબ તો૦ ॥ ૪ ॥ તો તુમ સરણ વિચારી આયો, દીન અનાથકો શરણ દીયો રે; જયો વિમલાચલ મંડન સ્વામી; જનમ જનમકો પાપ ગયો રે ॥ અબ તો૦ ॥ ૫ ॥ દૂરભવિ અભવ્ય ન દેખે, સૂરિ ધનેશ્વર એમ કહ્યો રે; જો વિમલાચલ ફરસે પ્રાણી. મોક્ષ મહેલ તેણે વેગે લહ્યોરે ॥ અબ તો૦ ॥ ૬ ॥ જયો જગદીશ્વર તું પરમેશ્વર, પૂર્વ નવાણું વાર શ્રયો રે; સમવ-સરણ રાયણતલે તેરો, નિરખી ભ્રમ અબ દૂર ગયો રે ॥ અબ તો૦ ॥ ૭ ॥ શ્રીવિમ-

લાચલ મુજ મન વસીયો, માનું સંસારનો અંત થયો રે; યાત્રા કરી મન તોપ ભયો અબ, જનમ મરણ દુઃખ દૂર ગયો રે ॥ અબ તો૦ ॥ ૮ ॥ નિર્મલ મુનિજન જો તેં તાર્યા, તે તો પ્રસિદ્ધ સિદ્ધાંતે કહ્યો રે, મુજ સરીખા નિંદક જો તારો, તારક બિરૂદ એ સાચ લહ્યો રે ॥ અબ તો૦ ॥ ૯॥ જ્ઞાનહીન ગુણ રહિત વિરોધી, લંપટ ધીઠુ કષાય ખરો રે; તુમ બિન તારક કોઇ ન દીસે, જયો જગદીશ્વર સિદ્ધગિરો રે ॥ અબ તો૦ ॥૧૦॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ભવસાયરકી પીડ હરી રે; આતમારામ અનઘપદ પામી, મોક્ષ વધુ અબ વેગે વરી રે ॥ અબ તો૦ ॥ ૧૧ ॥ સંવત બત્રીસ ઓગણીસે, માસ વૈશાખ આનંદ ભયો રે; પાલીતાણા શુભ નગર નિવાસી, ઋષભ જિનંદ ચંદ દરશ થયો રે ॥ અબ તો૦ ॥ ૧૨ ॥

"શ્રી ઋષભદેવપ્રભુનું સ્તવન."

(રાગ મરાઠી.)

ઋષભ જિનંદ વિમલગિરિ મંડન, મંડન ધર્મ ધુરા કહીયે; તું અકલ સ્વરૂપી, જારકે કરમભરમ નિજ ગુણ લહીયે ાાઋષભ૦ાા૧ાા અજર અમર પ્રભુ અલખ નિરંજન, ભંજન સમર સમર કહીયે; તું અદ્ભુત યોદ્ધા, મારકે કરમ ધાર જગ જસ લહીયે ાા ઋષભ૦ ાા ૨ ાા અવ્યય વિભુ ઇશ જગરંજન, રૂપ રેખ બિન તું કહીયે; શિવ અચર અનંગી, તારકે જગજન નિજ સત્તા લહીયે ાા ઋષભ૦ ાા ૩ ાા શત સુત માતા સુતા સુહંકર, જગત જયંકર તું કહીયે; નિજ જન સબ તારે, હમોસેં અંતર રખના ના ચાહીયે ાા ઋષભ૦ ાા ૪ ાા મુખડા ભીંચકે બેસી રહેના, દીન દયાલકો ના ચાહીયે; હમ તન મન ઠારો, વચનસેં સેવક અપના કહ દહીયે ાા ઋષભ૦ ાા ૫ ાા ત્રિભુવન ઇશ

સુખંકર સ્વામી, અંતરજામી તું કહાયે;જબ હમકું તારો, પ્રભુસેં મનકી બાત સકલ કહીયે ॥ ઋષભ૦ ॥ ૬ ॥ કલ્પતરૂ ચિંતામણિ જાચ્યો, આજ નિરાશેં ના રહીયે; તું ચિંતિત દાયક, દાસકી અરજી ચિત્તમેં દઢ ગ્રહીયે ॥ ॥ ઋષભ૦ ॥ ૭ ॥ દીન હીન પરગુણ રસ રાચી, શરણ રહિત જગમેં રહીયે; તું કરૂણાસંધુ, દાસકી કરૂણા કયું નહિ ચિત્ત ગ્રહીયે ॥ ઋષભ૦ ॥ ૮ ॥ તુમ બિન તારક કોઇ ન દીસે, હોવે તુમકું કયું કહીયે; યહી દિલમેં ઠાની, તારકે સેવક જગમેં જસ લહીયે ॥ ઋષભ૦ ॥ ૯ ॥ સાત વાર તુમ ચરણે આયો, દાયક શરણ જગત કહીયે; અબ ધરણે બેસી, નાથસેં મનવાંછિત સબ કુછ લહીયે ॥ ઋષભ૦ ॥ ૧૦ ॥ અવગુણી માની પરિહરશો તો, આદિગુણી જગ કો કહીયે; જો ગુણીજન તારે, તો તેરી અધિકતા કયા કહીયે ॥ઋષભ૦

॥ ૧૧ ॥ આતમ ઘટમેં ખોજ પીયારે, બાહ્ય ભટકતે ના રહીયે; તુમ અજ અવિનાશી, ધાર નિજ રૂપ આનંદઘન રસ લહીયે ॥ ઋષભ૦ ॥ ૧૨ ॥ આતમાનંદી પ્રથમ જિનેશ્વર, તેરે ચરણ શરણ રહીયે; સિદ્ધાચલ રાજા, સરે સબ કાજ આનંદરસ પી લહીયે ॥ ઋષભ૦ ॥ ૧૩ ॥

" શ્રી સિદ્ધાચલજીનું સ્તવન. "

જિણંદા તોરે ચરણ કમલકી રે, હું ચાહું સેવા પ્યારી, તો નાસે કર્મ કઠોરી, ભવ ભ્રાંતિ મિટ ગઇ સારી ॥ જિણંદા૦ ॥ ૧ ॥ વિમલગિરિ રાજે રે, મહિમા અતિ ગાજે રે; વાજે જગ ડંકા તેરા, તું સચ્ચા સાહિબ મેરા, હું બાલક ચેરા તેરા ॥ જિણંદા૦ ॥ ૨ ॥ કરૂણા કર સ્વામી રે, તું અંતરજામી રે; નામી જગ પૂનમચંદા, તું અજર અમર સુખકંદા, તું નાભિરાય કુલ નંદા

॥ જિણંદા૦ ॥ ૩ ॥ ઈણ ગિરિ સિદ્ધા રે, મુનિ અનંત પ્રસિદ્ધા રે; પ્રભુ પુંડરીક ગણધારી, પુંડરીકગિરિ નામ કહારી. એ સબ મહિમા હૈ થારી ॥ જિણંદા૦ ॥ ૪ ॥ તારક જગ દીઠા રે, પાપ પંક સહુ નીઠારે; યહ ઠામો મનમેં ભારી, મેં કીની સેવા થારી, હું માસ રહ્યો શુભ ચારી ॥ જિણંદા૦ ॥ ૫ ॥ અબ મોહે તારો રે, બિરૂદ નિહારો રે; તીરથ જિનવર દો ભેટી, મેં જન્મ જરા દુઃખ મેટી, હું પાયો ગુણની પેટી ॥ જિણંદા૦ ॥ ૬ ॥ દ્રાવિડ વારિખલ્લા રે. દશ કોડી મુનિ મીલા રે; હુએ મુક્તિ રમણી ભરતારા, કાર્તિક પૂનમ દિન સારા, જિનશાસન જગ જયકારા ॥ જિણંદા૦ ॥ ૭ ॥ સંવત શિખિ ચારા રે, નિધિ ઈંદુ ઉદારા રે; આતમકો આનંદકારી, જિન દરસનકી બલિહારી, પામ્યો ભવજલધિ પારી ॥ જિણંદા૦ ॥ ૮ ॥

" શ્રી આદિનાથજિન–સ્તવન. "

તારકે હે જિન નાભિકે નંદન, વિમલાચલ સુખદાઈરી; ભરમ મિથ્યામત દૂર નસ્યા હે, મિથ્યા લોહ કુરાઈ સખીરી ॥ તારક૦ ॥ ૧ ॥ કુમતિ કુટિલ વિટલ સબ નાસી, સુમતિ સખી હરખાઇરી; તૂં વૈરણ મુજ આદિ અનાદિ, દેખ ગિરિંદ નસાઇ સખીરી ॥ તારક૦ ॥ ૨ ॥ રાગ દ્વેષ મદ ભરમ અજ્ઞાના, અંધકાર તિન છાઇરી; શ્રી જિનચંદ ગિરિંદ જો નિરખી, છીનકમેં પાપ પલાઇ સખીરી ॥ તારક૦ ॥ ૩ ॥ પાવન ભાવન મુજ મન હુલસી, ઝુલસી કુમતિ ઘબરાઇ રી; અબ કહાં જાત હે વૈરણ ભૈકી, ઋષભ જિનંદ દુહાઈ સખીરી ॥ તારક૦ ॥૪॥ ભાવસેં વિમલાચલ જો ફરસે, પંચ ભવે શિવરાઇ રી; અબ હમ તુમસેં નાતો ટુટો, અબ હમ કેમ ઠરાઇ સખીરી ॥ તારક૦ ॥ ૫ ॥ આદિ જિનંદ ગિરીંદ જો ભેટયો,

પાપ ધૂક અંધરાઇરી; જયો જગદીસર શ્રી વિમલેસર, ચરણ સરણ તુમ આઈ સખીરી ॥ તારક૦ ॥ ૬ ॥ આગે અનંત મુનિ તેં તાર્યા, બેર ન કીની કાંઇ રી; હું તુમ બાલક સરન પર્યો હું, નેક નજર કરો સાંઇ સખીરી ॥ તારક૦ ॥ ૭ ॥ આતમરામ નામ અવિનાશી, મુક્તિ રમણી વર વાઇ રી; સુમતિ હીંડોલે સબ સખીયનસે, આનંદ મંગલ ગાઈ સખીરી ॥ તારક૦ ॥ ૮ ॥

" શ્રી સિદ્ધગિરિ–સ્તવન. "

વહેલા ભવિ જઇઓ રે, તુમે વહેલા વહેલા જઇઓ, વિમલગિરિ ભેટવા ॥ એ આંકણી ॥ હાંરે કાંઈ ભેટતાં ભવ દુઃખ જાય, હાંરે કાંઈ સેવતાં શિવ સુખ થાય ॥ વહેલા૦ ॥ ૧ ॥ હાંરે કાંઈ જન્મ સફલ તુમ થાય, હાંરે કાંઈ નરક તિર્યંચ મીટ જાય; હાંરે કાંઈ તન મન પાવન થાય, હાંરે કાંઇ

સકલ કરમ ક્ષય થાય ॥ વહેલા૦ ॥ ૨ ॥
હાંરે કાંઈ પાંચમે ભવ શિવરાય, હાંરે કાંઈ
ઇનમેં શંકા ન કાંય; હાંરે કાંઈ વિમલા-
ચલ ફરસાય, હાંરે કાંઇ ભવિનો નિશ્ચય થાય
॥ વહેલા૦ ॥ ૩ ॥ હાંરે કાંઈ નાભિનો
નંદન ચંદ, હાંરે કાંઈ છ રી પાળી જિન
વંદ; હાંરે કાંઈ દૂર હોવે અઘ વૃંદ, હાંરે કાંઈ
પ્રગટે નયનાનંદ ॥ વહેલા૦ ॥ ૪ ॥ હાંરે
કાંઇ ચઉમુખ ચઢ સુખ રાશ, હાંરે કાંઈ
મોક્ષ મહેલ કીનો વાસ; હાંરે કાંઇ ભવ વન
થયો સહુ નાશ, હાંરે કાંઇ કોઇની ન રહે
ફિર આશ ॥ વહેલા૦ ॥ ૫ ॥ હાંરે કાંઇ
મ્હોટા પુન્ય અંકૂર, હાંરે કાંઇ ચિંતા ગઇ
સબ દૂર; હાંરે કાંઈ કુમતિ કદાગ્રહ ચૂર, હાંરે
કાંઇ આવ્યા નાથ હજૂર ॥ વહેલા૦ ॥ ૬ ॥
હાંરે કાંઇ આપણો ખરો ઉદ્ધાર, હાંરે કાંઈ
અમ આતમ આધાર; હાંરે કાંઈ મુજને તું
અબ તાર, હાંરે કાંઇ અવર ન શરણ આ-
ધાર ॥ વહેલા૦ ॥ ૭ ॥ હાંરે કાંઇ મુજને

મત તૂં વિસાર, હાંરે કાંઇ કરમ ભરમ સબ છાર; હાંરે કાંઇ આતમ આનંદકાર, હાંરે કાંઈ આતમ આનંદકાર, હારે કાંઈ ભવસાગર પામ્યો પાર ॥ વહેલા૦ ॥ ૮ ॥

"શ્રી સિદ્ધાચલજી મહિમા પૂજા સ્તવન."

(ખટ દર્શન જિન અંગ ભણીજે—એ દેશી)

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરીક ગણધારરે; પંચ કોડી મુનિવરશું ઇણ ગિરિ, અણસણ કીધું ઉદારરે ॥ ૧ ॥ નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર, સકળ તીરથ માંહિ સારરે; દીઠે દુરગતિ દૂર નિવારે, ઉતારે ભવપારરે ॥ નમો૦ ॥ ૨ ॥ કેવલ લહી ચૈત્રી પૂનમ દિન, પામ્યા મુગતિ સુઠામરે; તદા કાળથી પુહવી પ્રગટ્યું, પુંડરીકગિરિ નામરે ॥ નમો૦ ॥ ૩ ॥ નયરી અયોધ્યાથી વિહરતા પહોતા, તાતજી રિખવ જિણંદરે; સાઠ સહસ સમ ખટ ખંડ સાધી, ઘરે આ-

વ્યા ભરત નરિંદરે ॥ નમો૦ ॥ ૪ ॥ ઘેર જઇ માયને પાયે લાગી, જનની દે આશિષરે; વિમલાચલ સંઘાધિપ કેરી, પોહોચ્યો પુત્ર જગીશરે ॥ નમો૦ ॥ ૫ ॥ ભરત વિમાસે સાઠ સહસ સમ, સાધ્યા દેશ અનેકરે; હવે હું તાત પ્રતે જઇ પૂછું, સંઘપતિ તિલક વિવેકરે ॥ નમો૦ ॥ ૬ ॥ સમવસરણ પોહોતા ભરતેસર, વંદી પ્રભુના પાયરે; ઇંદ્રાદિક સુર નર બહુ મિલિયા, દેશના દે જિનરાયરે ॥ નમો૦ ॥ ૭ ॥ શત્રુંજય સંઘાધિપ યાત્રા ફળ, ભાખે શ્રીભગવંતરે; તવ ભરતેસર કરે રે સજાઇ, જાણી લાભ અનંતરે ॥ નમો૦ ॥ ૮ ॥

"શ્રી આદીશ્વરપ્રભુનું સ્તવન."

(કપૂર હોવે અતિ ઉજલોરે-એ દેશી.)

જ્ઞાનરયણ રયણાયરૂ રે, સ્વામી શ્રીઋષભ જિણંદ; ઉપગારી અરિહા પ્રભુ રે, લોક

લોકોત્તરાનંદ રે ॥ ભવિયાં ભાવે ભજો ભગવંત ॥ મહિમા અતુલ અનંત રે ॥ભવિયાં૦ ॥ ૧ ॥ તિગ તિગ આરક સાગરૂ રે, કોડા કોડી અઢાર; જુગલા ધર્મ નિવારીયો રે, ધર્મ પ્રવર્ત્તનહારરે ॥ ભાવયાં૦ ॥ ૨ ॥ જ્ઞાનાતિશયે ભવ્યના રે, સંશય છેદનહાર; દેવ નરા તિરિ સમજ્યા રે, વચનાતિશય વિચાર રે ॥ ભવિયાં૦ ॥ ૩ ॥ ચાર ઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત; પંચ ઘને યોજન ટલે રે, કષ્ટ એ તુર્ય પ્રસંત રે ॥ ભવિયાં૦॥ ૪ ॥ યોગ ક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગા નીર; પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભવીર રે ॥ ભવિયાં૦ ॥ ૫ ॥

" શ્રી સિદ્ધાચળજીનું સ્તવન."

આંખલડીયે રે મેં આજ શત્રુંજય દીઠો રે, સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મુને મીઠો રે ॥ સફલ થયો રે મારા મનનો ઉમાહો,

વ્હાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે ॥ શત્રુંજય દીઠા રે॥ ૧ ॥ એ આંકણી ॥ માનવ ભવનો લાહો લીજે ॥ વા૦ ॥ દેહડી પાવન કીજે રે ॥ સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે ॥ શ૦ ॥ ૨ ॥ દુધડે પખાળીને કેસર ઘોળી ॥ વા૦॥ શ્રી આદીશ્વર પૂજ્યા રે; શ્રી સિદ્ધાચળ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યા રે ॥ શ૦ ॥૩॥ શ્રી મુખ સુધર્મા સુરપતિ આગે ॥ વા૦ ॥ વીર જિણંદ એમ બોલે રે ॥ ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહિ કોઇ શત્રુંજય તોલે રે ॥ શ૦ ॥ ૪ ॥ ઇંદ્ર સરીખા એ તીરથની ॥ વા૦ ॥ ચાકરી ચિત્તમાં ચાહે રે ॥ કાયાની તો કાસલ કાઢી, સૂરજકુંડમાં નાહે રે ॥ શ૦॥૫॥ કાંકરે કાંકરે શ્રીસિદ્ધક્ષેત્રે, ॥ વા૦॥ સાધુ અનંતા સિધ્યારે ॥ તે માટે એ તીરથ મ્હોટું, ઉદ્ધાર અનંતા કીધા રે ॥ શ૦ ॥ ૬ ॥ નાભિરાયા સુત નયણે જોતાં

॥ વા૦ ॥ મેહ અમરસ વુઠ્યા રે ॥ ઉદયરતન કહે આજ મ્હારે પોતે, શ્રી આદીશ્વર તુઠ્યા રે ॥ શા૦ ॥ ૭ ॥

" શ્રી સિદ્ધાચળ–સ્તવન."

સિદ્ધાચળ વંદો રે નરનારી, નરનારા નરનારી; સિદ્ધા૦, નાભિરાયા મરૂદેવાનંદન, ઋષભદેવ સુખકારી ॥ સિદ્ધા૦ ॥ ૧ ॥ પુંડરિક પમુહા મુનિવર સિદ્ધા; આતમતત્ત્વ વિચારી ॥ સિદ્ધા૦ ॥ ૨ ॥ શિવસુખ કારણ ભવદુ:ખ વારણ; ત્રિભુવન જન હિતકારી ॥ સિદ્ધા૦ ॥ ૩ ॥ સમકિત શુદ્ધ કરણ એ તીરથ, મોહ મિથ્યાત્વ નિવારી ॥ સિદ્ધા૦ ॥ ૪ ॥ જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવળ ધારી; ભક્તિ કરૂં એક તારી ॥ સિદ્ધા૦ ॥ ૫ ॥

મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યા વાંછિત કાજ; પૂજો ગિરિરાજને રે ॥ પ્રાયે એ ગિરિ શાશ્વતો એ; ભવજળ તરવા ઝાઝ ॥ પૂજો૦ ॥૧॥ મણિ માણેક મુક્તાફળે એ, રજત કનકનાં ફૂલ ॥ પૂજો૦॥ કેશર ચંદન ઘસી ઘણાં એ, બીજી વસ્તુ અમૂલ ॥પૂજો૦॥૨॥ છઠ્ઠે અંગે દાખીઓ એ, આઠમે અંગે ભાખ ॥પૂજો૦॥ સ્થિરાવલી પયન્ને વરણવ્યો એ, એ આગમની સાખ ॥ પૂજો૦ ॥ ૩ ॥ વિમળ કરે ભવિલોકને એ, તેણે વિમળાચળ જાણ ॥ પૂજો૦ ॥ શુક રાજાથી વિસ્તર્યો એ, શત્રુંજય ગુણ ખાણ ॥ પૂજો૦ ॥ ૪ ॥ પુંડરીક ગણધરથી થયો એ, પુંડરીકગિરિ ગુણધામ ॥ પૂજો૦ ॥ સુર નર કૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીસ નામ ॥ પૂજો૦ ॥ ૫ ॥ એ ગિરિવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય ॥ પૂજો૦॥ જાણે પણ કહી નવિ શકે

એ, મુગટ ઘુવડને ન્યાય ॥ પૂજો૦ ॥ ૬ ॥ ગિરિવર ફરસનથી નવિ કર્યો એ, તે રહ્યો ગરભાવાસ ॥ પૂજો૦ ॥ નમન દર્શન ફરસન કર્યો એ, પૂરે મનની આશ ॥ પૂજો૦ ॥ ૭ ॥ આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ ॥ પૂજો૦ ॥ મણિ ઉદ્યોત ગિરિ સેવતાં એ, ઘેર ઘેર મંગળ માળ ॥ પૂજો૦ ॥ ૮ ॥

" શ્રી ઋષભદેવજીનું સ્તવન."

પ્રથમ જિનેશ્વર પૂજવા, સૈયર મોરી અંગ ઉલટ ધરી આવ હો; કેસર ચંદન મૃગમદે, સૈયર મોરી સુંદર આંગી બનાવ હો ॥ સેહેજ સલુણો મારો, શિવસુખ લીનો મારો, જ્ઞાનમાં ભીનો મારો, દેવમાં નગીનો મારો ॥ સાહિબો ॥ સૈયર મોરી જયો જયો પ્રથમ જિણંદ હો ॥ ૧ ॥ ધન્ય મરૂદેવા કુખને ॥ સૈયર૦ ॥ વારી જાઉં વાર હજાર હો; સ્વર્ગ શિરોમણિને તજી ॥ સૈયર૦ ॥ જીહાં

લહે પ્રભુ અવતાર હો ॥ સેકેજ૦ ॥ ૨ ॥ દાયક નાયક જન્મથી ॥ સૈયર૦ ॥ લાજ્યો સુરતરૂ વૃંદ હો; જુગલા ધર્મ નિવારણો ॥ સૈયર૦ ॥ જે થયો પ્રથમ નરિંદ હો ॥ સેહેજ૦ ॥ ૩ ॥ લોક નીતિ સવિ શીખવી ॥ સૈયર૦ ॥ દાખવા મુક્તિનો રાહ હો; રાજ્ય ભળાવી પુત્રને ॥ સૈયર૦ ॥ થાપ્યો ધર્મ પ્રવાહ હો ॥ સેહેજ૦ ॥ ૪ ॥ સંજમ લેઇને સંચર્યા ॥ સૈયર૦ ॥ વરસ લગે વિણ આહાર હો; શેલડી રસ સાટે દીયો ॥ સૈ-યર૦ ॥ શ્રેયાંસને સુખસાર હો ॥ સેહેજ૦ ॥ ૫ ॥ મોહોટા અહંતની ચાકરી ॥ સૈયર૦ ॥ નિષ્ફળ કદીએ ન થાય હો; મુનિપણે નમિ વિનમિ કર્યા ॥ સૈયર૦ ॥ ક્ષણમાં ખેચર રાય હો ॥ સેહેજ૦ ॥ ૬ ॥ જનનીને કીધું ભેટણું ॥ સૈયર૦ ॥ કેવળ રત્ન અનુપ હો; પહેલાં માતાજીને મોકલ્યાં ॥ સૈયર૦ ॥ જોવા શિવ વહુ રૂપ હો ॥ સેહેજ૦ ॥ ૭ ॥ પુત્ર નવાણું પરિવર્યા ॥ સૈયર૦ ॥ ભરતના નંદન આઠ

હો; અષ્ટ કરમ અષ્ટાપદ ॥ સૈયર૦ ॥ ચોગ નિરૂદ્ધે નિઠ હો ॥ સેહેજ૦ ॥ ૮॥ તેહનાં બિંબ સિદ્ધાચળે ॥ સૈયર૦॥ પૂજો એ પાવન અંગ હો; ખિમાવિજય જિન નિરખતાં ॥ સૈયર૦ ॥ ઉછળે હર્ષ તરંગ હો ॥ સેહેજ૦ ॥ ૯ ॥

" શ્રી સિદ્ધાચલજીનું સ્તવન."

(જ્ઞાનાવરણી દૂરે કરોરે મિત્તા–એ દેશી.)

શ્રી સિદ્ધાચલ ભેટીએ રે મિત્તા, મહિમાનો નહીં પાર રે ॥ એકાગર ચિત્તા, એ ગિરિ સેવાને ॥ એ આંકણી ॥ કેવળજ્ઞાને જાણતા હો મિત્તા, કહી ન શકે અંશ માત્ર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ એ ગિરિ સેવા ધ્યાનમાં હો મિત્તા, કરી થીર મન વચ કાય રે ॥ એકા૦ ॥ એ૦ ॥૧॥ ઋષભજિણંદ સમોસર્યા હો મિત્તા, પૂર્વ નવાણું વાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ પંચક્રોડ પુંડરીકજી હો મિત્તા, વરીયા શિવવધુ સાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૨ ॥ ભરત પાટે મુગતે

ગયા હો મિત્તા, અસંખ્યતા વિખ્યાતરે ॥
એક૦ ॥ એ૦ ॥ નમિ વિનમિ શિવસુખ વર્યા
હો મિત્તા, બે કોડી મુનિ સંઘાત રે ॥ એકા૦
॥ એ૦ ॥ ૩ ॥ ઈણ ગિરિરાજે સમોસર્યા
હો મિત્તા, નેમિ વિના ત્રેવીશ રે ॥ એકા૦ ॥
એ૦ ॥ એકાણું લાખ નારદ ઋષિ હો મિત્તા,
પાંડવ કોડી વીશ રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૪ ॥
સાંબ પ્રદ્યુમ્ન હોય બાંધવા હો મિત્તા, સાડી
આઠ કોડી સંઘાત રે ॥ એકા૦ ॥ એ૦ ॥
ષટ દેવકી નંદન થયા હો મિત્તા, શિવસુંદરી
ભરતાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ ૫ ॥ થાવચ્ચા
મુનિ સહસશું હો મિત્તા, પામ્યા ભવજળ
પાર રે ॥ એકા૦ ॥ એ૦ ॥ પાંત્રીસ હજાર
શિવ વરી હો મિત્તા, વસુદેવની નાર રે
॥ એકા૦ ॥ એ૦ ॥ ૬ ॥ એમ અનેક મુગતે
ગયા હો મિત્તા, મુનિ ગુણગણ મણિ ખાણ રે
॥ એકા૦ ॥ એ૦ ॥ બુદ્ધ નીતિથી સેવતાં
હો મિત્તા, એમ લહો દરિશણ જાણ રે ॥
એકા૦ ॥ એ૦ ॥ ૭ ॥

"શ્રી સિદ્ધાચળજીનું સ્તવન."

મારૂં મન મોહ્યું રે શ્રીસિદ્ધાચલે રે, દેખીને હરખિત હોય; વિધિશું કીજે રે જાત્રા એહની રે, ભવ ભવનાં દુઃખ જાય ॥ મારૂં૦ ॥૧॥ પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય; મોટો મહિમા રે જગમાં એહનો રે; આ ભરતે ઇહાં જોય ॥ મારૂં૦ ॥ ૨ ॥ ઇણ ગિરિ આવ્યા રે જિનવર ગણ-ધરા રે, સિધ્યા સાધુ અનંત; કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કરમ નિશાંત ॥ મારૂં૦ ॥ ૩ ॥ જૈનધર્મ તે સાચો જાણીને રે, માનવ તીરથ એ સ્તંભ; સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટારંભ ॥ મારૂં૦ ॥૪॥ ધન્ય ધન્ય દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર; જ્ઞાનવિમલસૂરિ ગુણ એહના ઘણા રે, કહેતાં નાવે પાર ॥ મારૂં૦ ॥ ૫ ॥

"વિમળાચળજીનું સ્તવન."

વિમળાચળ નિત્ય વંદીએ, કીજે એહની સેવા; માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા ॥ વિમળા૦ ॥ ૧ ॥ ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા; માનું [1]હિમગિરિ વિભ્રમે, આઈ [2]અંબરગંગા ॥ વિમળા૦ ॥ ૨ ॥ કોઈ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે; ઇમ [3]શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે ॥ વિમળા૦ ॥ ૩ ॥ જે સઘળાં તીરથ કર્યાં, જાત્રા ફળ કહીએ; તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ ॥ વિમળા૦ ॥ ૪ ॥ જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે; સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે ॥ વિમળા૦ ॥ ૫ ॥

---

૧ હિમાલય. ૨ આકાશગંગા. ૩ પોતાને મુખે.

" શ્રી સિદ્ધાચલ–સ્તવન. "

બાપડલાં રે પાતિકડાં, તમે શું કરશો હવે રહીને; આ સિદ્ધાચળ નયણે નિરખી, દૂર જાઓ તુમે વહીને રે ॥ બાપડલાં રે૦ ॥ ૧ ॥ કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને; આજ થકી પ્રભુ ચરણે રહીશું, એમ શિખવીચું મનને રે ॥ બાપડલાં રે૦ ॥ ૨ ॥ દુષમકાળે એણે ભરતે, મુક્તિ નહીં સંઘયણને; પણ તુજ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જેમ લોહને રે ॥ બાપડલાં રે૦ ॥ ૩ ॥ શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા પંક શોધનને; આતમભાવ થયો જશ નરમળ, આનંદમય તુજ ભજને રે ॥ બાપડલાં રે૦ ॥ ૪ ॥ અક્ષય નિધાન તુમ સમકિત પામી. કોણ વંછે ચલ ધનને; શાંત સુધારસ કનક કચોળે, સિંચો સેવક તનને રે ॥ બાપડલાં રે૦ ॥ ૫ ॥ બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોયે મુજ મનને; સેવક સુખીયા સુજશ વિલાસી, તે મહિમા પ્રભુ

તુજને રે ॥ આપડલાં રે૦ ॥ ૬ ॥ નામમંત્ર તુમારો સાધ્યો, તે થયો જગમોહનને; તુજ મુખ મુદ્રા દેખી હરખું, જિમ ચાતક જળધરને રે ॥ આપડલાં રે૦ ॥ ૭ ॥ તુમ વિણ અવર દેવ નહિ જાચું (ધ્યાવું), ફેરી ફેરી આ મનને રે; જ્ઞાનવિમળ કહે ભવજળ તારો, સેવક બાંહ ગ્રહીને રે ॥ આપડલાં રે૦ ॥ ૮ ॥

" શ્રી ઋષભદેવસ્વામિ–સ્તવન. "

ઋષભ જિણંદ શું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઇ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઇ વચન ઉચ્ચાર ॥ ઋષભ૦ ॥ એ—આંકણી ॥ ૧ ॥ કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઇનું વ્યવધાન ॥ ઋષભ૦ ॥ ॥ ૨ ॥ પ્રીત કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ; પ્રીતડી જે અરા-

ગીથી, મેળવવી હો તે લોકોત્તર માગ ॥ ઋષભ૦ ॥ ૩ ॥ પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ; કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાતે હો કહો બને બનાવ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમ-પુરૂષથી રાગતા, એકત્ત્વતા હો દાખી ગુણ ગેહ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ પ્રભુજીને અવ-લંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ; દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિ-ચળ સુખવાસ ॥ ઋષભ૦ ॥ ૬ ॥

"શ્રી આદિજિન–સ્તવન."

(રાગ–આશા બસંત.)

આદિ જિનંદ દયાલ હો, મેરી લાગી લગ-નવા ॥ એ–ટેક ॥ વિમલાચલ મંડન દુઃખ ખંડન, મંડન ધર્મ વિસાલ હો ॥ મે૦ ॥ વિષધર મોર ચોર કામીજન, દરિસન કર

નિહાલ હો ॥ મે૦ ॥ ૨ ॥ હું અનાથ તું ત્રિભુવન નાથા, કર મેરી સંભાલ હો ॥ મે૦ ॥ ૩ ॥ આતમ આનંદ કંદકે દાતા, ત્રાતા પરમ દયાલ હો ॥ મે૦ ॥ ૪ ॥

"શ્રી આદિજિન–સ્તવન."

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધીરે કાય; કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી નયન જે; ભૃંગ પરે લપટાય ॥ ૧ ॥ રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે, જગમાં તુમશુંરે વાદ ॥ ૨ ॥ વગર ધોઇ તુજ નિરમળી, કાયા કંચનવાન; નહીં પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન ॥ ૩ ॥ રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય; રૂધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દુધ સહોદર હોય ॥ ૪ ॥ શ્વાસોશ્વાસ કમળ

સમો, તુજ લોકોત્તરવાદ; દેખે ન આહાર નિહાર ચર્મ ચક્ષુ ધણી; એહવા તુજ અ-વદાત ॥ ૫ ॥ ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ, કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીશ ઇમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥ જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એક સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ ॥ પ્રથમ૦ ॥ ૭ ॥

"શ્રી પુંડરીકગિરિ–સ્તવન."

વીરજી આવ્યા રે વિમલાચલકે મેદાન, સુર-પતિ ભાયારે સમવસરણ કે મંડાણ;॥એ-આંકણી॥ દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય મહિમા વરણવે તામ; ભાખ્યાં આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યું રે પુંડરગિરિ અભિધાન; સોહમ ઈંદા રે તવ પૂછે બહુ માન, કિમ થયું સ્વામી રે, ભાખો તાસ નિદાન ॥ વીરજી૦

॥ ૧ ॥ પ્રભુજી ભાખે સાંભળ ઈંદ્ર, પ્રથમ જે હુવા ઋષભજિણંદ; તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુવા રે ઋષભસેન પુંડરીક; ઋષભજી પાસે રે દેશના સુણી તહકીક, દીક્ષા લીધી રે ત્રિપદી જ્ઞાન અધિક ॥ વીરજી૦ ॥ ૨ ॥ ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ; વિચરે મહીયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યા રે શ્રીસિદ્ધાચલ ઠામ; મુનિવર કોડી રે પંચ તણે પરિવાર, અણસણ કીધાં રે, નિજ આતમને ઉદ્ધાર ॥ વીરજી૦ ॥ ૩ ॥ ચૈત્રી પૂનમ દિવસે એહ, પામ્યા કેવળજ્ઞાન અછેહ; શિવસુખ વરિયા અમર અદેહ, પૂર્ણાનંદી રે અગુરૂલઘુ અવગાહ; અજ અવિનાશી રે નિજ ગુણ ભોગી અબાહ, નિજ ગુણ ધરતા રે પર પુદ્ગલ નહીં ચાહ ॥ વીરજી૦ ॥ ૪ ॥ તેણે પ્રગટ્યું પુંડરગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ; એહનો મહિમા અતિહિ ઉદ્દામ,

તેણે દિન કીજ રે, તપ જપ પૂજા ને દાન; વ્રત વળી પોસહ રે જેહ કરે અનિદાન, ફળ તસ પામે રે, પંચ કોડી ગણું માન ।। વીરજી૦ ।। ૫ ।। ભકતે ભવ્ય જીવ જે હોય, પંચમ ભવે મુકિત લહે સોય; તેહમાં બાધક છે નહિ કોય, વ્યવહાર કેરી રે, મધ્યમ ફળની એ વાત; ઉત્કૃષ્ટ ચોગે રે અંતરમુહૂર્ત્ત વિખ્યાત; શિવ સુખ સાધે રે, નિજ આતમ અવદાત ।। વીરજી૦ ।। ૬ ।। ચૈત્રી પૂનમ મહિમા દેખ, પૂજા પંચ પ્રકારી વિશેષ; તેહમાં નહિં ઉણીમ કાંઇ રેખ, એણી પરે ભાખી રે, જિનવર ઉત્તમ વાણ; સાંભળી બુઝ્યા રે, કેઇક ભવિક સુજાણ, એણી પરે ગાયો રે, પદ્મવિજય સુપ્રમાણ ।। વીરજી૦ ।। ૭ ।।

"શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન."

(રશીયાની દેશી.)

પ્રણમો પ્રેમે પુંડરીક રાજીયો, ગાજીયો જગમાં રે એહ–સૌભાગી; જાત્રાએ જાતાં રે પગે પગે નિર્જરે રે, બહુ ભવ સંચિત ખેહ –સૌભાગી ॥ પ્ર૦ ॥ ૧ ॥ પાપ હોય વજ્રલેપ સમોવડે, તે પણ જાયે દૂર–સૌભાગી; જો એ ગિરિનું દરશન કીજીએ, ભાવભક્તિ ભરપૂર–સૌભાગી ॥ પ્ર૦ ॥ ૨ ॥ ગોહત્યાદિક હત્યા પંચ છે, કારક તેહના જે હોય –સૌભાગી; તે પણ એ ગિરિ દરશન જો કરે, પામે શિવ ગતિ સોય–સૌભાગી ॥પ્ર૦॥ ૩ ॥ શ્રી શુકરાજા નરપતિ ઇણ ગિરિ, કરતો જિનવર ધ્યાન–સૌભાગી; ષટ્ માસે રિપુ વિલય ગયા સર્વે, વાધ્યો અધિક તસ વાન —સૌભાગી ॥ પ્ર૦ ॥ ૪ ॥ ચંદ્રશેખર નિજ ભગિની ભોગવી, કીધું પાપ મહંત સૌભાગી તે પણ એ તીરથ આરાધતાં, પામ્યો શુભ

ગાત સંત-સૌભાગી ॥ પ્ર૦ ॥ ૫ ॥ મોર સર્પ વાઘણ પ્રમુખ બહુ, જીવ છે જે વિકરાલ-સૌભાગી; તે પણ એ ગિરિ દરશન પુણ્યથી, પામે સુગતિ વિશાલ-સૌભાગી ॥ પ્ર૦ ॥ ૬ ॥ એહવો મહિમા એ તીરથ તણો, ચૈત્રી પૂનમે વિશેષ-સૌભાગી; શ્રીવિજયરાજસૂરીશ્વર શિષ્યનો, દાન ગયા દુઃખ લેશ -સૌભાગી ॥ પ્ર૦ ॥ ૭ ॥

" શ્રી રાયણ પગલાંનું સ્તવન."

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર; શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચલ શણગાર ॥ રાયણ રૂડી રે, જીહાં પ્રભુ પાય ધરે ॥ વિમળગિરિ વંદો રે, દેખત દુઃખ હરે ॥ પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે ॥ ૧ ॥ ગુણ અનંતા ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત; વળી રે સિદ્ધશે વાર

અનંતી, એમ ભાખે ભગવંત ॥ ભવો ભવ કેરાં રે, પાતક દૂર ટળે ॥ વિમલ૦ ॥ ૨ ॥ વાવડીયું રસકુંપા કેરી, મણિ માણેકની ખાણ; રત્નખાણ બહુ રાજે હો તીરથ, એહવી શ્રી જિનવાણ ॥ સુખના સનેહી રે, બંધન દૂર કરે ॥ વિમલ૦ ॥ ૩ ॥ પાંચ કોડીશું પુંડ-રીક સિધ્યા, ત્રણ કોડાશું રામ; વીશ કોડીશું પાંડવ મુક્તિ, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ ॥ મુ-નિવર મ્હોટા રે, અનંતા મુક્તિ વરે ॥ વિમલ૦ ॥ ૪ ॥ એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રીજિનભાણ; દુર્ગતિ કાપે ને પાર ઉતારે, (વહાલો), આપે કેવલનાણ ॥ ભાવજન ભાવે રે, જે એનું ધ્યાન ધરે ॥ વિમલ૦ ॥ ૫ ॥ દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રીજિનપાય; ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિસેં જ્યોતમિલાય ॥ કીરતિ એહની રે, માણેક મુનિ કરે ॥ વિમલ૦ ॥ ૬ ॥

---

(૨)

ઉમૈયા મુજને ઘણી, જીહો ભેટું વિમળ-
ગિરિરાજ; દોઇતરા મુજ પાંખડી, જીહો
લળી લળી લાગું પાય કે ॥ મોહનગારા
હો રાજ રૂડા, મારા સાંભળ સુગુણા સુડા
॥ ૧ ॥ શત્રુંજય શિખર સોહામણો, જીહો
ધન્ય ધન્ય રાયણ રૂખ; ધન્ય પગલાં પ્રભુજી
તણાં, જીહો દીઠડે ભાગે ભૂખકે ॥ મોહન૦
॥ ૨ ॥ ઇણ ગિરિ આવી સમોસર્યા, જીહો
નાભિનરિંદ મલ્હાર; પાવન કીધી વસુંધરા,
જીહો પૂર્વ નવાણું વાર કે ॥ મોહન૦ ॥ ૩ ॥
પુંડરીક મુનિ મુગતે ગયા, જીહો સાથે મુનિ
પંચક્રોડ; પુંડરીક ગિરિવર એ થયા, જીહો
નમો નમો બે કર જોડ કે ॥ મોહન૦ ॥ ૪ ॥
એણે તીરથે સિધ્યા ઘણા, જીહો સાધુ
અનંતી ક્રોડ; ત્રણ ભુવનમાં જોવતાં,
જીહો નહીં કોઇ એહની જોડ કે ॥ મોહન૦
॥ ૫ ॥ મનવાંછિત સુખ મેળવે, જીહો

જપતાં એ ગિરિરાજ; દ્રવ્ય ભાવ વૈરી તણો, જીહો ભય જાયે સવિ ભાંજ કે ॥ મોહન૦ ॥ ૬ ॥ વાચક રામવિજય કહે, જીહો નમો નમો તીરથ એહ; શિવ મંદિરની શ્રેણુ છે, જીહો એહમાં નહિ સંદેહ કે ॥ મોહન૦ ॥ ૭ ॥

"શ્રીશત્રુંજયની સ્તુતિઓ."

પુંડરગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ ॥
વિમલાચલ ભેટી, લહિએ અવિચલ ઋદ્ધ ॥
પંચમગતિ પહોંત્યા, મુનિવર કોડાકોડ ॥
એણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ ॥૧॥

(૨)

શ્રી શત્રુંજય ગિરિવર (વાસવ), વાસવ સેવિત પાયજી ॥ જયવંતા વરતો તિહું કાલે, મંગલ કમલા દાયજી ॥ સિરિ રિસહેસર

શિષ્ય શિરોમણિ, પુંડરીકથી તે સાધ્યોજી ॥
ચૈત્રી પૂનમ આ ચોવીશી, મહિમા જેહનો
સાધ્યોજી ॥ ૧ ॥

(૩)

શત્રુંજય મહિમા, પ્રગટ્યો જેથી સાર ॥
ચૈત્રી પૂનમ દિન, આપ્યો એહ ઉદાર ॥
રિસહેસર સેવા, શિર વહો ધરી આણંદ ॥
તિહુઅણ ભવિ કૈરવ, વિપિન વિકાસન
ચંદ ॥ ૧ ॥

---

(૪)

શ્રી શત્રુંજય મંડણ, રિસહ જિણેસર દેવ ॥
સુર નર વિદ્યાધર, સારે જેહની સેવ ॥
સિદ્ધાચલ શિખરે, સોહાકર શૃંગાર ॥ શ્રી
નાભિનરેસર, મરૂદેવીનો મલ્હાર ॥ ૧ ॥

---

(૫)

પ્રણમો ભવિયાં રિસહ જિણેસર, શત્રુંજય
કેરા રાયજી ॥ વૃષભ લંછન જસ ચરણે

સોહે, સોવન વરણી કાયજી ॥ ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાયજી ॥ ચૈત્રી પૂનમને દિવસે જેહના, મ્હોટા મહોત્સવ થાયજી ॥ ૧ ॥

---

(૬)

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિભૂપ કુળ કમળ દિણંદ; મરૂદેવીનો નંદ ॥ જસ મુખ સોહે પૂનમચંદ, સેવા સારે ઇંદ નરિંદ; ઉન્મૂલે દુઃખ દંદ ॥ વાંછિત પૂરણ સુરતરૂ કંદ, લંછન જેહને સુરભિનંદ; ફેડે ભવ ભય ફંદ ॥ પ્રણમે જ્ઞાનવિમળસૂરિંદ, જેહના અહોનિશ પદ અરવિંદ; પામે પરમાનંદ ॥ ૧ ॥

---

(૭)

વિમલગિરિ સહુ તીરથ રાજા, નાભિકો નંદન જિનવર તાજા; ભવ જલધિકો જહાજા ॥ નેમિ વિના જિન તેવીસ, સમવસરે

સહુ વિમલગિરિસ; ભવિજન પૂરે જગીસ ॥ સિદ્ધક્ષેત્ર જિન આગમ ભાસે, દૂરભવિ અભવ્ય નિરાસે; ગિરિ દરિસણ નવિ પાસે ॥ કવડ યક્ષ ચક્કેસરી દેવી, તીરથ સાન્નિધ્ય કર સુખ લેવી; આતમ સફલ કરેવી ॥ ૧ ॥

---

(૮)

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો ॥ વિમલગિરિ વધાવો, મોતીયાં થાળ લાવો ॥ જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો ॥ ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ॥ ૧ ॥

" શ્રી આદીશ્વરપ્રભુની સ્તુતિ "

આદિજિનવર રાયા, જાસ સોવન્ન કાયા ॥ મરૂદેવી માયા, ધોરી લંછન પાયા ॥ જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા ॥ કેવલ સિરી રાયા, મોક્ષનગરે સધાયા ॥ ૧॥

" શ્રીઋષભદેવપ્રભુની સ્તુતિ. "

વ્યાશી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પ-
રિકર યુક્તાજી; જન્મ થકી પણ દેવતરૂ ફલ
ક્ષીરોદધિજલ ભોક્તાજી; મઇ સુય ઓહિ
નાણે સંજુત્ત, નયણ વયણ કજ ચંદાજી;
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી-
ઋષભ જિણંદાજી ॥ ૧ ॥

" શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ. "

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજય અહિઠાણ ॥ પુંડ-
રીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ ॥
આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર ॥
કેવલ કમલાવર, નાભિનરિંદ મલ્હાર ॥ ૧ ॥

શ્રીશત્રુંજયતીર્થ સંબંધી એકવીશ નામના ગુણગર્ભિત એકવીશ ખમાસમણ

આપવાના દુહા.

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર; મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર ॥ ૧ ॥ [૧]અંગ [૨]વસન [૩]મન [૪]ભૂમિકા, [૫]પૂજોપગરણ સાર; [૬]ન્યાયદ્રવ્ય [૭]વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર ॥ ૨ ॥ કાર્તિક શુદી પૂનમ દિને, દશ કોટી પરિવાર; દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર ॥ ૩ ॥ તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સયલ પરિવાર; આદિજિન સનમુખ રહી, ખમાસમણ બહુ વાર ॥ ૪ ॥ એકવીશ નામે વરણવ્યો, તિહાં પહેલું અભિધાન;

૧ શરીર શુદ્ધિ. ૨ વસ્ત્ર શુદ્ધિ. ૩ ચિત્ત શુદ્ધિ. ૪ ભૂમિ શુદ્ધિ. ૫ ઉપગરણ શુદ્ધિ. ૬ દ્રવ્ય શુદ્ધિ. ૭ યથાર્થવિધિ શુદ્ધિ.

શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુ માન ॥ ૫ ॥

(અહીયાં—

" સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર ॥ ૧ ॥ "

એ દુહો પ્રત્યેક ખમાસમણ દીઠ કહેવો.)

૨–સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર; લાખ સવા માહાતમ કર્યું, સુર નર સભા મોઝાર ॥ ૬ ॥ ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ; પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ ॥ ૭ ॥ તિણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત; મન વચ કાયે વંદીયે, ઉઠી નિત્ય પ્રભાત ॥ ૮ ॥ સિદ્ધા૦ ॥

૩–વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ; એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ ॥ ૯ ॥ સિદ્ધા૦ ॥

૪–અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક; તુંબીજળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત

વિવેક ॥ ૧૦ ॥ ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મળધામ; અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ ॥ ૧૧ ॥ સિદ્ધા૦ ॥

૫–પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય; સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય ॥ ૧૨ ॥ અથવા ચઉદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક; તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક ॥ ૧૩ ॥ સિદ્ધા૦ ॥

૬–એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ; મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ ॥ ૧૪ ॥ સિદ્ધા૦ ॥

૭–ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનિક; જેહવો તેહવો સંયમી, વિમળાચળ (એ તીરથે) પૂજનિક ॥ ૧૫ ॥ વિપ્રલોક વિષધર સમા, દુઃખીયા ભૂતળ માન; દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન ॥ ૧૬ ॥ શ્રાવક મેઘ સમા કહ્યા,

કરતા પુણ્યનું કામ; પુણ્યની રાશિ વધે ઘણી, તેણે પુણ્યરાશિ નામ ॥ ૧૭ ॥ સિદ્ધા૦ ॥

૮—સંયમધર મુનિવરઘણા, તપ તપતા એક ધ્યાન; કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન ॥૧૮॥ લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર; નામ નમો તેણે આઠમું, શ્રીપદ્દગિરિ નિરધાર ॥ ૧૯ ॥ સિદ્ધા૦ ॥

૯ – શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ; ઇંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ ઇંદ્રપ્રકાશ ॥ ૨૦ ॥ સિદ્ધા૦ ૯ ॥

૧૦–દશ કોટિ અણુવ્રત ધરા, ભક્તે જમાડે સાર; જૈનતીર્થ યાત્રા કરી, લાભ તણો નહીં પાર ॥ ૨૧ ॥ તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન; દેતાં લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન ॥ ૨૨ ॥ સિદ્ધા૦ ॥

૧૧—પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત; શત્રુંજય માહાત્મ્ય સુણી, નમો

શાશ્વતગિરિ સંત ॥ ૨૩ ॥ સિદ્ધા૦ ॥

૧૨—ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર; યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ॥ ૨૪ ॥ જે પરદારા લંપટી, ચો-રીના કરનાર; દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણહાર ॥ ૨૫ ॥ ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ; તપ તપતાં પાતિક ગળે, તેણે દૃઢશક્તિ નામ ॥ ૨૬ ॥ સિદ્ધા૦ ॥

૧૩—ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ; સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિ-નિલયગિરિ તેહ ॥ ૨૭ ॥ સિદ્ધા૦ ॥

૧૪—ચંદા સૂરજ બિહુ જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ; વધાવિયો વર્ણવ કરી, (કરી વર્ણવ ને વધાવિયો), પુષ્પદંતગિરિ રંગ ॥ ૨૮ ॥ સિદ્ધા૦ ॥

૧૫-કર્મકલણ ભવજળ તજી, ઇહાં પા-મ્યા શિવસદ્મ; પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ ॥ ૨૯ ॥ સિદ્ધા૦ ॥

૧૬—શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર; મુનિવર વર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર ॥ ૩૦ ॥ સિદ્ધા૦ ॥

૧૭—શ્રીસુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ; જળ તરૂ રજ ગિરિવર તણી, શિશ ચઢાવે ભૂપ ॥ ૩૧ ॥ સિદ્ધા૦ ॥

૧૮—વિદ્યાધર સુર અપચ્છરા,નદી શેત્રુંજી વિલાસ; કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ ॥ ૩૨ ॥ સિદ્ધા૦ ॥

૧૯—બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર; તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર ॥ ૩૩ ॥ પ્રભુ વચને અણુ-સણ કરી, મુક્તિપુરીમાં વાસ; નામે કદંબ-ગિરિ નમો, તો હોય લીલ વિલાસ ॥ ૩૪ ॥ સિદ્ધા૦ ॥

૨૦—પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલ-ગિરિનું સાર; ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોયે સંસાર ॥ ૩૫ ॥ સિદ્ધા૦ ॥

૨૧—તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ; જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ ॥ ૩૬ ॥ વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ્ માસ; તેજ અપૂરવ વિસ્તરે, પૂરે (પૂગે) સઘળી આશ ॥ ૩૭ ॥ ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ૦ ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ ॥ ૩૮ ॥ સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ; શ્રીશુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ ॥ ૩૯ ॥ સિદ્ધા૦ ॥

ઇતિ સિદ્ધગિરિ એકવીશ ખમાસમણના દુહા—

સંપૂર્ણ.

" શ્રી સિદ્ધગિરિનાં ખમાસમણ. "

(દુહા–૧૦૮.)

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ; પરમાતમ પરમેસરૂ, પ્રણમું પ-રમ મુનીશ ॥ ૧ ॥ જય જય જગપતિ જ્ઞાન ભાન, ભાસિત લોકાલોક; શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક ॥ ૨ ॥ શ્રી-સિદ્ધાચલ મંડણો, નાભિનરેસર નંદ; મિથ્યા-મતિ મત ભંજણો, ભવિ કુમુદાકર ચંદ ॥૩॥ પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગ-નાથ; તે સિદ્ધાચલ પ્રણમિયે, ભકતે જોડી હાથ ॥ ૪ ॥ અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર; તે સિદ્ધાચલ પ્રણમિયે, લહિયે મંગલ માલ ॥ ૫ ॥ જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ; તે સિદ્ધાચલ પ્રણમિયે, ઋદ્ધિ સદા સુખવૃંદ ॥ ૬ ॥ મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિ-

મંદ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રગટે સહજાનંદ ॥ ૭ ॥ સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડુર; તે તીર્થેશ્વર પ્રણમિયે, નાસે અઘ સવિ દૂર ॥ ૮ ॥ કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામીજે સુખવાસ ॥ ૯ ॥ પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતક દૂર પલાય ॥૧૦॥ શ્રદ્ધા ભાસન રમણતા, રત્નત્રયીનું હેતુ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ભવ મકરાકર સેતુ ॥ ૧૧ ॥ મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, સુર નર જસ ગુણ ગાય ॥ ૧૨ ॥ પુંડરીક ગણધર પ્રમુખ, સિધ્યા સાધુ અનેક; તે તીર્થેશ્વર પ્રણમિયે, આણી હૃદય વિવેક ॥ ૧૩ ॥ ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામીને નિજ ઋદ્ધ ॥ ૧૪ ॥ જલચર ખેચર તિરિય સવે,

પામ્યા આતમ ભાવ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ભવજલ તારણ નાવ ॥ ૧૫ ॥ સંઘ યાત્રા જેણે કરી, દીધા જેણે ઉદ્ધાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, છેદીજે ગતિ ચાર ॥ ૧૬ ॥ પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, મિથ્યામતિ સવિ જાય ॥ ૧૭ ॥ સુરતરૂ સુરમણિ સુરગવી, સુરઘટ સમ જસ ધ્યાવ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ ॥ ૧૮ ॥ સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક; તે તીર્થેશ્વર પ્રણમિયે, ગાવે જેહના શ્લોક ॥ ૧૯ ॥ યોગીસર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન; તે તીર્થેશ્વર પ્રણમિયે, હુવા અનુભવ રસ લીન ॥ ૨૦ ॥ માનું ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય; તે તીર્થેશ્વર પ્રણમિયે, મહિમા દેખણ ચિત્ત ॥ ૨૧ ॥ સુર અસુર નર કિન્નરા, રહે છે જેહની પાસ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામે લીલ વિલાસ ॥ ૨૨ ॥

મંગલકારી જેહની, મૃત્તિકા હારી ભેટ; તે તીર્થેશ્વર પ્રણમિયે, કુમતિ કદાગ્રહ મેટ ॥ ૨૩ ॥ કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, સાવ તસ મહિમા ગાય ॥ ૨૪ ॥ સૂરજકુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, જસ મહિમા ન કહાય ॥ ૨૫ ॥ સુંદર ટુંક સોહામણી, મેરૂ સમ પ્રાસાદ; તે તીર્થેશ્વર પ્રણમિયે. દૂર ટલે વિખવાદ ॥ ૨૬ ॥ દ્રવ્ય ભાવ વૈરી ઘણા, જિહાં આવ્યે હોય શાંત; તે તીર્થેશ્વર પ્રણમિયે, જાયે ભવની ભ્રાંત ॥ ૨૭ ॥ જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, જસ મહિમા ઉદ્દામ ॥ ૨૮ ॥ નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યા મળ ધોવાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિ જનને સુખદાય ॥ ૨૯॥ આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક; તે તીર્થેશ્વર પ્રણમિયે, જિહાં નવિ

આવે કાક ॥ ૩૦ ॥ સિદ્ધશિલા તપનીયમય, રત્ન સ્ફટિક ખાણ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા કેવલનાણ ॥ ૩૧ ॥ સોવન રૂપા રત્નની, ઓષધિ જાત અનેક; તે તીર્થેશ્વર પ્રણમિયે, ન રહે પાતક એક ॥ ૩૨ ॥ સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર; તે તીર્થેશ્વર પ્રણમિયે. દેવા નિર્મળ નેત્ર ॥ ૩૩ ॥ શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજા સ્નાત્ર; તે તીર્થેશ્વર પ્રણમિયે, પોષે પાત્ર સુપાત્ર ॥ ૩૪ ॥ સાહમ્મિવત્સલ પુણ્ય જિહાં, અનંતગણું કહેવાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, સોવન ફૂલ વધાય ॥ ૩૫ ॥ સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત; તે તીર્થેશ્વર પ્રણમિયે, ત્રિભુવન માંહે વિદિત ॥ ૩૬ ॥ પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ; તે તીર્થેશ્વર પ્રણમિયે, જાયે સકલ જંજાલ ॥ ૩૭ ॥ મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય; તે તી-

ર્થેશ્વર પ્રણમિયે, ગુણ ગુણી ભાવ લખાય ॥ ૩૮ ॥ જેણે ગિરિ રૂખ સોહામણાં, કુંડે નિર્મલ નીર; તે તીર્થેશ્વર પ્રણમિયે, ઉતારે ભવતીર ॥ ૩૯ ॥ મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ; તે તીર્થેશ્વર પ્રણમિયે, લાહયે શિવપુર રાજ ॥ ૪૦ ॥ કર્મ કોટિ અઘ વિકટ ભટ, દેખી ધ્રુજે અંગ; તે તીર્થેશ્વર પ્રણમિયે, દિન દિન ચઢતે રંગ ॥ ૪૧ ॥ ગોરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત; તે તીર્થેશ્વર પ્રણમિયે, સુખે શાસન રીત ॥ ૪૨ ॥ કવડ જક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજુર; તે તીર્થેશ્વર પ્રણમિયે, અસુરાં રાખે દુર ॥ ૪૩ ॥ ચિત્ત ચાતુરી ચક્રેસરી, વિઘ્ન વિનાસણ હાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, સંઘ તણી કરે સાર ॥ ૪૪ ॥ સુરવરમાં મઘવા યથા, ગ્રહ ગણમાં જિમ ચંદ; તે તીર્થેશ્વર પ્રણમિયે, તિમ સવિ તીરથ ઈંદ ॥ ૪૫ ॥ દીઠે

દુર્ગતિ વારણો, સમર્યા સારે કાજ; તે તીર્થે-શ્વર પ્રણમિયે, સવિ તીરથ શિરતાજ ॥ ૪૬ ॥ પુંડરીક પંચ કોડીશું, પામ્યા કેવલનાણ; તે તીર્થેશ્વર પ્રણમિયે, કર્મ તણી હોય હાણ ॥ ૪૭ ॥ મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ ને વારિખેણ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ચઢિયા શિવ નિશ્રેણ ॥ ૪૮ ॥ નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવપુર આથ ॥ ૪૯ ॥ ઋષભ વંશીય નરપતિ ઘણા, ઇણે ગિરિ પહોતા મોક્ષ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલ્યા ઘાતિક દોષ ॥ ૫૦ ॥ રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત્ત; તે તીર્થેશ્વર પ્રણમિયે, ઇણે ગિરિ શિવ સંપત્ત ॥ ૫૧ ॥ નારદ મુનિવર નિર્મલો, સાધુ એકાણું લાખ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રવચન પ્રગટ એ ભાખ ॥ ૫૨ ॥ શાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડિ આઠ કોડિ; તે તીર્થેશ્વર પ્રણમિયે,

પૂરવ કર્મ વિછોડિ ॥ ૫૩ ॥ થાવચ્ચાસુત સહસશું, અણસણ રંગે કીધ; તે તીર્થેશ્વર પ્રણમિયે, વેગે શિવપદ લીધ ॥ ૫૪ ॥ શુક પરિવ્રાજક વળી, એક સહસ અણગાર, તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવપુર દ્વાર ॥ ૫૫ ॥ સેલગસૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ; તે તીર્થેશ્વર પ્રણમિયે, અંગે ધરી ઉત્સાહ ॥ ૫૬ ॥ ઇમ બહુ સિધ્યા ઇણે ગિરિ, કહેતાં નાવે પાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, શાસ્ત્ર માંહે અધિકાર ॥ ૫૭ ॥ બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલે પાતક સ્તોમ ॥ ૫૮ ॥ બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગો હત્યા, પાપ ભારિત જેહ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પહોતા શિવપુર ગેહ ॥ ૫૯ ॥ જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ; તે તીર્થેશ્વર પ્રણમિયે, તીર્થ માંહે ઉક્કિટ્ઠ ॥ ૬૦ ॥ ધન્ય ધન્ય સોરઠ દેશ જિહાં,

તીરથ માંહે સાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, જનપદમાં શિરદાર ॥ ૬૧ ॥ અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવવધુ રંગ ॥ ૬૨ ॥ વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા નિર્મલ બુદ્ધ ॥ ૬૩ ॥ મહા મ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુવા ઉપસંત; તે તીર્થેશ્વર પ્રણમિયે, મહિમા દેખી અનંત ॥ ૬૪ ॥ મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતકહારી નામ ॥ ૬૫ ॥ સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત; તે તીર્થેશ્વર પ્રણમિયે, ઉપશમ તસ ઉલસંત ॥ ૬૬ ॥ શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, અહે ગુણયુત શ્રોતાર ॥૬૭॥ પ્રિયમેલક ગુણગણ તણું, કીરતિકમલા સિંધુ; તે તીર્થેશ્વર પ્રણમિયે, કલિકાલે જગબંધુ

॥ ૬૮ ॥ શ્રીશાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ; તે તીર્થેશ્વર પ્રણમિયે, દિન દિન મંગલ માલ ॥ ૬૯ ॥ શ્વેત ધ્વજા જસ લહકતી, ભાંખે ભવિને એમ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ભ્રમણ કરો છો કેમ ? ॥ ૭૦ ॥ સાધક સિદ્ધ દશા ભણી, આરાધે એક ચિત્ત; તે તીર્થેશ્વર પ્રણમિયે, સાધન પરમ પવિત્ત ॥ ૭૧ ॥ સંઘપતિ થઈ એહની, જે કરે ભાવે યાત્ર; તે તીર્થેશ્વર પ્રણમિયે, તસ હોય નિર્મલ ગાત્ર ॥ ૭૨ ॥ શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ; તે તીર્થેશ્વર પ્રણમિયે, જેહનો જસ અભંગ ॥ ૭૩ ॥ રાયણવૃક્ષ સોહામણો, જિહાં જિનેશ્વર પાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, સેવે સુર નર રાય ॥ ૭૪ ॥ પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ; તે તીર્થેશ્વર પ્રણમિયે, સમતા પાવન અંગ ॥ ૭૫ ॥ વદ્યાધરજ મિલે બહુ, વિચરે ગિરિવર

શૃંગ; તે તીર્થંશ્વર પ્રણમિયે, ચઢતે નવરસ રંગ ॥ ૭૫ ॥ માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ; તે તીર્થંશ્વર પ્રણમિયે, પૂજો ભવિ એકંગ ॥ ૭૭ ॥ અજિત જિનેશ્વર જીહાં રહ્યા, ચોમાસું ગુણગેહ; તે તીર્થંશ્વર પ્રણમિયે, આણી અવિહડ નેહ ॥ ૭૮ ॥ શાંતિજિનેશ્વર સોલમા, સોલ કષાય કરી અંત; તે તીર્થંશ્વર પ્રણમિયે, ચાતુરમાસ રહંત ॥ ૭૯ ॥ નેમિ વિના જિનવર સવે, આવ્યા છે જિણ ઠામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, શુદ્ધ કરે પરિણામ ॥ ૮૦ ॥ નમિ નેમિ જિન અંતરે, અજિતશાંતિસ્તવ કીધ; તે તીર્થંશ્વર પ્રણમિયે, નંદિષેણ પ્રસિદ્ધ ॥ ૮૧ ॥ ગણધર મુનિ ઉવજ્ઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ; તે તીર્થંશ્વર પ્રણમિયે, જ્ઞાન અમૃતરસ ચાખ ॥ ૮૨ ॥ નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ; તે તીર્થંશ્વર પ્રણમિયે, દુંદુભિ માદલ વાદ ॥ ૮૩ ॥

જેણે ગિરિ ભરત નરેસરે, કીધો પ્રથમ ઉદ્ધાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, મણિમય મૂરતિ સાર ॥ ૮૪ ॥ ચૌમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, અક્ષય સુખ દાતાર ॥ ૮૫ ॥ ઇણ તીરથ મહોટા કહ્યા, સોલ ઉદ્ધાર સફાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, લઘુ અસંખ્ય વિચાર ॥ ૮૬ ॥ દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત; તે તીર્થેશ્વર પ્રણમિયે, શત્રુંજય સમરંત ॥ ૮૭ ॥ પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણ ઠામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પુંડરીકગિરિ નામ ॥ ૮૮ ॥ કાંકરે કાંકરે ઇણ ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત; તે તીર્થેશ્વર પ્રણમિયે, સિદ્ધક્ષેત્ર સમચિત્ત ॥ ૮૯ ॥ મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાયે દૂર; તે તીર્થેશ્વર પ્રણમિયે, વિમલાચલ સુખ પૂર ॥ ૯૦ ॥ સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ; તે તીર્થેશ્વર

પ્રણમિયે, સુરગિરિ નામ પ્રમાણ ॥ ૯૧ ॥ પરવત સહુ માંહે વડો, મહાગિરિ તેણે કહંત; તે તીર્થેશ્વર પ્રણમિયે, દરશણ લહે પુણ્યવંત ॥ ૯૨ ॥ પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ; તે તીર્થેશ્વર પ્રણમિયે, નામ ભલું પુણ્યરાશ ॥ ૯૩ ॥ લક્ષ્મીદેવી-એ કર્યો, કુંડે કમલ નિવાસ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પદ્મનામ સુવાસ ॥ ૯૪ ॥ સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત; તે તીર્થેશ્વર પ્રણમિયે, પર્વતઇંદ્ર વિખ્યાત ॥ ૯૫ ॥ ત્રિભુવનમાં તીરથ સવે, તેહમાં મોટો એહ; તે તીર્થેશ્વર પ્રણમિયે, મહા-તીરથ જસ રેહ ॥ ૯૬ ॥ આદિ અંત નહિ જેહનો, કોઈ કાલે ન વિલાય; તે તીર્થેશ્વર પ્રણમિયે, શાશ્વતગિરિ કહેવાય ॥ ૯૭ ॥ ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અ-પાર; તે તીર્થેશ્વર પ્રણમિયે, નામ સુભદ્ર સંભાર ॥ ૯૮ ॥ વીર્ય વધે શુભ સાધુને,

પામી તીરથ ભક્તિ; તે તીર્થેશ્વર પ્રણમિયે, નામે જે દૃઢશક્તિ ॥ ૯૯ ॥ શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન; તે તીર્થેશ્વર પ્રણમિયે, મુક્તિનિલય ગુણખાણ ॥ ૧૦૦ ॥ ચંદ્ર સૂરજ સમકિત ધરા, સેવ કરે શુભચિત્ત; તે તીર્થેશ્વર પ્રણમિયે, પુષ્પદંત વિદિત ॥ ૧૦૧ ॥ નિજ રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ; તે તીર્થેશ્વર પ્રણમિયે, મહાપદ્મ સુવિલાસ ॥ ૧૦૨ ॥ ભૂમિધરી જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ; તે તીર્થેશ્વર પ્રણમિયે, પૃથિવીપીઠ અનીહ ॥ ૧૦૩ ॥ મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, ભદ્રપીઠ જસ નામ ॥ ૧૦૪ ॥ મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહર; તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતાલમૂલ વિચાર ॥ ૧૦૫ ॥ કર્મક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખકેલ; તે તીર્થેશ્વર પ્રણમિયે, અકર્મક મન મેલ

॥ ૧૦૬ ॥ કામિત સવિ પૂરણ હોયે, જેહનું દરિસણ પામ; તે તીર્થેશ્વર પ્રણમિયે, સર્વ-કામ મન ઠામ ॥ ૧૦૭ ॥ ઈત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર; જે સમર્થા પાતક હરે, આતમ શક્તિ અનુસાર ॥ ૧૦૮ ॥

—"કળશ."—

ઇમ તીર્થ નાયક, સ્તવન લાયક, સંથણ્યો શ્રીસિદ્ધગિરિ ॥ અઠ્ઠોત્તર સય ગાહ સ્તવને, પ્રેમ ભક્તે મન ધરી ॥ શ્રીકલ્યાણસાગર; સૂરિ શિષ્યે, શુભ જગીશ સુખકરી ॥ પુણ્ય મહોદય, સકલ મંગલ, વેલી સુજસે જય-સિરી ॥ ૧ ॥

ઇતિ સિદ્ધગિરિ સ્તુતિ સંબંધી ૧૦૮ દુહા-

સંપૂર્ણ.

"શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન."

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો; કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો ॥ ૧ ॥ સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ; ભવો ભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ ॥ ૨ ॥ સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઇશું; પાય તુમારા સેવીને, શિવ રમણી વરીશું ॥ ૩ ॥ એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ; ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ॥ ૩ ॥

---

(૨)

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી; શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી ॥ ૧ ॥ ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી; વૃષભ લંછને વિરાજમાન, વંદે નરનારી ॥ ૨ ॥ ધનુષ પાંચસેં

દેહડી એ, સોહીએ સોવનવાન; કીર્ત્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન ॥ ૩ ॥

" શ્રી સીમંધરજિન--સ્તવન. "

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો ॥ મુજ વિનતડી, પ્રેમ ધરીને એણી-પરે તુમે સંભળાવજો ॥ એ આંકણી ॥ જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે; નાણ દરિસણ જેહને ખાયક છે ॥ સુણો૦ ॥ ૧ ॥ જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે; પુંડરિગિ-ણિ નગરીનો રાયા છે ॥ સુણો૦ ॥ ૨ ॥ બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીશ અ-તિશય છાજે છે; ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે ॥ સુણો૦ ॥ ૩ ॥ ભવિજનને તે પડિ-બોહે છે, તુમ અધિક શીતળ ગુણ સોહે છે; રૂપ દેખી ભવિજન મોહે છે ॥ સુણો૦

॥ ૪ ॥ તુમ સેવા કરવા રસીઓ છું, પણ ભરતમાં દૂરે વસીઓ છું; મહામોહરાય કર ફસીઓ છું ॥સુણો૦ ॥ ૫ ॥ પણ સાહિબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણા ખડગ કર ગ્રહીઓ છે; પણ કાંઇક મુજથી ડરીઓ છે સુણો૦ ॥ ૬ ॥ જિન ઉત્તમ પુંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો, તો વાધે મુજ મન અતિ નૂરો ॥ સુણો૦ ॥ ૭ ॥

---

(૨)

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરગિણી ગામ; ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ ॥ સીમંધર સ્વામી, કૈયે રે હું મહાવિદેહ આવીશ, જયવંતા જિનવર, કૈયે રે હું તમને વાંદીશ ॥ ૧ ॥ ચાંદલીયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ; ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરેરે

પ્રણામ ॥ સીમંધર૦ ॥ ૨ ॥ સમવસરણ હેવે રચ્યું તિહાં, ચોસઠ ઇંદ્ર નરેશ; સોના તણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ ॥ સીમંધર૦ ॥ ૩ ॥ ઇંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ; લળી લળી લીયે લૂંછણાંજી, જિનવર દિયે ઉપદેશ ॥ સીમંધર૦ ॥ ૪ ॥ એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવાં પચ્ચખાણ; બારે પર્ષદા સાંભળેજી, અમૃતવાણી વખાણ ॥ સીમંધર૦ ॥ ૫ ॥ રાયને વ્હાલા ઘોડલાજી, વેપારીને વ્હાલા છે દામ; મુજને વ્હાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ ॥ સીમંધર૦ ॥ ૬ ॥ નહિ માગું પ્રભુ રાજઋદ્ધિજી, નહિ માગું ગરથ ભંડાર; હું માગું પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર ॥ સીમંધર૦ ॥ ૭ ॥ દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજૂર; મુજરો મહારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર ॥ સીમંધર૦ ॥ ૮ ॥ સમયસુંદરની

વિનતિજી, માનજો વારંવાર; બેહુ કરજોડી વિનવુંજી, વિનતડી અવધાર ॥સીમંધર૦॥૯॥

" શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ. "

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ ॥ અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ ॥ સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી ॥ જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી ॥ ૧ ॥

" શ્રી અજિતનાથ–ચૈત્યવંદન."

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનિતાનો સ્વામી; જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી ॥ ૧ ॥ બોહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જેણે આય; ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥ ૨ ॥ સાડા ચ્યારસેં ધનુષનો એ, જિનવર ઉત્તમ દેહ; પાદ

પદ્મ તસ પ્રણમીએ, જેમ લહીએ શિવ ગેહ ॥ ૩ ॥

" શ્રી અજિતનાથ-સ્તવન."

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે; માલતી ફુલે મોહીયો, કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે ॥ અજિત૦ ॥ ૧ ॥ ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે; સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જેમ ચાતક બાલકે ॥ અજિત૦ ॥૨॥ કોકિલ કલ કુજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે; ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે ॥ અજિત૦ ॥ ૩ ॥ કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે; ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ

ચિત્ત કે ॥ અજિત૦ ॥ ૪ ॥ તિમ પ્રભુશું મુઝ મન રમ્યું, બીજાશું હો નવિ આવે હાથ કે; શ્રીનયવિજય વિબુધ તણો, વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે ॥ અ-જિત૦ ॥ ૫ ॥

"શ્રી અજિતનાથ સ્તુતિ."

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો ॥ શીતલતાયે ચંદો, ધીરતાયે ગિરીંદો ॥ મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરીંદો ॥ લહે પરમાનંદો, સેવના સુખકંદો ॥ ૧ ॥

" શ્રી સંભવનાથ—ચૈત્યવંદન. "

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ સેના નંદન ચંદને, પૂજો નવ અંગે; ચારશે ધનુષનું દેહ માન; પ્રણમું મન રંગે

॥ ૨ ॥ સાઠ લાખ પૂરવતણું એ, જિન-વર ઉત્તમ આય; તુરંગ લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય ॥ ૩ ॥

" શ્રી સંભવનાથ—સ્તવન. "

સંભવ જિનરાજ સુખકંદા, અહો સર્વજ્ઞ જિનચંદા; હરો ભરમ જાલકા ફંદા, મીટે જરા મરણકા ધંદા ॥ સંભવ૦ ॥ ૧ ॥ જો યાચક આશા ના પૂરે, તો દાતા બિરૂદ હૈ દૂરે; જો દાયક મૂલ ના જાણે, તો માંગન આશા કુણ આણે ॥ સંભવ૦ ॥ ૨ ॥ ગુણવંત જાન જો તારે, તો શિર પર નાથ કુણ ધારે; મૂલગુણી કોન જગ સારે, અનાદિ ભરમકો ફારે ॥ સંભવ૦ ॥ ૩ ॥ જો રોગી હોત હૈ તનમેં, તો વૈદ્ય વો ધારતા મનમેં; હું રોગી વૈદ્ય તૂં પૂરો, કરો સબ રોગ ચકચૂરો ॥ સંભવ૦ ॥ ૪ ॥ જ્યું પારસ લોહતા

ખંડે, કનક શુદ્ધ રૂપકું મંડે; એસો જિનરાજ તૂં દાતા, હવે કયું ઢીલ હૈ ત્રાતા ॥ સંભવ૦ ॥ ૫ ॥ જે જાચે દેવ મેં જેતે, કહું હવે નામ તે કેતે; તૂં જાને આદથી ચેરી, અવસ્થા જગતમેં મેરી ॥ સંભવ૦ ॥ ૬ ॥ કલ્પતરૂ જાનકે રાચ્યો, ન નિષ્ફળ હોત અબ જાચ્યો; કરો નિજ રૂપ સાનીકો, ન થાઉં ફિર જગ ફીકો ॥ સંભવ૦ ॥ ૭ ॥ જો ભક્તિ નાથકી કરતા, અક્ષય ભંડારકું ભરતા; આનંદ મન માંહિ અતિ ભારો, નિહારો દાસકું તારો ॥ સંભવ૦ ॥ ૮ ॥

---

(૨)

(હિરણી યવ ચરે—એ દેશી.)

સંભવજિન સુખકારી યા-લલના, પૂરણ હો તુમ ગુણ ભંડાર; પૂજો પ્રભુ ભાવસે -લલના, દુઃખ દુર્ગતિ દૂરે હરે-લલંના, કાટે

હો જન્મ મરણ સંસાર; પદ કજ જો મન લાવસે-લલના ॥ ૧ ॥ પ્રથમ વિરહ પ્રભુ તુમ તણો-લલના, દુજો હો પૂર્વેશ્વર છેદ; દેખો ગતિ કર્મની-લલના, પંચમ કાલ કુગુરૂ બહુ-લલના; પાર્યો હો જિનમત બહુ ભેદ, બાત કો તરણકી-લલના ॥ ૨ ॥ રાગ દ્વેષ બહુ મન વસે-લલના, લડે હો જિમ સોકણ રાંડ; ભુલે અતિ ભરમમેં-લલના, અમૃત છોડ જહર પીએ-લલના, લીયે હો દુ:ખ જિનમત છાંડ, બાંધ અતિ કરમમેં-લલના ॥ ૩ ॥ કરૂણારસ ભરે થોડલે -લલના, સંત હો પરદુ:ખ જાનનહાર; ઝુલે સુખ હરમમેં-લલના, મનકી પીર ન કો સુને-લલના; કૈસે હો કરીયે નિરધાર, પ્રભુ તુમ ધરમમેં-લલના ॥ ૪ ॥ એક આધાર છે મોહ ભણી-લલના, તુમરે હો આગમ પ્રતીત; મન મુઝ મોહિયા-લલના, અવર ભરમ સબ છોરીયો-લલના; ધારી

હો તુમ આણ પુનીત, એહી જગ જોહીયા -લલના ॥ ૫ ॥ જુગપ્રધાન પુરૂષ તણી -લલના, રીતિ હો મુઝ મન સુખદાય; દેખી શુભકારિણી-લલના, એહી જિન મત રીત છે-લલના, મીત હો ઔર સબ હી વિહાય; ભવસિંધુ તારણી-લલના ॥૬॥ ધન્ય જનમ તિસ પુરૂષકા-લલના, ધારી હો તુમ આણ અખંડ; મત વચ કાયસું-લલના, આતમ અનુભવ રસ પીયા-લલના; દીયા હો તુમ ચરણમેં મંડ, ચિત્ત હુલસાય સું-લલના ॥ ૭ ॥

"શ્રી સંભવનાથ—સ્તુતિ."

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા; ષટ્ જીવોના ત્રાતા, આપતા સુખશાતા; માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા; દુઃખ દોહગ પ્રાતા, જાસ નામે પલાતા ॥ ૧ ॥

" શ્રી અભિનંદનસ્વામિ–ચૈત્યવંદન."

ઉંચપણે ત્રણસો પચાસ, ધનુષ પ્રભુ દેહ; સંવર રાય સિદ્ધારથા, સુત શું મુજ નેહ ॥ ૧ ॥ લાખ પચાસ પૂર્વ આયુ, અયોધ્યાનો રાણો; સુવર્ણ વર્ણ વિરાજતો, કપિ લંછન જાણો ॥ ૨ ॥ અભિનંદન પ્રભુ વિનતિ એ, અંતર્યામી દેવ; વિનયવિજય ઉપાધ્યાયનો, રૂપ નમે નિત્યમેવ ॥ ૩ ॥

" શ્રી અભિનંદનસ્વામિ–સ્તવન."

(સુણજો હો પ્રભુ૦—એ દેશી.)

દીઠી હો પ્રભુ, દીઠી જગગુરૂ તુઝ; મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી; મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણી; લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી ॥ ૧ ॥ જાણું હો પ્રભુ, જાણું જન્મ કયત્થ; જોઉં હો પ્રભુ, જોઉં તુમ સાથે મિલ્યોજી; સુરમણિ હો

પ્રભુ, સુરમણિ પામ્યો હત્થ; આંગણે હો
પ્રભુ, આંગણે મુજ સુરતરૂ ફલ્યોજી ॥ ૨ ॥
જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પૂણ્ય અંકૂર; મા-
ગ્યા હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વુઠા હો પ્રભુ, વુઠા અમિરસ મેહ; નાઠા
હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યા-
જી ॥ ૩ ॥ ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મ-
લ્યાં ઘૃતપૂર; તરસ્યાં હો પ્રભુ તરસ્યાં
દિવ્ય ઉદક મિલ્યાંજી; થાકયાં હો પ્રભુ,
થાકયાં મિલ્યાં સુખપાલ; ચાહતાં હો પ્રભુ,
ચાહતાં સજજન હેજે હલ્યાજી ॥ ૪ ॥
દીવો હો પ્રભુ, દીવો નિશા વિન ગેહ;
સાથી હો પ્રભુ, સાથી થલે જલનૌકા મ-
ળીજી; કળિજુગે હો પ્રભુ, કળિજુગે દુલ્લહો
મુઝ; દરિસન હો પ્રભુ, દરિસન લહું આ-
શા ફળીજી ॥ ૫ ॥ વાચક હો પ્રભુ, વા-
ચક યશ તુમ દાસ; વિનવે હો પ્રભુ, વિનવે
અભિનંદન સુણોજી; કહીયે હો પ્રભુ, કહીયે

મ દેશો છેહ; દેજો હો પ્રભુ, દેજો સુખ દરિસણ તણોજી ॥ ૬ ॥

"શ્રી અભિનંદનસ્વામીની સ્તુતિ."

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો; જિન-પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નીકાચો ॥૧॥

"શ્રી સુમતિનાથ—ચૈત્યવંદન."

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયો-ધ્યા ઠામ; રાક્ષસ ગણ પંચમ પ્રભુ, સિંહ રાશિ ગુણ ધામ ॥ ૧ ॥ મઘા નક્ષત્રે જનમિયા, મુષક યોનિ જગદીશ; મોહરાય સંગ્રામમાં, વરસ ગયાં છવ્વીશ ॥ ૨ ॥ જીત્યો પ્રિયંગુ તરૂ તલે એ, સહસ મુનિ

પરીવાર; અવિનાશી પદવી વર્યા, વીર નમે સોવાર ॥ ૩ ॥

" શ્રી સુમતિનાથ—સ્તવન. "

સેવો સુમતિ જિનેશ્વર સાહેબો, પ્રભુ અભિનંદથી એહરે; નવ લાખ કોડી સાગર તણો, અંતર્ગુણ ગણ મણિ ગેહરે ॥ સેવો૦ ॥ ૧ ॥ ચવ્યા શ્રાવણ શુદી બીજને દિને, સૂચિત ચૌદ સૂપને જેહરે; વૈશાખ શુદી આઠમે જનમીયા, ત્રણ જ્ઞાન સહિત વર દેહરે ॥ સેવો૦ ॥ ૨ ॥ ઉંચી કાયા ત્રણસેં ધનુષની, સોવન વન આત અવદાતરે; શુદી વૈશાખ નવમીએ વ્રત લીએ, દેઇ દાન સંવછરી ખ્યાતરે ॥ સેવો૦ ॥ ૩ ॥ ચૈત્ર શુદી અગીયારશ દિને, લહ્યા પ્રભુજી પંચમ નાણરે; ચૈત્ર શુદી નવમીએ શિવ વર્યા, પૂર્વ લાખ ચાળીશ આયુ જાણરે ॥ સેવો૦ ॥ ૪ ॥ એતો જિનવર જગગુરૂ નીઠડો, મારા આ-

તમને આધારરે; ભવો ભવ પ્રભુ શરણે રાખજો, કહે પદ્મવિજય ધરી પ્યારરે ॥ સેવો૦ ॥ ૫ ॥

---

(૨)

(નાથ કૈસે ગજકો બંધ છુડાયો-એ દેશી.)

સુમતિ જિન તુમ ચરણે ચિત્ત દીનો, એતો જનમ જનમ દુઃખ છીનો; સુમતિ૦ ॥ આંકણી ॥ કુમતિ કુલટ સંગ દૂર નિવારી, સુમતિ સુગુણ રસ ભીનો; સુમતિનાથજિન મંત્ર સુણ્યો હૈ, મોહ નીંદ ભઈ ખીનો ॥ સુમતિ૦ ॥ ૧ ॥ કરમ પરજંક બંક અતિ સિજ્યા, મોહ મૂઢતા દીનો; નિજ ગુણ ભૂલ રચ્યો પરગુણમેં, જનમ મરણ દુઃખ લીનો ॥ સુમતિ૦ ॥ ૨ ॥ અબ તુમ નામ પ્રભંજન પ્રગટ્યો, મોહ અભ્ર છય કીનો; મૂઢ અજ્ઞાન અવિરતિ એતો, મૂલ છીન ભયે તિનોં ॥ સુમતિ૦ ॥ ૩ ॥ મન ચંચલ અતિ ભ્રામક

મેરા, તુમ ગુણ મકરંદ પીના; અવર દેવ સબ દૂર તજત હુ, સુમતિ ગુપતિ ચિત્ત દીના ॥ સુમતિ૦ ॥ ૪ ॥ માત તાત તિરિયા સુત ભાઈ, તન ધન તરૂણ નવીના; એ સબ મોહ જાલકી માયા, ઈન સંગ ભયે મલીના ॥ સુમતિ૦ ॥ ૫ ॥ દરસણ જ્ઞાન ચારિત્ર તનાં, નિજ ગુણ ધન હર લીના; સુમતિ પ્યારી ભઈ રખવારી, વિષયઇન્દ્રી ભઈ ખીના ॥ સુમતિ૦ ॥ ૬ ॥ સુમતિ સુમતિ સમતા રસ સાગર, આગર જ્ઞાન ભરાના; આતમરૂપ સુમતિ સંગ પ્રગટે, શમ દમ દાન વરીના ॥ સુમતિ૦ ॥ ૭ ॥

" શ્રી સુમતિજિન—સ્તવન. "

(રાગ—ગોડી.)

સુમતિ જિનેશ્વર સ્વામી, મેરે પ્રભુ સુમતિ જિનેશ્વર સ્વામી ॥ એ-આંકણી ॥ ભ્રમત

ભ્રમત જગ જાલ ફસ્યો મેં, દરિસણ પુન્યે પામી ॥ મેરે૦ ॥ ૧ ॥ અષ્ટ કરમકે ઝઘડે જીતી, સુમતિ સુનામ કહાની ॥ મેરે૦ ॥ ૨ ॥ અંતરગતકી પીડ હમારી, તું જાણે વિસરામી ॥ મેરે૦ ॥ ૩ ॥ બાલ ખ્યાલમેં તુમ હી ન જાને, રોગ નિકંદન કામી ॥ મેરે૦ ॥ ૪ ॥ જગ ચિંતામણિ સુરતરૂ સરીખો, નિરખી ગદ સબ વામી ॥ મેરે૦ ॥ ૫ ॥ તારણ તરણ છે બિરૂદ તુમારો, ભવ ભય ભંજનહારી ॥ મેરે૦ ॥ ૬ ॥ આતમ આનંદ રસકે દાતા, વીરવિજય હિતકારી ॥ મેરે૦ ॥ ૭ ॥

" શ્રી સુમતિનાથ—સ્તુતિ. "

સુમતિ સુમતિદાઇ, મંગલા જાસ માઈ; મેરૂ ને વળી રાઈ, ઉર એહને તુલાઈ; ક્ષય કીધાં ધાઈ, કેવલજ્ઞાન પાઈ; નહીં ઉણીમ કાંઈ, સેવિયે એ સદાઈ ॥ ૧ ॥

"શ્રી પદ્મપ્રભુ—ચૈત્યવંદન."

કોસંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય; પદ્મપ્રભુ પ્રભુતા મઈ, સુસીમા જસ માય ॥ ૧ ॥ ત્રીશ લાખ પૂરવ તણું, જિન આયુ પાળી; ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાળી ॥ ૨ ॥ પદ્મ લંછન પરમેસરૂ એ, જિનપદ પદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીએ, ભાવજન સહુ નિત્યમેવ ॥ ૩ ॥

" શ્રી પદ્મપ્રભુ–સ્તવન. "

(રાગ રેખતા.)

પદ્મ પ્રભુ પ્રાણસે પ્યારા, છોડાવો કર્મકી ધારા; કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હૈ મોરી ॥ પ૦ ॥ ૧ ॥ લઘુ વય એક થેં જીયા, મુક્તિમેં વાસ તુમ કીયા; ન જાની પીર તેં મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી ॥ પ૦ ॥ ૨ ॥ વિષય સુખ માની

મો મનમેં, ગયો સબ કાલ ગફલતમેં; નારક દુઃખ વેદના ભારી, નીકલવા ના રહી બારી ॥ ૫૦ ॥ ૩ ॥ પરવશ દીનતા કીની, પાપકી પોટ શિર લીની; ભક્તિ નહીં જાની તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી ॥ ૫૦ ॥ ૪ ॥ ઇસવિધ વિનતી તોરી, કરૂં મેં દોય કર જોરી; આતમ આનંદ મુજ દીજો, વીરનું કાજ સબ કીજો ॥ ૫૦ ॥ ૫ ॥

"શ્રી પદ્મપ્રભુ—સ્તુતિ."

અઢીશં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા; સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા; કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુરરાયા, મોક્ષનગરે સધાયા ॥ ૧ ॥

"શ્રી સુપાર્શ્વનાથ—ચૈત્યવંદન."

શ્રી સુપાસજિણંદ પાસ, ટાળો ભવ ફેરો; પૃથ્વી માતાને ઉરે, જાયો નાથ હમેરો

॥ ૧ ॥ પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, (નયરી) વાણારસી રાય; વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય ॥ ૨ ॥ ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર; પદ્મ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર ॥ ૩ ॥

" શ્રી સુપાર્શ્વનાથ—સ્તવન."

નિરખી નિરખી તુજ બિંબને રે, હરખિત હોય મુજ મન; સુપાસ સોહામણા ॥ નિર્વિકારતા નયનમાં રે, મુખડું સદા સુપ્રસન્ન ॥ સુપાસ૦ ॥ ૧ ॥ ભાવ અવસ્થા સાંભરે રે, પ્રતિહારજની શોભ ॥ સુપાસ૦ ॥ કોડિ ગમે દેવા સેવા રે, કરતા મૂકી લોભ ॥ સુપાસ૦ ॥ ૨ ॥ લોકાલોકના સવિ ભાવો રે, પ્રતિભાસે પરતક્ષ ॥ સુપાસ૦ ॥ તોહે નવિ રાચે નવિ રૂસે રે, નહીં અવિરતિનો પક્ષ ॥ સુપાસ૦ ॥ ૩ ॥ હાસ્ય ન રતિ અરતિ નહીં રે, નહીં ભય શોક

ફુગંછ ॥ સુપા૦ ॥ નહીં કંદર્પ કદર્થના રે, નહીં અંતરાયનો સંચ ॥ સુપાસ૦ ॥ ૪ ॥ મોહ મિથ્યાત્વ નિદ્રા ગઇ રે, નાઠા દોષ અઢાર ॥ સુપાસ૦ ॥ ચોત્રીશ અતિશય રાજતા રે, મૂલાતિશય ચાર ॥ સુપાસ૦ ॥ ॥ ૫ ॥ પાંત્રીશ વાણી ગુણે કરી રે, દેતા ભવિ ઉપદેશ ॥ સુપાસ૦ ॥ ઇમ તુઝ બિંબે તાહરો રે, ભેદ નહીં લવ લેશ ॥ સુપાસ૦ ॥ ૬ ॥ રૂપથી પ્રભુ ગુણ સાંભરે રે, ધ્યાન રૂપસ્થ વિચાર ॥ સુપાસ૦ ॥ માનવિજય વાચક વદે રે, જિન પ્રડિમા જયકાર ॥ સુપાસ૦ ॥ ૭ ॥

અંબાલા મંડન શ્રીસુપાર્શ્વજિન-સ્તવન.

કયું ન હો સુનાઇ સ્વામી, ઐસા ગુન્હા ક્યા કિયા ॥ આંકણી ॥ ઔરોંકી સુનાઈ જાવે, મેરી વારી નાહીં આવે; તુમ બિન કોન મેરા, મુજે કયું ભૂલા દિયા ॥ કયું૦ ॥

॥ ૧ ॥ ભક્ત જનોં તાર દિયા, તારનેકા કામ કિયા; બિન ભક્તિવાલા મોંપે, પક્ષ-પાત કયું લિયા ॥ કયું૦ ॥ ૨ ॥ રાવ રંક એક જાનો, મેરા તેરા નાહીં માનો; તરન તારન એસા, બિરૂદ ધાર કયું લિયા ॥ કયું૦ ॥ ૩ ॥ ગુન્હા મેરા બક્ષ દીજે. મોંપે એ-તિ રહેમ કીજે; પક્કા હી ભરોસા તેરા, દિલોમેં જમા લિયા ॥ કયું૦ ॥ ૪ ॥ તુંહી એક અંતરજામી, સુનો શ્રી સુપાસ સ્વામી; અબ તો આશા પૂરો મેરી, કહેના સો તો કહ દિયા ॥ કયું૦ ॥ ૫ ॥ શહેર અંબાલે ભેટી, પ્રભુજીકા સુખ દેખી; મનુષ્ય જન-મકા લાહા, લેના સો તો લે લિયા ॥ કયું૦ ॥ ૬ ॥ ઉન્નિસો છાસઠ છબીલા, દીપમાલ દિન રંગીલા; કહે વીરવિજય પ્રભુ, ભક્તિ-મેં જગા દિયા ॥ કયું૦ ॥ ૭ ॥

"શ્રી સુપાર્શ્વનાથ—સ્તુતિ."

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી; હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી; ષટ્ દ્રવ્યશ્યું જાણી, કર્મ પીલે જ્યું ધાણી ॥ ૧ ॥

"શ્રી ચંદ્રપ્રભુ—ચૈત્યવંદન."

લક્ષ્મણા માતા જનમીયા, મહસેન જસ તાય; ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥ ૧ ॥ દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ; સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ ॥ ૨ ॥ ચંદ્ર પ્રભુ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર; પદ્મવિજય કહે પ્રણમિયે, મુજ પ્રભુ પાર ઉતાર ॥ ૩ ॥

"શ્રી ચંદ્રપ્રભુજિન—સ્તવન."

ચાહ લગી જિન ચંદ્રપ્રભુકી, મુજ મન સુમતિ જયું આઇરી; ભરમ મિથ્યામત દૂર નસ્યો હે, જિન ચરણાં ચિત્ત લાઈ સખીરી ॥ ચા૦ ॥ ૧ ॥ સમ સંવેગ નિરવેદ લસ્યો હે, કરૂણારસ સુખદાઇરી; જૈન બૈન અતિ નીકે સગરે, એ ભાવના મન ભાઈ સખીરી ॥ ચા૦ ॥ ૨ ॥ સંકા કંખા ફલ પ્રતિસંસા, કુગુરૂ સંગ છીટકાઇરી; પરસંસા ધર્મ હીન પુરૂપકી, ઇણ ભવમાંહી ન કાંઇ સખીરી ॥ ચા૦ ॥ ૩ ॥ દુગ્ધસિંધુ રસ અમૃત ચાખી, સ્યાદવાદ સુખદાઇરી; જહર પાન અબ કૌન કરત હે, દુરનય પંથ નસાઈ સખીરી ॥ ચા૦ ॥ ૪ ॥ જબ લગ પૂરન તત્વ ન જાણ્યો, તબ લગ કુગુરૂ ભુલાઇરી; સપ્તભંગી ગર્ભિત તુમ વાણી, ભવ્ય જીવ સુખદાઈ સખીરી ॥ ચા૦ ॥ ૫ ॥ નામ રસાયણ સહુ જગ ભાખે, મર્મ ન

જાણે કાંઇરી; જિન વાણી રસ કનક કરણકો, મિથ્યા લોહ ગમાઈ સખીરી ॥ ચા૦ ॥ ૬ ॥ ચંદ્ર કીરણ જસ ઉજવલ તેરો, નિર્મલ જ્યોત સવાઈરી; જિન સેવ્યો નિજ આતમ રૂપી, અવર ન કોઈ સહાઈ–સખીરી ॥ ચા૦ ॥૭॥

"શ્રી ચંદ્રપ્રભસ્વામિ—સ્તુતિ."

સેવે સુર વૃંદા, જાસ ચરણારવિંદા; અઠુમ જિનચંદા, ચંદ વરણે સોહંદા; મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા; લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥ ૧ ॥

"શ્રી સુવિધિનાથ—ચૈત્યવંદન."

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત; મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥ ૧ ॥ આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય; કાકંદી નગરી ધણી,

પ્રણમું પ્રભુ પાય ॥ ૨ ॥ ઉત્તમ વિધિ જેહથી લહો એ, તિણે સુવિધિ જિન નામ; નમતાં તસ પદ પદ્મને, લાહિયે શાશ્વત ધામ ॥ ૩ ॥

" શ્રી સુવિધિનાથ—સ્તવન."

મેં કીનો નહી તુમ બિન ઓરશું રાગ ॥ મેં કીનો૦ ॥ એ-ટેક ॥ દીન દીન વાન વધે ગુન તેરો, જ્યું કંચન પરભાગ; ઔારનમેં હે કષાયકી કલીયાં, સો કયું સેવા લાગ ॥ મેં કીનો૦ ॥ ૧ ॥ રાજહંસ તું જ્ઞાન સરોવર, ઔાર અશુચી રૂચિ કાગ; વિષય ભુજંગમ ગરૂડ તું કહીએ, ઔાર વિષય વિષનાગ ॥ મેં કીનો૦ ॥ ૨ ॥ ઔાર દેવ જલ છીલ્લર સરિખે, તું તો સમુદ્ર અથાગ; તું સુરતરૂ જન વાંછિત પૂરન, ઔાર તો સૂકે સાગ ॥ મેં કીનો૦ ॥ ૩ ॥ તું

પુરૂષોત્તમ તુંહી નિરંજન, તું શંકર વડ-
ભાગ; તું બ્રહ્મા તું બુદ્ધિ મહાબળ, તું-
હીજ દેવ વીતરાગ ॥ મેં કીનો૦ ॥ ૪ ॥
સુવિધિનાથ તુમ ગુન ફુલનકો, મેરો દિલ
ઙ બાગ; જસ કહે ભ્રમર રસિક હોય તાકો,
દીજો ભક્તિ પરાગ ॥ મેં કીનો૦ ॥ ૫ ॥

"શ્રી સુવિધિનાથ—સ્તુતિ."

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો;
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો ॥૧॥

❋❋❋❋❋

"શ્રી શીતલનાથ—ચૈત્યવંદન."

નંદા દૃઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દીલપુર તણો, ચલવે શિવ સાથ
॥ ૧ ॥ લાખ પૂરવનું આઉખું, નેવું ધ-

નુષ પરિમાણ; કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥ શ્રીવચ્છ લંછન સુંદર એ, પદ પદ્મે લહે જાસ; તે જિનની સેવા થકી, લહિયે લીલ વિલાસ ॥ ૩ ॥

"શ્રી શીતલનાથ—સ્તવન."

(કીસકે ચેલે કીસકે પૂત—એ દેશી.)

શીતલનાથ સુણો અરદાસ, સાહિબ આપો પદ કમળે વાસ–સાંઇ સાંભળો ॥ મોહમહીપતિ મ્હોટો ચોર, નવ નવ રૂપ ધરી કરે જોર–સાંઇ૦ ॥ ૧ ॥ માતપિતા વધુ ભગિની ભ્રાત, સાસુ સસરો પિતરીયા જાત-સાંઇ૦ ॥ કુટુંબ વેષ કરી કીરતાર, એહ ભમાડે બહુ સંસાર–સાંઇ૦ ॥ ૨ ॥ ષટ્દર્શનનું લેઇ રૂપ, જગને પમાડે ભવને કૂપ–સાંઇ૦ ॥ જો છોડણ ચાહે સુણી સૂત્ત, રૂપ ધરે એહ બીજો ધૂત્ત–સાંઇ૦ ॥ ૩ ॥ નિમગ્ન કુમતિ મન ઉ-

ન્માદ, આણા લોપી માંડે વાદ-સાંઈ૦ ॥ આગમ ભાખીની મતિ મંદ, આરોપે નિજ મતનો કંદ-સાંઈ૦ ॥ ૪ ॥ મોહ તણો એ-હવો પ્રપંચ, સ્વામી હવે શ્યો કીજે સંચ -સાંઈ૦॥ કાંઈ બતાવો એક ઉપાય, જેમ મોહ નાશી દૂરે જાય-સાંઈ૦ ॥ ૫ ॥ નેહ નજર ભરી નાથ નિહાલ, સુખિઆ થાઉં ત્રણે કાળ-સાંઈ૦ ॥ કીર્ત્તિવિમળ પ્રભુ કર ઉપ-કાર, લક્ષ્મી કહે તું કરૂણાગાર-સાંઈ૦॥૬॥

"શ્રી શીતલનાથ-સ્તુતિ."

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી; પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી; જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી; ભવી શિવસુખ કામી, પ્રણમિયે શિશ નામી ॥ ૧ ॥

"શ્રી શ્રેયાંસનાથ–ચૈત્યવંદન."

શ્રી શ્રેયાંસ અગીયારમા, વિષ્ણુ નૃપ તાય; વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥ વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય; ખડ્‌ગી લંછન પદ કજે, સિંહ-પુરીનો રાય ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥

" શ્રી શ્રેયાંસનાથ—સ્તવન. "

(કર્મ ન છુટે રે પ્રાણીયા—એ દેશી.)

તુમે બહુ મિત્રી રે સાહેબા, મારે તો મન એક; તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મ્હોટી રે ટેક ॥ શ્રી શ્રેયાંસ કૃપા કરો ॥ ૧ ॥ મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મળી જાઓ; લલચાવો લખ

લોકને, સાથી સહેજ ન થાઓ ॥ શ્રી૦ ॥ ૨ ॥ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ; ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ ॥ શ્રી૦ ॥ ૩ ॥ એવાશું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ; સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઈ ॥ શ્રી૦ ॥ ૪ ॥ નિરાગીશું રે કિમ મળે, પણ મળવાનો એકાંત; વાચક યશ કહે મુઝ મિલ્યો, ભકતે કામણ તંત ॥ શ્રી૦ ॥ ૫ ॥

" શ્રી શ્રેયાંસનાથ–સ્તુતિ."

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત; પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત; સુરપતિ સંઘાત, જસ નિકટે આયાત; કરી કર્મનો ઘાત, પામિયા મોક્ષ શાત ॥ ૧ ॥

" શ્રી વાસુપૂજ્યસ્વામિ-ચૈત્યવંદન."

વાસવ વંદીત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વસુપૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ ॥૧॥ મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વળી, બોહોંતેર લાખ વખાણ ॥ ૨ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય ॥ ૩ ॥

" શ્રી વાસુપૂજ્યસ્વામિ—સ્તવન."

શ્રી વાસુપૂજ્ય તનુ દેખીને, સુર નર હરખે સ્વાંત-હો જિણંદ; નિજ વિગ્રહ કાંતે કરી, અધરકૃત રવિ કાંત-હો મુણિંદ ॥ તુજ૦ ॥ તુજ મુજ મન વસ્યું ॥ ૧ ॥ સામાન્ય જનથી અધિક હોવે, મંડળ ક્ષિતિપતિ રૂપ-હો જિ૦ ॥ તેહથી હલધર હરિ તનુ, ચક્રી રૂપ અનૂપ -હો મુ૦ ॥ તુજ૦ ॥ ૨ ॥ તેહથી ભુવન-

પતિ વ્યંતરા, જોઇસ ચઢતે વાન-હો જિ૦ ॥ અનુક્રમે કલ્પ ગ્રૈવેયકસુરા, અનુત્તર રૂપ નિ-ધાન-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૩ ॥ અધિક તેહથી મુનિવરા, ચૌદ પૂરવધર વૃદ્ધિ-હો જિ૦ ॥ આહારક તનુ છવિ તેહથી, ગણ-પતિ રૂપ સમૃદ્ધિ-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૪ ॥ સહુથી લક્ષણ લક્ષિતં, જીત્યાં સવિ ઉપ-માન-હો જિ૦ ॥ રૂપ અનંતગુણ દેહમાં, શાંત રૂચી અસમાન-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૫ ॥ તિલક સમાન ત્રિભુવન વિષે, નિપજ્યો ગુણ ગણ ગેહ-હો જિ૦ ॥ જગમાં પુદ્દગલ જેટલાં, જીણે નહીં તુજ સમ દેહ-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૬ ॥ પાદ પાદપ સુર સારીખા, શશી મુખ અતિ સુખ હેતુ-હો જિ૦ ॥ કરમ ભરમહર કર કહ્યા, લોચન ભવોદધિ સેતુ-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૭ ॥ ઇમ પ્રભુ રૂપ નિજ સ્વરૂપને, પ્રાપ્તિં ભણી સુત્ત દાન -હો જિ૦ ॥ અવલંબી લક્ષ્મીસૂરિ, અ-

નુભવે અનુત્તર સુખ અવિગાન-હો મુ૦ ॥ તુજ૦ ॥ ૮ ॥

" શ્રી વાસુપૂજ્યસ્વામિ-સ્તુતિ. "

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી; ધર્મના દાતરી, કામ ક્રોધાદિ વારી; તાર્યા નર નારી, દુઃખ દોહગ્ગહારી; વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી ॥ ૧ ॥

" શ્રી વિમલનાથ-ચૈત્યવંદન."

કંપીલપુરે વિમલપ્રભુ, શ્યામા માતા મલ્હાર; કૃતવર્મા નૃપ કુળ નભે, ઉગમિયો દિનકાર ॥ ૧ ॥ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાયા; સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાયા ॥ ૨ ॥ વિમલ વિમલ પાતે થયા એ, સેવક વિમલ કરેહ; તુજ પદ પદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ ॥ ૩ ॥

" શ્રી વિમળનાથ–સ્તવન. "

(દાસ અરદાસ શી પેરે કરે જી–એ–દેશી.)

વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય; લઘુ નદી જિમ તિમ લંઘાયેજી, સ્વયંભૂરમણ ન તરાય ॥ વિમલ૦ ॥ ૧ ॥ સયલ પુઢવી ગિરિ જલ તરૂજી, કોઈ તોલે એક હથ્થ; તેહ પણ તુઝ ગુણ ગણ ભણીજી, ભાખવા નહીં સમરથ્થ ॥ વિમલ૦ ॥ ૨ ॥ સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ; તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુઝ ગુણ એક તણો લેશ ॥ વિમલ૦ ॥ ૩ ॥ એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય; નાસ્તિતા સ્વપર પદ અસ્તિતાજી, તુઝ સમકાલ સમાય ॥ વિમલ૦ ॥ ૪ ॥ તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન; તેહને તેહીજ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન ॥ વિમલ૦ ॥ ૫ ॥ તુમ પ્રભુ તુમ તારક

વિભુજી, તુમ સમો અવર ન કોય; તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય ॥ વિમલ૦ ॥ ૬ ॥ પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ; દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ ॥ વિમલ૦ ॥ ૭ ॥

" શ્રી વિમલનાથ–સ્તુતિ. "

વિમલજિન જુહારો, પાપ સંતાપ વારો; શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્ત્તિ વિફારો; યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો; ગુણ ગણ આધારો, પુણ્યના એ પ્રકારો ॥ ૧ ॥

"શ્રી અનંતનાથ–ચૈત્યવંદન."

અનંત અનંતગુણ આગરૂ, અયોધ્યા વાસી; સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ॥ ૧ ॥ સુજસા માતા જનમીયો,

ત્રીશ લાખ ઉદાર; વરસ આઉખું પાલીચું, જિનવર જયકાર ॥૨॥ લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ; જિન પદ પદ્મ નમ્યા થકા, લહિયે સહજ વિલાસ ॥૩॥

"શ્રી અનંતનાથ-સ્તવન"

(નીદલડી વૈરન હો રહી—એ દેશી.)

અનંતજિનંદસું પ્રીતડી, નીકી લાગી હો અમૃતરસ; જેમ; અવર સરાગી દેવની, વિષ સરખી હો સેવા કરૂં કેમ ॥ અ૦ ॥ ૧ ॥ જિમ પદમની મન પિઉ વસે, નિર્ધનીયા હો મન ધનકી પ્રીત; મધુકર કેતકી મન બસે, જિમ સાજન હો વિરહી જન ચિત્ત ॥ અ૦ ॥ ૨ ॥ કરસણ મેઘ આષાઢ જ્યૂં, નિજ બાછડ હો સુરભી જમ પ્રેમ; સાહિબ અનંત જિનંદસું, મુઝ લાગી હો ભક્તિ મન તેમ ॥ અ૦ ॥ ૩ ॥ પ્રીતિ અનાદિની

દુઃખ ભરી, મેં કીધી હો પર પુદ્દગલ સંગ; જગત ભમ્યો તિન પ્રાંતસું, સાંગ ધારી હો નાચ્યો નવ નવ રંગ ॥ અ૦ ॥ ૪ ॥ જિ-સકો અપના જાનીયો, તિન દીધા હો છી-નમેં અતિ છેહ; પરજન કેરી પ્રીતડી, મેં દેખી હો અંતે નિઃસનેહ ॥ અ૦ ॥ ૫ ॥ મેરો કોઇ ન જગતમેં, તુમ છોડી હો જ-ગમેં જગદીસ; પ્રીત કરૂં અબ કોનસું, તું ત્રાતા હો મોને વિસવાવીસ ॥ અ૦ ॥ ૬ ॥ આતમરામ તું માહરો, સિર સેહરો હો હિયડેનો હાર; દીનદયાલ કિરપા કરો, મુઝ વેગા હો અબ પાર ઉતારો ॥ અ૦ ॥ ૭ ॥

"શ્રી અનંતનાથ–સ્તુતિ."

અનંત અનંતનાણી, જાસ મહિમા ગ-વાણી; સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી; એક વચન સમઝાણી, જેહ સ્યાદ્-વાદ જાણી; તર્યા તે ગુણ ખાણી, પામિયા સિદ્ધિ રાણી ॥ ૧ ॥

"શ્રી ધર્મનાથ–ચૈત્યવંદન."

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત; વજ્ર લંછન વજ્રિ નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥ દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીશ; રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીસ ॥ ૨ ॥ ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર; તિણે તુઝ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥ ૩ ॥

"શ્રી ધર્મનાથસ્વામીનું સ્તવન."

(હાંરે મ્હારે જોબનીયાનો લટકો દહાડા ચાર જો એ દેશી.)

હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો, જીવલડો લલચાણો જિનજીની ઓલગે રે લો; હાંરે મુને થાશે કોઇક સમય પ્રભુજી પ્રસન્ન જો, વાતલડી તવ માહારી

વિ થાશે વગે રે લો ॥ ૧ ॥ હાંરે કોઇ દુરજનનો ભંભેર્યો માહારો નાથ જો, ઓલવશે નહીં કયારે કીધી ચાકરી રે લો; હાંરે મારા સ્વામી સરિખો કુણ છે દુનિયાં માંહી જો, જઇએ રે જીમ તેહને ઘર આશા કરી રે લો ॥ ૨ ॥ હાં જસ સેવાસેંતી સ્વારથ ન હોવે સિદ્ધ જો, ઠાલી રે શી કરવી તેહની ગોઠડી રે લો; હાંરે કોઇ જાડું ખાયે તે મીઠાઇને માટે જો, કોઇ (ક) રે પરમારથ વિણ નહી પ્રીતડીરે લો ॥ ૩ ॥ હાંરે પ્રભુ અંતરજામી જીવન પ્રાણ આધાર જો, વાયો રે નવિ જાણ્યો કલિયુગ વાયરો રે લો; હાંરે માહારા લાયક નાયક ભગત વત્સલ ભગવાન જો, વારૂ રે ગુણ કેરો સાહિબ સાયરો રે લો ॥ ૪ ॥ હાંરે પ્રભુ લાગી મુજને ત્હારી માયા જોર જો, અલગા રે રહ્યાથી હોય ઓસિંગલોરે લો; હાંરે કુણ જાણે અંતર્ગતની વિણ મહારાજ જો, હેજે રે હસી

બોલો છાંડી આમળો રે લો ॥ ૫ ॥ હાંરે ત્હારે મુખને મટકે અટકયું માહારૂં મન જો, આંખલડી અણીયાલી કામણગારીયું રે લો; હાંરે મારાં નયણાં લંપટ જોવે ખિણ ખિણ તુઝ જો, રાતાં રે પ્રભુ રૂપે ન રહે વારીયું રે લો ॥ ૬ ॥ હાંરે પ્રભુ અલગા તો પણ જાણજો કરીને હજુર જો, તાહારી રે બલિહારી હું જાઉં વારણે રે લો; હાંરે કવિ રૂપ વિબુધનો મોહન કરે અરદાસ જો, ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણી રે લો ॥ ૭ ॥

" શ્રી ધર્મનાથ–સ્તુતિ. "

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી ॥
કેવલશ્રી જોરી, જેહ ચોરે ન ચોરી ॥
દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી ॥
નમે સુર નર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥૧॥

" શ્રી કુંથુનાથ–ચૈત્યવંદન."

કુથુંનાથ કામિત દિયે, ગજપુરનો રાય; સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય ॥ ૧ ॥ કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ; કેવલજ્ઞાનાદિક ગુણી, પ્રણમો ધરી રાગ ॥ ૨ ॥ સહસ પંચાણું વરસનું એ, પાળી ઉત્તમ આય; પદ્મવિજય કહે પ્રણમએ, ભાવે શ્રી જિનરાય ॥ ૩ ॥

" શ્રી કુંથુનાથ–સ્તવન."

(અંબર દેહો મોરારી, હમારો–એ દેશી.)

કુંથુજિન મનડું કિમહી ન બાજે, હો કુંથુ૦ ॥ જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે ॥ હો કુંથુ૦ ॥ ૧ ॥ રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય; સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય ॥ હો કુંથુ૦ ॥ ૨ ॥

મુગતિ તણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે; વયરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવલે પાસે ॥ હો કુંથુ૦ ॥ ૩ ॥ આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકુ; કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલ તણી પેરે વાંકુ ॥ હો કુંથુ૦ ॥ ૪ ॥ જો ઠગ કહું તો ઠગ તો ન દેખું, શાહુકાર પણ નાંહી; સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી ॥ હો કુંથુ૦ ॥ ૫ ॥ જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો; સુર નર પંડિતજન સમજાવે, સમજે ન મહા રોસાલો ॥ હો કુંથુ૦ ॥ ૬ ॥ મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે; બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે ॥ હો કુંથુ૦ ॥ ૭ ॥ મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી; એમ કહે સાધ્યું તે ન વ માનું, એ કહીં વાત છે મોહોટી ॥ હો કુંથુ૦ ॥ ૮ ॥

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગ-મથી મતિ આણું; આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું ॥ હો કુંથુ૦ ॥૯॥

" શ્રી કુંથુનાથ-સ્તુતિ."

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ; તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ ॥ એહનો તજે સાથ, બાવલે દિયે બાથ; તારે સુર નર સાથ, જે સુણે એક ગાથ ॥ ૧ ॥

" શ્રી અરનાથ-ચૈત્યવંદન."

રાય સુદર્શન ગજપુરે, દેવી પટરાણી; લંછન નંદાવર્ત્ત જાસ, અરજિન ગુણખાણી ॥ ૧ ॥ ત્રીશ ધનુષ વર દેહડી, હેમ વર્ણે જાણી; વર્ષ ચોરાશી સહસ્ર આયુ, કહે જિનવર વાણી ॥ ૨ ॥ ચક્રવર્તી પ્રભુ

સાતમો એ, અઢારમો મુજ દેવ; રૂપ કહે ભવિ જન તુમે, કરો નિત્ય નિત્ય સેવ ॥ ૬ ॥

" શ્રી અરનાથ-સ્તવન. "

(અસણુરા જોગી—એ દેશી.)

શ્રી અરજિન ભવજળનો તારૂ, મુઝ મન લાગે વારૂ રે—મન મોહનસ્વામી; બાંહ ગ્રહી એ ભવિજન તારે, આણે શિવપુર આરે રે—મન૦ ॥ ૧ ॥ તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે-મન૦ ॥ પણ નવિ ભય મુઝ હાથો હાથે, તારે તે છે સાથે રે-મન૦ ॥ ૨ ॥ ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે-મન૦॥ કાયા કષ્ટ વિના ફળ લહિયે, મનમાં ધ્યાન ધરેઇ રે-મન૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણો રે-મન૦ શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે

પ્રભુ સપરાણે રે–મન૦ ॥ ૪ ॥ પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે—મન૦ ॥ વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે –મન૦ ॥ ૫ ॥

"શ્રી અરનાથ–સ્તુતિ."

અરજિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શનનૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા ॥ ૧ ॥

"શ્રી મલ્લિનાથ–ચૈત્યવંદન."

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી, પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરા ॥ ૧ ॥ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય; લંછન કલશ મંગળ કરૂ, નિર્મમ નિરમાય ॥ ૨ ॥ વરસ

પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય; પદ્માવિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય ॥ ૩ ॥

"ભોયણી મંડન શ્રીમલ્લિનાથ-સ્તવન."

જિનરાજા તાજા, મલ્લિ બીરાજે ભોયણી ગામમેં ॥ ટેક ॥ દેશ દેશકે જાત્રુ આવે, પૂજા સરસ રચાવે; મલ્લિજિનેશ્વર નામ સિમરકે, મન વાંછીત ફલ પાવેજી ॥ જિન૦ ॥ ૧ ॥ ચતુર વરણકે નર નારી મિલ, મંગલ ગીત કરાવે; જય જયકાર પંચધ્વનિ વાજે, શિર પર છત્ર ધરાવેજી ॥ જિન૦ ॥ ૨ ॥ હિંસક જન હિંસા તજી પૂજે, ચરણે સીસ નમાવે; તૂં બ્રહ્મા તૂં હરિ શિવશંકર, અવર દેવ નવિ ભાવેજી ॥ જિન૦ ॥ ૩ ॥ કરૂણા રસ ભરે નયન કચોલે, અમૃતરસ વરસાવે; વદન ચંદ ચકોર જ્યું નિરખી, તન મન

અતિ ઉલસાવેજી ॥ જિન૦ ॥ ૪ ॥ આતમ રાજા ત્રિભુવન તાજા, ચિદાનંદ મન ભાવે; મલ્લિજિનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવેજી ॥ જિન૦ ॥ ૫ ॥

"શ્રી મલ્લિનાથ-સ્તુતિ."

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીયે; ઇંદ્રિય ગણ દમીયે, આણ જિનની ન ક્રમીયે; ભવમાં નવિ ભમીયે, સર્વ પર ભાવ વમીયે; નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે ॥ ૧ ॥

❋❋❋❋❋❋

"શ્રી મુનિસુવ્રતસ્વામિ-ચૈત્યવંદન."

જપો નિરંતર સ્નેહશું, વીશમા જિનરાય; સુમિત્ર રાય પદ્માવતી, સુતશું મુજ [1]માય ॥ ૧ ॥ [2]કચ્છપ લંછન ધનુષ વીશ,

---

૧-માયા-પ્રીતિ. ૨-કાચબો.

શ્યામવર્ણી કાયા; ત્રીશ સહસ્ર વર(સ) આઉખું, હરિવંશ દીપાયા ॥ ૨ ॥ મુનિસુવ્રત મહિમાનિલો એ, નગરી રાજગૃહી જાસ; રૂપવિજય કહે સાહિબા, નામે લીલવિલાસ ॥ ૩ ॥

" શ્રી મુનિસુવ્રતસ્વામિ–સ્તવન. "

(ઇડર આંબા આંબલી રે—એ દેશી.)

મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહી ધરી મહેર; મહેર વિહુણા માનવી રે, કઠિણ જણાયે કહેર ॥ જિનેશ્વર, તું જગનાયક દેવ ॥ તુજ જગ હિત કરવા ટેવ ॥ જિને૦ ॥ બીજા જુએ કરતા સેવ ॥ જિને૦ ॥ ૧ ॥ અરહટ્ટ ક્ષેત્રની ભૂમિકા રે, સિંચે કૃતારથ હોય; ધારાધર સઘળી ધરા રે, ઉદ્ધરવા સજજ જોય ॥ જિને૦ ॥ ૨ ॥ તે માટે અર્થ ઉપરે રે, આણી મનમાં મહેર; આપે

આવ્યા આફણી રે, બોધવા ભરૂઅચ્છ શહેર ॥ જિને૦ ॥ ૩ ॥ અણ પ્રારથતા ઉદ્ધર્યા રે, આપે કરીય ઉપાય; પ્રારથતા રહે વિલવતા રે, એ કેમ કહીએ ન્યાય ? ॥ જિને૦ ॥ ૪ ॥ સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી સેવક ભાવ; માન કહે હવે મહેરનો રે, ન રહ્યો અજર પ્રસ્તાવ ॥ જિને૦ ॥ ૫ ॥

" શ્રી મુનિસુવ્રતસ્વામિ-સ્તુતિ. "

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે;
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥૧॥

" શ્રી નમિનાથ-ચૈત્યવંદન. "

મિથિલા નગરીનો રાજીયો, વપ્રા સુત સાચો; વિજયરાય સુત છોડીને, અવરાં મત

માચો ॥ ૧ ॥ નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ; નમિ જિનવરનું શોભતું, ગુણ ગણ મણિ ગેહ ॥ ૨ ॥ દશ હજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય; પદ્મવિજય કહે પુણ્યથી, નમિયે તે જિનરાય ॥ ૩॥

" શ્રી નમિનાથ–સ્તવન. "

(ઋષભનો વંશ રયણાયરૂ એ દેશી.)

મુજ મન પંકજ ભમરલે, શ્રીનમિજિન જગદીશો રે; ધ્યાન ધરૂં નિત્ય તુમ્હ તણું, નામ જપું નિશદિશો રે ॥ મુજ૦ ॥ ૧ ॥ ચિત્ત થકી કદિયે ન વિસરે, દેખિયે આગલે ધ્યાને રે; અંતરતાપથી જાણિયે, દૂર રહ્યાં અનુમાને રે ॥ મુજ૦ ॥ ૨ ॥ તું ગતિ તું મતિ આસરો, તુંહિજ બંધવ મ્હોટો રે; વાચક જસ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે ॥ મુજ૦ ॥ ૩ ॥

" શ્રી નમિનાથ-સ્તુતિ. "

નમિયે નમિ તેહ, પુન્ય થાયે જ્યું દેહ; અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ; લહે કેવલ તેહ, સેવના કાર્ય સ્નેહ; લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ ॥ ૧ ॥

શ્રી નેમિનાથ-ચૈત્યવંદન. "

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય; સમુદ્રવિજય પૃથવીપતિ, જેહ પ્રભુના તાય ॥ ૧ ॥ દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછનધર સ્વામિજી, તજી રાજુલ નાર ॥ ૨ ॥ સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥

" શ્રી નેમિનાથ-સ્તવન. "

(અજિત જિણંદશું પ્રીતડી-એ દેશી.)

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ; પૂરણ દૃષ્ટિ નિહાલીયે, ચિત્ત ધરિયે હો અમચી અરદાસ ॥ પરમા૦ ॥ ૧ ॥ સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ; વાસ કિયો શિવ મંદિરે, મોહે વીસરી હો ભમતો જગજાળ ॥ પરમા૦ ॥ ૨ ॥ જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર; તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર ॥ પરમા૦ ॥ ૩ ॥ મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નહિ શુદ્ધ લગાર; ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ ॥ પરમા૦ ॥ ૪ ॥ મોહ ગયા જો તારશો, તિણ વેળા હો કહાં તુમ ઉપગાર; સુખ વેળા સજજન ઘણાં, દુઃખ વેળા હો

વિરલા સંસાર ॥ પરમા૦ ॥ ૫ ॥ પણ તુમ દરિસન જોગથી, થયો હૃદયે હો અનુભવ પરકાશ; અનુભવ અભ્યાસી કરે, દુ:ખદાયી હો સહુ કર્મ વિનાશ ॥ પરમા૦ ॥ ૬ ॥ કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ; વહત અપૂરવ ભાવથી, ઈણ રીતે હો તુમ પદ વિશ્રામ ॥ પરમા૦ ॥ ૭ ॥ ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ; ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ ॥ પરમા૦ ॥૮॥

---

(૨)

(રાગ -મરાઠી.)

નેમિ નિરંજન નાથ હમારે, ભંજન મદન રદન કહીયે; જિન રાજુલ ત્યાગી, રૂપમેં રંભા જગમેં ના લહીયે ॥ નેમિ૦ ॥ ૧॥ અવર દેવ વામા વસ કીને, ભીને કામરસે ગહીયે; તૂં અદ્દ્‌ભૂત જોદ્ધા, નામસે માર

કરમકા જર દહીયે ॥ નેમિ૦ ॥ ૨ ॥ રૈવતાચલ મંડન દુઃખ ખંડન, મંડન ધર્મ ધુરા કહીયે; તુમ દરસન કરકે, પાપકે કોટ છીનકમેં સબ ઢહીયે ॥ નેમિ૦ ॥ ૩ ॥ આતમ રંગ રંગીલા જિનવર, તુમરી ચરન સરન લહીયે; તો અલખ નિરંજન, જ્યોતિમેં જ્યોત મિલીને સંગ રહીયે ॥ નેમિ૦ ॥ ૪ ॥

"ગિરનાર મંડન શ્રી નેમિનાથ–સ્તવન."

મેં આજે દરિસણ પાયા, શ્રીનેમિનાથ જિનરાયા ॥ એ આંકણી ॥ પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુળ આયા, કર્મોકે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા, જીને તોડી જગતકી માયા ॥ જીને૦ ॥ મેં૦ ॥ ૧ ॥ રૈવતગિરિ મંડન રાયા, કલ્યાણુક તીન સોહાયા, દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરૂદ ધરાયા, તુમ બેઠે ધ્યાન

લગાયા ॥ તુમ૦ ॥ મેં૦ ॥ ૨ ॥ અબ સુનો ત્રિભુવન રાયા, મેં કર્મોંકે વશ આયા, હું ચતુર્ગતિ ભટકાયા, મેં દુઃખ અનંતે પાયા, તે ગીનતી નાહી ગણાયા ॥ તે ગીન૦ ॥ મેં૦ ॥ ૩ ॥ મેં ગર્ભાવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા, આહાર સરસ વિરસ ભુક્તાયા, એમ અશુભ કરમ ફલ પાયા, ઇણ દુઃખસે નાહીં મુકાયા ॥ ઇણ૦ ॥ મેં૦ ॥ ૪ ॥ નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મીલ આયા, મુજે ચૌટેમેં લુટ આયા, અબ સાર કરો જિનરાયા, કિસ કારણ દેર લગાયા ॥ કિસ૦ ॥ મેં૦ ॥ ૫ ॥ જિણે અંતરગતમેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા, દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા, ફિર સંસારે નહીં આયા ॥ ફિર૦ ॥ મેં૦ ॥ ૬ ॥ મેં દૂર દેશાસે આયા, પ્રભુ ચરણે શિશ નમાયા, મેં અરજ કરી સુખદાયા, તુમે અવધારો

મ્હારાયા, એમ વીરવિજય ગુણ ગાયા
॥ એમ૦ ॥ મે'૦ ॥ ૭ ॥

"શ્રી નેમિનાથ-સ્તુતિ."

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલ શ્રી સારી, પામિયા ઘાતિવારી ॥ ૧ ॥

---

(૨)

(શ્રી શત્રુંજય ગિરિ તીરથ સાર–એ દેશી.)

શ્રી ગિરનાર શિખર સિણગાર, રાજીમતિ હૈડાનો હાર, જિનવર નેમિકુમાર; પૂરણ કરૂણા રસભંડાર, ઉગાર્યાં પશુઆં એ વાર, સમુદ્રવિજય મલ્હાર; મોર કરે મધુરા કિંગાર, વિચે વિચે કોયલના ટહુકાર, સહસ ગમે સહકાર; સહસાવનમાં હુઆ અણ-

ગાર, પ્રભુજી પામ્યા કેવળ સાર, પોહોતા મુક્તિ મોઝાર ॥ ૧ ॥

" શ્રી પાર્શ્વનાથ—ચૈત્યવંદન. "

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમિયા, અહિ લંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા; કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા ॥ ૨ ॥ એકસો વર્ષનું આઉખું એ, પાલી પાસ કુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥

(૨)

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી; અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમ ગતિ પામી ॥ ૧ ॥ પ્રભુ નામે આનંદકંદ, સુખ સંપત્તિ લહિયે; પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતક સબ દહિયે ॥ ૨ ॥

ૐ હ્રાં વર્ણ જોડી કરીએ, જપીએ પા-
રસ નામ; વિષ અમૃત થઇ પરગમે, પાવે
અવિચળ ઠામ ॥ ૩ ॥

" શ્રી પાર્શ્વનાથ–સ્તવન.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ
મુજ મન ભાવી રે, મન મોહના જિનરાયા,
સુર નર કિન્નર ગુણ ગાયા રે ॥ મન૦ ॥ જે
દિનથી મુરતિ દીઠી, તે દીનથી આપદા
નીઠી રે ॥ મન૦ ॥ ૧ ॥ મટકાળું મુખ
સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે ॥ મન૦ ॥
સમતા રસ કેરાં કચોળાં, નયણાં દીઠે રંગ
રોલા રે ॥ મન૦ ॥ ૨ ॥ હાથે ન ધરે
હથિયાર, નહી જપમાલાનો પ્રચાર રે
॥ મન૦ ॥ ઉત્સંગે ન ધરે વામા, તેહથી
ઉપજે સવિ કામા રે ॥ મન૦ ॥ ૩ ॥ ન
કરે ગીત નૃત્યના ચાલા, એતો પ્રત્યક્ષ

નટના ખ્યાલા રે ॥ મન૦ ॥ ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે ॥ મન૦ ॥ ૪ ॥ એમ મૂરતિ તુજ નિરૂપાધિ, વીતરાગપણે કરી સાધી રે ॥ મન૦ ॥ કહે માનવિજય ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે ॥ મન૦ ॥ ૫ ॥

---

(૨)

પરમ પુરૂષ પરમાતમા સાહેબજી, પુરૂષાદાની પાસ હો, શિવસુખરા ભ્રમર થાસું વિનતિ સાહેબજી; અવસર પામી બોલશું -સા૦, સફળ કરો અરદાસ હો ॥ શિવ૦ ॥ ૧ ॥ દોય નંદન મોહભૂપરા-સા૦, તેણે કર્યો જગ ધમોળ હો-શિવ૦; દ્વેષ કરી રાગ કેસરી -સા૦, તેહના રાણા સોલ હો ॥ શિવ૦ ॥ ૨ ॥ મિથ્યા મહેતો આકરો-સા૦, કામ કટક સરદાર હો-શિવ૦; ત્રણ રૂપ કરી તે રમે-સા૦,

હાસ્યાદિક પરીવાર હો ॥ શિવ૦ ॥ ૩ ॥
મોહ મહીપરા જોરથી-સા૦, જગ સઘળો
કર્યો ઘેર હો-શિવ૦; હરિ હર સુર નર સહુ
નમ્યા-સા૦, જકડી કર્મની જેર હો ॥ શિવ૦
॥ ૪ ॥ ભવ સ્થિતિ ચઉગતિ ચોકમાં-સા૦,
લોક કરે પોકાર હો શિવ૦; આપ ઉદાસી
હોઈ રહ્યા-સા૦, એમ કેમ સરશે કાર હો
॥ શિવ૦ ॥ ૫ ॥ ક્ષપક શ્રેણુરી ગજઘટા સા૦,
હલકારો અરિહંત હો-શિવ૦; નાણ ખડગ
મુજ કર દીઓ-સા૦, ક્ષણમાં કરૂં અરિ
અંત હો-॥ શિવ૦ ॥ ૬ ॥ કરૂણા નયણ કટા-
ક્ષથી-સા૦, રિપુ દળ થાયે વિસરાળ હો-
શિવ૦; ખિમાવિજય જિન સંપદા-સા૦,
પ્રગટે ઝાક ઝમાળ હો ॥ શિવ૦ ॥ ૭ ॥

---

(૩)

પરમાતમ પરમેસરૂ, જગદીશ્વર જિનરાજ;
જગબંધવ જગભાણુ બલિહારી તુમ

તણી, ભવ જલધિમાંહિ જહાજ ॥ ૧ ॥
તારક વારક મોહનો, ધારક નિજ ગુણ ઋદ્ધિ;
અતિશયવંત ભદંત રૂપાળી શિવવધુ,
પરણી લહિ નિજ સિદ્ધિ ॥ ૨ ॥ જ્ઞાન
દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત;
એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા,
ગુણ તે અનંતા અનંત ॥ ૩ ॥ બત્રીસ
વર્ણ સમાય છે, એકજ શ્લોક મોઝાર, એક
વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં, કેમ કરી
થુણીએ ઉદાર ॥ ૪ ॥ તુજ ગુણ કોણ
ગણી શકે, જો પણ કેવળ હોય; આવિ-
ર્ભાવે તુજ સયલ ગુણ માહરે, પ્રચ્છન ભાવ-
થી જોય ॥ ૫ ॥ શ્રી પંચાસરા પાસજી,
અરજ કરૂં એક તુજ; આવર્ભાવથી થાય
દયાલ કૃપાનિધિ, કરૂણા કીજેજી મુજ ॥ ૬ ॥
શ્રી જિન ઉત્તમ તાહરી, આશા આધક મ-
હારાજ; પદ્મવિજય કહે એમ લહું શિવ
નગરીનું, અક્ષય અવિચલ રાજ ॥ ૭ ॥

" શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ–સ્તવન."

(રાગ–પંજાબી ઠેકાની ઠુમરી.)

મોરી સૈયાં તો પકર શંખેશ શ્યામ, કરૂણારસ ભરે તોરે નેન શ્યામ ॥ મોરી૦ ॥ એ આંચલી ॥ તુમ તો તાર ફણીંદ જગ સાચે, હમકું વિસાર ન કરૂણા ધામ ॥ મોરી૦ ॥ ૧ ॥ જાદવપતિ અરતિ તુમ કાપી, ધારિત જગત શંખેશ નામ ॥ મોરી૦ ॥ ૨ ॥ હમ તો કાલ પંચમ વસ આયે, તુમરો હી શરણ જિનેશ નામ ॥ મોરી૦ ॥ ૩ ॥ સંયમ તપ કરને શુદ્ધ શક્તિ, ન ધરૂં કર્મ ઝકોર પામ ॥ મોરી૦ ॥ ૪ ॥ આનંદ રસ પૂરણ સુખ દેખી, આનંદ પૂરણ આત્મારામ ॥ મોરી૦ ॥ ૫ ॥

"ઘોઘા મંડન શ્રી નવખંડા પાર્શ્વનાથ –સ્તવન."

ઘનઘટા [1]ભુવન રંગ છાયા, નવખંડા પાસજી પાયા,—એ આંકણી ॥ પ્રભુ કમઠ હઠીકું હઠાયા, વિષધર પરજલતી કાયા, દીલ દયા ધરાકે છોડાયા, સેવક મુખ મંત્ર જણાયા, ક્ષણમેં ધરણેંદ બનાયા ॥ ક્ષણ૦ ॥ નવ૦ ॥ ૧ ॥ મેં ઔર દેવનકું ધ્યાયા, સબ ફોગટ જનમ ગમાયા, સુનો વામા રાણીકા જાયા, કુછ પરમારથ નહીં પાયા, જ્યું કુટ્ય ઢોલ બજાયા ॥ જ્યું કુ૦ ॥ નવ૦ ॥ ૨ ॥ સુણી [2]ચામીકર ભરમાયા, મેં પીતલ હસ્તે આયા, મુજે હુવા બહુ દુઃખદાયા, કર્મોને નાચ નચાયા, ઇસવિધ મેં બહુ ખાયા ॥ ઇસ૦ ॥ નવ૦ ॥ ૩ ॥ ઘોઘા મંડન સુખદાયા, જગ બહુ ઉપકાર કરાયા, નવ૦

---

૧. શરીર. ૨ સુવર્ણ.

ખંડા નામ ધરાયા, મેં સુણુ કર શરણે આયા, ઉદ્ધાર કરો મહારાયા ॥ ઉદ્ધાર૦ ॥ નવ૦ ॥ ૪ ॥ હુવા ચતુરમાસ મુજ આયા, કિસ કારણ અબ બેઠાયા, ઘો મન વંછિત સુખદાયા, હું પ્રેમે પ્રણમું પાયા, સેવકકા કાજ સરાયા ॥ સેવ૦ ॥ નવ૦ ॥ ૫ ॥ શર યુગ નિધિ ઇંદુ કહાયા, ભલા આશ્વિન માસ સોહાયા, દીવાલી દિન જબ આયા, મેં આતમ આનંદ પાયા, એમ વીરવિજય ગુણ ગાયા ॥ એમ૦ ॥ નવ૦ ॥ ૬ ॥

" શ્રી પાર્શ્વનાથ-સ્તુતિ. "

પાસ જિણંદા, વામા નંદા, જબ ગરભે ફેલી ॥ સુપના દેખે, અર્થ વિશેષે, કહે મઘવા મલી ॥ જિનવર જાયા, સુર હુલરાયા, હુવા રમણી પ્રિયે ॥ નેમિ રાજી, ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લિયે ॥ ૧ ॥

" શ્રી મહાવીરસ્વામિ—ચૈત્યવંદન."

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો; ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥ ૧ ॥ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય ॥ બોહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વરરાય ॥ ૨ ॥ ક્ષમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત ॥ ૩ ॥

" શ્રી મહાવીરપ્રભુનું સ્તવન. "

વીરજિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું તેરા; મહેર કરી ટાલો મહારાજજી, જન્મ મરણના ફેરા ॥ હો જિનજી, અબ હું શરણે આવ્યો ॥ ૧ ॥ ગરભાવાસ તણાં દુઃખ મહોટાં, ઉંધે મસ્તક રહિયો; મળ મુત્ર માંહે લપટાણો, એહવાં દુઃખ મેં સહિયાં ॥ હો જિનજી૦ ॥ ૨ ॥ નરક નિગો-

દમાં ઉપન્યો ને ચવીયો, સૂક્ષ્મ બાદર થઇયો; વિંધાણો સુઇને અગ્ર ભાગે, માન તિહાં કિહાં રહિયો ॥ હો જિનજી૦ ॥ ૩ ॥ નરક તણી વેદના અતિ ઉલ્લસી, સહી તે જીવે બહુ; પરમાધામીને વશ પડીયો, તે જાણો તમે સહુ ॥ હો જિનજી૦ ॥ ૪ ॥ તિર્યંચ તણા ભવ કીધા ઘણેરા, વિવેક નહીંય લગાર; નિશિ દિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર ॥ હો જિનજી૦ ॥ ૫ ॥ દેવતણી ગતિ પુણ્યે હું પામ્યો, વિષયારસમાં ભીનો; વ્રત પચ્ચખ્ખાણ ઉદય નવિ આવ્યાં, તાન માન માંહે લીનો ॥ હો જિનજી૦ ॥ ૬ ॥ મનુષ્યજન્મ ને ધર્મ સામગ્રી, પામ્યો હું બહુ પુણ્યે; રાગ દ્વેષ માંહે બહુ ભળીયો, ન ટળી મમતા બુદ્ધિ ॥ હો જિનજી૦ ॥ ૭ ॥ એક કંચન ને બીજી કામિની, તેહશું મનડું બાંધું; ત્હેના ભોગ લેવાને હું શૂરો, કેમ કરી જિન ધર્મ સાધું

ના હો જિનજી૦ ॥ ૮ ॥ મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું કોક જડ જેવો; કલિકલિ કલ્પ મેં જન્મ ગમાયો, પુનરપિ પુનરપિ ત્હેવો ॥ જિનજી૦ ॥ ૯ ॥ ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, ન આવી સદ્દહણા સ્વામી; હવે વડાઈ જોઇયે તમારી, બીજમતમાંહિ છે ખામી ॥ હો જિનજી૦ ॥ ૧૦ ॥ ચાર ગતિ માંહે રડવડીયો, તોએ ન સિધ્યાં કાજ; ઋષભ કહે તારો સેવકને, બાંહે અહ્યાની લાજ ॥ હો જિનજી૦ ॥ ૧૧ ॥

---

(૨)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર; ભવ મંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવાડ ॥ સિદ્ધા૦ ॥ ૧ ॥ ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ; દાન દેયંતાં રે પ્રભુ કોસીર કિસી, આપો પદવી રે આપ ॥ સિદ્ધા૦ ॥ ૨ ॥

ચરણ અંગૂઠે રે મેરૂ કંપાવીયો, મોડ્યાં સુર-
નાં રે માન; અષ્ટ કરમનો રે ઝગડો જીતવા,
દીધાં વરસી રે દાન ॥ સિદ્ધા૦ ॥ ૩ ॥ શા-
સન નાયક શિવ સુખ દાયક, ત્રિસલા કુખે
રતન; સિદ્ધારથનો રે વંશ દીપાવિયો, પ્ર-
ભુજી તમે ધન્ય ધન્ય ॥ સિદ્ધા૦ ॥ ૪ ॥
વાચક શેખર કીર્ત્તિવિજય ગુરૂ, પામી તાસ
પસાય; ધર્મતણે રસ જિન ચોવીસમા;
વિનયવિજય ગુણ ગાય ॥ સિદ્ધા૦ ॥ ૫ ॥

(૩)

વીર જિણંદ જગત ઉપગારી, મિથ્યા
ધામ નિવારી જી; દેશના અમૃત ધારા વરસી,
પર પરિણુતિ સવિ વારી જી ॥ વીર૦ ॥ ૧ ॥
પાંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને
ચાર જી; યુગપ્રધાન સૂરીશ્વર વહશે, સુવિ-
હિત મુનિ આધાર જી ॥ વીર૦ ॥ ૨ ॥

ઉત્તમ આચારજ મુનિ અજજા, શ્રાવક શ્રા-
વિકા અચ્છ જી; લવણજલધિ માંહિ મીઠો
જળ, પીવે શૃંગી મચ્છ જી ॥ વીર૦ ॥ ૩ ॥
દશ અચ્છેરે દૂષિત ભરતે, બહુ મત ભેદ
કરાળ જી; જિન કેવળ પૂર્વધર વિરહે, ફણી
સમ પંચમ કાળ જી ॥ વીર૦ ॥ ૪ ॥ તે-
હનું ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ
તુજ બિંબ જી; નિશિદીપક પ્રવહણ જિમ
દરીએ, મરૂમાં સુરતરૂ લુંબજી ॥ વીર૦
॥ ૫ ॥ જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ
શુચિ બોધ જી; કળિકાળે પણ પ્રભુ તુજ
શાસન, વર્ત્તે છે અવિરોધ જી ॥ વીર૦
॥ ૬ ॥ મારે તો સુસમાથી દુસમો, અવ-
સર પુણ્ય નિધાન જી; ક્ષમાવિજય જિન
વીર સદાગમ, પામ્યો સિદ્ધ નિદાન જી
॥ વીર૦ ॥ ૭ ॥

(૪)

(રાગ–રામકલી.)

તેરો દરસ મન ભાયો, ચરમ જિન તેરો દરસ મન ભાયો ॥ એ આંચલી ॥ તૂં પ્રભુ કરૂણારસમય સ્વામી, ગર્ભમેં સોગ મિટાયો; ત્રિસલા માતાકો આનંદ દીનો, જ્ઞાતનંદન જગ ગાયો ॥ ચરમ૦ ॥૧॥ વરસી દાન દે રોરતા વારી, સંયમ રાજય ઉપાયો; દીન હીનતા કછુય ન તેરે, સતચિદ્ આનંદ રાયો ॥ ચરમ૦ ॥ ૨ ॥ કરૂણા મંથર નયને નિરખી, ચંડકૌશિક સુખદાયો; આનંદરસ ભર સરગ પહુંતો, ઐસા કૌન કરાયો ॥ ચરમ૦ ॥ ૩ ॥ રતન કંબલ દ્વિજવરકો દીનો, ગોશાલક ઉધ્ધરાયો; જમાલી પન્નર ભવ અંતે, મહાનંદ પદ ઠાયો ॥ ચરમ૦ ॥ ૪ ॥ મત્સરી ગૌતમકો ગણધારી, શાસન નાયક ઠાયો; તેરે અવદાત ગિનું જગ કેતે, કરૂણા સિંધુ સુહાયો ॥ ચરમ૦ ॥ ૫ ॥ હું

બાલક શરણાગત તેરો, મુજકો કયું વિસરાયો; તેરે વિરહસે હું દુઃખ પામું, કર મુજ આતમરાયો ॥ ચરમ૦ ॥ ૬ ॥

---

(૫)

રે સુન વીરજિનંદા, ચરણ શરણ લિયા તેરા ॥ સુન૦ ॥ કામ ક્રોધ મદ રાગ અજ્ઞાના, લોભ દ્વેષ મોહ ચેરા; માયા કુરાંડી મદચુત સાંડી, ઇન દીનોં મુજે ઘેરા રે ॥ સુન૦ ॥ ૧ ॥ મન વચન તનુસે કરત આકર્ષન, વામ રસ નેરા; સબ ધન દાહે અકર રોગકો, રંજિત પર ગુનકેરા રે ॥ સુન૦ ॥ ૨ ॥ સંકા કંખા ભ્રાંતિ બઢાવે, મમતા આસ ઘનેરા; અપ્રીતિ કરે છીનકમેં જનકો, દીયે ગતિ ચાર વસેરા રે ॥ સુન૦ ॥ ૩ ॥ ચારિત્રરાજકો ત્રાસ દીયે નીતુ, નિજ ગુન દાવે મેરા; સદ્આગમ સંતોષ સુરંગા, સમ્યગ્દરસન મેરા રે ॥ સુન૦ ॥ ૪ ॥ હુકમ

કરો કરે સાંનિધ મેરી, નાસે ભરમ અંધેરા; આતમ આનંદ મંગલ દીજે, હું જિન બાલક તેરા રે ॥ સુન૦ ॥ ૫ ॥

---

(૬)

(આઈ વસંત બહાર-એ દેશી.)

વીરજિનંદ કૃપાલ હો, તું મુજ મન ભાયા—એ ટેક ॥ તેરે બિન કૌન અધમ ઉદ્ધારણ, વારણ મિથ્યા જાલ હો ॥ તું મુજ૦ ॥ ૧ ॥ બચન સુધારસ તુમ જગ પ્રગટે, ગટકે ભવિજન લાલ હો ॥ તું મુજ૦ ॥ ૨ ॥ આતમ આનંદરસ ભર લીનો, અજર અમર અકાલ હો ॥ તું મુજ૦ ॥ ૩ ॥

---

(૭)

બલીહારી જાઉં વારી, મહાવીર તોરી સમોસરણકી બલીહારી-એ આંકણી ॥ ત્રણ ગઢ ઉપર તખત બીરાજે, બેઠી છે પર્ષદા

ભારી ॥ મહાવીર૦ ॥ ૧ ॥ વાણી જોજન સહુ કોઈ સાંભળે, તાર્યાં છે નર ને નારી ॥ મહાવીર૦ ॥ ૨ ॥ આનંદઘન પ્રભુ એણી પેરે બોલે, આવા તે ગમન નિવારી ॥ મહાવીર૦ ॥ ૩ ॥

"ઓસીયાનગરી-શ્રીવીરજિન-સ્તવન."

મહાવીરજી મુજરો લીજે, સેવકકું શરણા દીજે ॥ આંકણી ॥ તું નિષ્કારણ ઉપગારી, ચંદનબાલાકું તારી; ઐસી નજર પ્રભુ કીજે ॥ સેવકકું શરણા દીજે ॥ મહા૦ ॥ ૧ ॥ ચંડકોસિયો કર્મસે ભારી, કીયો સ્વર્ગ તણો અધિકારી; યું બાંહ પકર કર લીજે ॥ સેવક૦ ॥ ૨ ॥ સંગમપે કરૂણા કીની, ઉપસર્ગમેં દૃષ્ટિ ન દીની; પ્રભુ તારીફ કેતી કીજે ॥ સેવક૦ ॥ ૩ ॥ તું ઓસીયા મંડન સ્વામી, પૂન્યે પ્રભુ દરશન પામી; કહે વીરવિજય સંગ લીજે ॥ સેવક૦ ॥ ૪ ॥

"શ્રી વીરપ્રભુનું દીવાળીનું સ્તવન."

મારગ દેશક મોક્ષનો રે, કેવળજ્ઞાન નિધાન; ભાવદયા સાગર પ્રભુ રે, પર ઉપગારી પ્રધાનો રે ॥ ૧ ॥ વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકળ આધારો રે; હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે ॥ વીર૦ ॥ ૨ ॥ નાથ વિહુણું સૈન્ય જ્યું રે, વીર વિહુણા રે જીવ; સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગો રે ॥ વીર૦ ॥ ૩ ॥ માત વિહુણો બાલ જ્યું રે, અરહો પરહો અથડાય; વીર વિહુણા જીવડા રે, આકુળ વ્યાકુળ થાય રે ॥ વીર૦ ॥ ૪ ॥ સંશય છેદક વારનો રે, વિરહ તે કેમ ખમાય; જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે ॥ વીર૦ ॥ ૫ ॥ નિર્યામક ભવ સમુદ્રનો રે, ભવ અટવી સત્થવાહ; તે પરમેશ્વર વિણ મળ્યે રે, કેમ વાધે ઉત્સાહો રે ॥ વીર૦ ॥ ૬ ॥ વીર થકાં પણ શ્રુત તણો રે, હતો પરમ આધાર;

હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિન-મુદ્રા સારો રે ॥ વીર૦ ॥ ૭ ॥ ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી આણંદ; સેવો ધ્યાવો ભવિજના રે, જિન પડિમા સુખ-કંદો રે ॥ વીર૦ ॥ ૮ ॥ ગણધર આચા-રજ મુનિ રે, સહુને એણી પરે સિદ્ધિ; ભ૦ ભવ આગમ સંગથી રે, દેવચંદ પદ લીધ રે ॥ વીર૦ ॥ ૯ ॥

" શ્રી દીવાળીનું સ્તવન. "

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારી રે; ગૌતમ પમુહા ગણધારી ॥ સનેહી વીરજી જયકારી રે ॥ ૧ ॥ અં-તરંગ રિપુને ત્રાસે રે, તપ કોપાટોપે વારે રે; લહ્યું કેવળનાણ ઉલ્લાસે ॥ સનેહી૦ ॥ ૨ ॥ કદિલંકે વાદ વદાય રે, પણ જિ૦ સાથે ન ઘટાય રે; તેણે હરિ લંછન પ્રભુ

પાય ॥ સનેહી૦ ॥ ૩ ॥ સવિ સુરવહુ થેઈ થેઈકારા રે, જળ પંકજની પરે ન્યારા રે; તજી તૃષ્ણા ભોગવિકારા ॥ સનેહી૦ ॥ ૪ ॥ પ્રભુ દેશના અમૃત ધારા રે, જિનધર્મ વિષે રથકારા રે; જેણે તાર્યા મેઘકુમારા ॥ સનેહી૦ ॥ ૫ ॥ ગૌતમને કેવળ આલી રે, વર્યા સ્વાતિએ શિવ વરમાલી રે; કરે ઉત્તમ લોક દીવાલી ॥ સનેહી૦ ॥ ૬ ॥ અંતરંગ અ-લચ્છી નિવારી રે, શુભ સજજનને ઉપગારી રે; કહે વીરવિભુ હિતકારી ॥ સનેહી૦ ॥ ૭ ॥

" શ્રી મહાવીરસ્વામિ–સ્તુતિ. "

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા ॥ લંછન મૃગ ઇંદા; જાસ પાયે સોહંદા ॥ સુર નરવર ઇંદા, નિત્ય સેવા કરંદા ॥ ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥ ૧ ॥

---

(૨)

કનકસમશરીરં, પ્રાપ્તસંસારતીરં, કુમતઘનસમીરં, ક્રોધદાવાગ્નિનીરમ્; જલધિજલગભીરં, દંભભૂસારસીરં, સુરગિરિસમધીરં, સ્તૌમિ ભક્ત્યા ચ વીરમ્ ॥ ૧ ॥

" શ્રી સમેતશિખરજીનું સ્તવન. "

(વીરકુંવરની વાતડી–એ રાગ)

સમેત શિખરની જાતરા નિત્ય કરીયે, નિત્ય કરીયે રે નિત્ય કરીયે; નિત્ય કરીયે તો દુરિત નાહરીયે, તરીયે સંસાર ॥ સમેત૦ ॥ ૧ ॥ શિવ વહુ વરવા આવીયા મન રંગે, વીશ જિનવર અતિ ઉછરંગે, ગિરિ ચડીયા ચડતે રંગે, કરવા નિજ કાજ ॥ સમેત૦ ॥ ૨ ॥ અજિતાદિ વીશ જિનેશ્વરા વીશ ટુંકે, કીધું અણુસણ કીરિયા ન ચુકે; ધ્યાન શુક્લ હૃદયથી ન મુકે, પાયા પદ નિરવાણ ॥ સમેત૦

॥ ૩ ॥ શિવ સુખ ભોગી તે થયા જિન-રાયા, ભાંગે સાદિ અનંત કહાયા; પર પુદ્-ગલ સંગ છોડાયા. ધન્ય ધન્ય જિનરાય ॥ સમેત૦ ॥ ૪ ॥ તારણ તીરથ તેહથી તે કહીયે, નિત્ય તેહની છાયામાં રહીયે; રહીયે તો સુખીયા થઇએ, બીજું શરણ ન કોય ॥ સમેત૦ ॥ ૫ ॥ ઓગણીસેં આસડ માઘની વદી જાણો, ચતુર્દશી શ્રેષ્ઠ વખાણો; હુમે ભેટયો તીરથનો રાણો, રંગે ગુરૂવારે ॥ સમેત૦ ॥ ૬ ॥ ઉત્તમ તીરથ જાતરા જે કરશે, વલી જિન આજ્ઞા શિર ધરશે; કહે વીરવિજય તે વરશે, મંગલ શિવમાળ ॥ સમેત૦ ॥ ૭ ॥

"સિદ્ધ સ્વરૂપ દર્શક—પૂજા."

સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા, અનેહો મારા વ્હાલા રે ॥ સિદ્ધિએ નમો૦ ॥ વર્ણાદિક

ચઉ અળગા કીધા, ષટ્ સંઠાણ નહીં પર-
સિદ્ધા; એતો સાદિ અનંત સ્થિતિ સિદ્ધા રે
॥ સિદ્ધિ૦ ॥ ૧ ॥ ચિદ્દ અવગાહનમાં જે
ઠાયા, દેહાતીત તે સિદ્ધ કહાયા; એતો
ચિદાનંદ લય પાયા રે ॥ સિદ્ધિ૦ ॥ ૨ ॥
અનંત જ્ઞાન દરશન સોહાયા, અવ્યાબાધ
સુખે વળી ઠાયા; એતો ખાયક સમકિત
પાયા રે ॥ સિદ્ધિ૦ ॥ ૩ ॥ એક સમય સગ
રાજ સધાયા, લોક શિખર ફરસીને ઠાયા;
એતો અજ અવિનાશી કહાયા રે ॥ સિદ્ધિ૦
॥ ૪ ॥ અરૂપી અક્ષયસ્થિતિ જાસ વખાણી,
અગુરૂલઘુ અવગાહના જાણી; એતો અનંત
વીરજની ખાણી રે ॥ સિદ્ધિ૦ ॥ ૫ ॥
આપ સ્વરૂપે જેહ સરૂપી, પુદ્દગલ ત્યાગે
વરતે અરૂપી; એતો નહિ નહિ રૂપારૂપી રે
॥ સિદ્ધિ૦ ॥ ૬ ॥ સકલ સુરાસુર સુખ
સમુદાયા, તેહથી અનંતગુણું સુખ જે પાયા;
એતો વચનાતીત કહાયા રે ॥ સિદ્ધિ૦ ॥
॥ ૭ ॥ સિદ્ધ નિરંજનના ગુણ ગાવો,

પરમાનંદ મહોદય પાવો; થિર તન મન કરીને ધ્યાવો રે ॥ સિદ્ધિ૦ ॥ ૮ ॥ રૂપવિજય કહે સિદ્ધનું ધ્યાન, ધ્યાઇયે તત્પર થઇ એકતાન; તે હોયે સિદ્ધ ભગવાન રે ॥ સિદ્ધિ૦ ॥ ૯ ॥

"શ્રી જિન નવ અંગ-પૂજના"

(દુહા)

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત; ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજળ અંત ॥ ૧ ॥ જાનુ બલે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ; ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥ ૨ ॥ લોકાંતિક વચને કરી, વરસ્યાં વરસીદાન; કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥ ૩ ॥ માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત; ભૂજા બલે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત ॥ ૪ ॥ સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત; વસિયા તિણે

કારણ ભવી, શિર શિખા પૂજંત ॥ ૫ ॥ તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત; ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત ॥ ૬ ॥ સોળ પહોર પ્રભુ દેશના, કંઠ વિવર વર્તુલ; મધુર ધ્વનિ સુર નર સુણે, તેણે ગળે તિલક અમૂલ ॥ ૭ ॥ હૃદય કમળ ઉપશમ બળે, બાલ્યા રાગ ને રોષ; હિમ દહે વનખંડને; હૃદય તિલક સંતોષ ॥ ૮ ॥ રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ; નાભિકમળની પૂજના, કરતાં અવિચળ ધામ ॥ ૯ ॥ ઉપદેશક નવતત્ત્વના, તિણે નવ અંગ જિણંદ; પૂજો બહુવિધ રાગશું, કહે શુભ વીર મુ-ણિંદ ॥ ૧૦ ॥

ઇતિ શ્રી સિદ્ધાચળ મહાતીર્થ સ્તવનાવળી

સંપૂર્ણ.

